GJJN210010472017

Received on: 23/06/2016
Registered on: : 23/06/2016
Decided on: : 07/05/2026
Duration: : **09YY 11MM 01DD**

FORM – A

IN THE COURT OF 2nd Addi. DISTRICT & SESSIONS JUDGE Keshod.

Present:
2nd Addi. Sessions Judge, keshod.

DATE OF JUDGMENT:07/05/2026

A.C.B. CASE NO.04/2017

ACB JUNAGADH POLICE STATION FIR NO. 03/2006

Complainant	The State of Gujarat
Represented by	Ld. Ad. P. P Mr. D.C.Thakar
Accused	RAMNIKBHAI ARJANBHAI KALOLA, AGE ABOUT-33 OCCUPATION, RE- NEAR RELVE STATION MADHAVNAGAR MALIA
Represented by	Mr. R.R. TRIVEDI Advocate for the accused

FORM - B

Date of Offence	06/01/2006
Date of FIR	10/01/2006
Date of Charge-sheet	24/08/2006

Date of Charge framing	18/02/2014
Date of commencement of evidence	05/04/2016
Date on which Judgment is reserved --	07/05/2026
Date of the Judgment	07/05/2026
Date of the Sentencing Order, if any	--

Rank	Name of the accused	Date of Arrest	Date of Release on bail	Offences charged with	Whether acquitted or convict	sentence imposed	Period of detention undergo
1	RAMNIKBHAI ARJANBHAI KALOLA,	-	-	ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ-૭, ૧૩, (૧)(૩) તથા ૧૩(૨)		-	-

FORM – C

LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES

A. Prosecution

Rank	Ex.	Name	Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness, Panch Witness, Other Witness)
PW-1	૪૯	ફરીયાદી કેસુરભાઇ લાખાભાઇ સીસોદીયા	ફરીયાદી

PW−2	૭૦	યુસુફભાઇ વલી મહમદ શેખ	પંચ સાહેદ
PW−3	૮૩	કિરીટકુમાર કરશનભાઇ ભુતૈયા	પોલીસ સાહેદ/ટ્રેપ અધિકારી
PW−4	૯૮	કાળુભાઇ ટપુભાઇ માંજરીયા	ત.ક.અમલદાર
PW−5	૧૧૧	દિનેશચંદ્ર નટવરલાલ મોદી	સાહેદ
PW−6	૧૧૬	દશરથસિંહ બહાદુરસિંહ ઝાલા	ત.ક.અમલદાર

B. Defence witnesses, if any:

Rank	Name	Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness, Panch Witness, Other Witness)
DW-	-	-

C. Court witnesses, if any:

Rank	Name	Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness, Panch Witness, Other Witness)
CW-	-	-

LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS

A. Prosecution:

Sr. No.	Exhibit Number	Description

(સ્પેશ્યલ) એ.સી.બી. કેસ નં.૦૪/૨૦૧૭
(જૂનો એ.સી.બી.કેસ નં.૧૦/૨૦૦૬)

1	૫૦	ફરીયાદ
2	૫૧	હક્કપત્રકની નોંધ દાખલ કરવાની અરજી
3	૫૨	રેકર્ડ માહિતી આપવા બાબતના લખેલ પત્ર
4	૫૩	વારસાઇ અંગેના પત્રક
5	૫૪	વારસાઇ હક્ક દાખલ કરવાની હક્કપત્રકે નોંધ દાખલ કરવાની અરજી
6	૫૫	મરણ જનાર લાખાભાઈનું મરણનુ પ્રમાણપત્ર
7	૫૬	ગામ નમુના નં. ૮
8	૫૭	ફરીયાદીનું સોગંદનામું
9	૫૮	પંચ રોજકામ
10	૫૯	ગામ નમુના નં. ૬ હક્કપત્રક
11	૬૦	જમીન મહુસુલ કાયદાની કલમ–૧૩૫(ડી) મુજબની નોટિસ
12	૬૧	ગામ નમુના નં. ૧૧ તાળા પત્રક
13	૭૧	લાંચના છટકા બાબતનું પંચનામુ
14	૭૩	લાંચના છટકા બાબતનું પંચનામુ
15	૭૪	સીઝર મેમો
16	૭૫	માર્ક–એની પંચ સ્લીપ
17	૭૬	માર્ક–ડીની પંચ સ્લીપ
18	૭૭	માર્ક–ઇની પંચ સ્લીપ
19	૮૪	બે સરકારી કર્મચારીઓને એ.સી.બી.ની ગુપ્ત કામગીરી માટે પંચ તરીકે ફાળવવા બાબતે લખેલ પત્ર
20	૮૫	બે સરકારી કર્મચારીઓને એ.સી.બી.ની ગુપ્ત કામગીરી માટે પંચ તરીકે ફાળવવા બાબતે લખેલ પત્ર
21	૮૬	ગુનો દાખલ કર્યા બાદ વરધી આપવાની વિગત બાબતે લખેલ પત્ર
22	૮૭	એફ.એસ.એલ. જુનાગઢને મુદ્દામાલનુ પૃથ્થકરણ કરી, અભિપ્રાય આપવા બાબતે લખેલ પત્ર
23	૮૮	મુદ્દામાલ રવાનગી નોંધ
24	૮૯	એફ.એસ.એલ. જુનાગઢને મળેલ મુદ્દામાલની આપેલ પહોંચ
25	૯૦	કેસ કાગળ અને કેસ ડાયરી સંભાળવા બાબતે લખેલ પત્ર

26	૯૧	એફ.એસ.એલ. જુનાગઢને મુદ્દામાલ પરત સોંપી આપવા બાબતે લખેલ પત્ર
27	૯૨	એફ.એસ.એલ. જુનાગઢને મુદ્દામાલ પૃથ્થકરણ રીપોર્ટ સાથેનો પત્ર
28	૯૩	એફ.એસ.એલ. જુનાગઢના મદ્દામાલ પૃથ્થકરણ રીપોર્ટ
29	૯૪	એફ.એસ.એલ. જુનાગઢના મદ્દામાલ પૃથ્થકરણ રીપોર્ટ
30	૯૯	આરોપીની માહિતી મળવા બાબતે લખેલ પત્ર
31	૧૦૦	આરોપીની માહિતી મળવા બાબતે લખેલ પત્ર
32	૧૦૧	ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ મોકલવા બાબતે લખેલ પત્ર
33	૧૦૨	ગુનાનો પ્લાન ઓફ ઇનવેસ્ટીગેશન રીપોર્ટ બાબતે લખેલ પત્ર
34	૧૦૩	આરોપીને કેસ બાબતેની જાણખ કરતા લખેલ પત્ર
35	૧૦૪	આરોપીને ફરજ મોકુફીનો કાર્યાલય આદેશ
36	૧૦૫	આરોપીને કેસ બાબતની જાણ કરતો લખેલ પત્ર
37	૧૦૬	આરોપીની માહિતી આપવા બાબત લખેલ પત્ર
38	૧૦૭	આરોપીની નિમણુંકનો કાર્યાલય આદેશ
39	૧૦૮	આરોપીની બદલીનો આદેશ
40	૧૦૯	આરોપીની સર્વિસબુકના ઉતારાની નકલ
41	૧૧૨	પ્રોસીકયુશનની મંજુર અંગેનો લખેલ પત્ર
42	૧૧૩	પ્રોસીકયુશનની મંજુરી માટેનો હુકમ
43	૧૧૪	તપાસની પુર્તતા અહેવાલ અંગે લખેલ પત્ર
44	૧૧૫	પ્રોસીકયુશનની મંજુરીનો હુકમ મળી ગયાની આપેલ પહોંચ
45	૧૧૭	આરોપીના કેસ બાબતે લખેલ પત્ર
46	૧૧૮	આરોપીના કેસ બાબતે લખેલ પત્ર
47	૧૧૯	તપાસ સંભાળવા બાબતે લખેલ પત્ર
48	૧૨૦	તપાસની પુર્તતા કરવા બાબતે લખેલ પત્ર
49	૧૨૧	આરોપીના કેસ બાબતે લખેલ પત્ર
50	૧૨૨	પુર્તતા કરવા બાબતે લખેલ પત્ર
51	૧૨૩	પુર્તતા કરવા બાબતે લખેલ પત્ર
52	૧૨૪	પ્રોસીકયુશનની મંજુરી અંગેની દરખાસ્ત બાબતે લખેલ પત્ર

B. Defence :

Sr.No.	Exhibit Number	Description
1	૧૨૮	હક્કપત્રકે નોંધ દાખલ કરવા અંગેની અરજીની ખરી નકલ
2	૧૨૯	લાખાભાઇ ખીમાણંદભાઇનં મરણનું પત્રમાણપત્રની ખરી નકલ
3	૧૩૦	ગામ નમુનો નં. ૮–અની ખરી નકલ
4	૧૩૧	જેઠસુરભાઇ લાખાભાઇ સીસોદીયાના સોગંદનામાની ખરી નકલ
5	૧૩૨	પંચોના રોજકામની ખરી નકલ
6	૧૩૩	રજીસ્ટરના ઉતારાની ખરી નકલ
7	૧૩૪	રેકર્ડ માહીતી આપવા બાબતેની અરજીની ખરી નકલ
8	૧૩૫	રેકર્ડ માહીતી આપવા બાબતેની અરજીની ખરી નકલ
9	૧૩૬	રેકર્ડ માહીતી આપવા બાબતેની અરજી
10	૧૩૭	ગામ નમુના નં.૮–અ
11	૧૩૮	જેઠસુરભાઇ લાખાભાઇ સીસોદીયાના સોગંદનામાની ખરી નકલ
12	૧૩૯	પંચોના રોજકામની ખરી નકલ
13	૧૪૦	જુનાગઢ એસીબી કચેરીને મોકલેલ કવર
14	૧૪૧	જમીન મહેસુલની કા. ક ૧૩૫ડી. મુજબની નોટીસ
15	૧૪૨	ગામ નમુના નં. ૬ હક્ક પત્રક
16	૧૪૩	ચલણ
17	૧૪૪	વેરાની પહોંચ

C. Court Exhibits list if any:

Sr.No.	Exhibit Number	Description
1	Exhibit C-1/CW 1	--

D. Material Objects:

Sr.No.	Material Object Number	Description
1	MO-	--

–:: ચુકાદો ::–

(૧) આ કામના આરોપી વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ–૭, ૧૩, (૧)(૩) તથા ૧૩(૨) મુજબનું ચાર્જશીટ કેશોદ પોલીસ સ્ટેશન તરફથી રજૂ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી તા.૬/૧/૨૦૦૬ ના અરસામાં માળીયા હાટીના ગામના તલાટી ક્મ મંત્રી તરીકે વર્ગ–૩ તરીકે રાજય સેવકનો હોદ્દો ધરાવતા હોય, અને ફરજ બજાવતા હોય, જેઓએ આ કામના ફરિયાદી જેઠસુરભાઈ લાખાભાઈ સીસોદીયા પાસેથી તેમની વારસાઈ એન્ટ્રીની અરજીના કામ સબંધે રૂપીયા ૨૫૦ ની માગણી કરતા, ફરિયાદીએ તા.૬/૧/૨૦૦૬ નારોજ એ. સી. બી. પોલીસ સ્ટેશન, જુનાગઢ આવી, શ્રી કે. કે. ભુતૈયા, પોલીસ ઈન્સ્પેકટર, એ. સી. બી., જુનાગઢ રૂબરૂ ફરિયાદ આપતા, જે આધારે પોલીસ ઈન્સ્પેકટર, એ. સી. બી., જુનાગઢે બે સરકારી પંચો બોલાવી, તા.૭/૧/૨૦૦૬ નારોજ આરોપીની ઓફિસે માળીયા હાટીના ગામે લાંચનું છટકુ ગોઠવતા, આરોપીની ઓફિસ આખો દિવસ બંધ રહેલ, અને આક્ષેપિત ન મળતા, આ લાંચનું છટકુ મુલત્વી રાખવામાં આવેલું. બાદ તા. ૧૦/૧/૨૦૦૬ નારોજ ફરિયાદીએ એ. સી. બી. પોલીસ સ્ટેશને આવી, શ્રી કે. કે. ભુતૈયા, પોલીસ ઈન્સ્પેકટર, જુનાગઢ રૂબરૂ વિશેષ ફરિયાદ આરોપી વિરૂધ્ધ આપતા, ઉપરોકત પંચો સાથે ફરિયાદી અને એ. સી. બી.ના સ્ટાફ સાથે આરોપીની કચેરીએ માળીયા હાટીના સ્થળે તા.૧૦/૧/૨૦૦૬ ના રોજ લાંચના છટકાનું આયોજન કલાક ૧૨–૦૫ વાગ્યે આરોપી ફરિયાદી પાસેથી પંચ નં. ૧ની હાજરીમાં વાતચિત કરી, માગણી કરી, લાંચની મુદાની રકમ રૂા.૨૫૦/– સ્વીકારી, તેમણે પહેરેલ શર્ટના ખિસ્સામાં મુકી દીધેલ, અને ફરિયાદીના સુચિત ઈશારે પંચ નં.૨નાએ એ. સી. બી. સ્ટાફના માણસો સાથે ટ્રેપ અધિકારી સાથે શ્રી ભુતૈયાએ રેઈડ કરતા, આરોપી પોતાના અંગત ફાયદા માટે

પોતાના હોદ્દાનો દુરૂપયોગ કરી, પોતાના અંગત લાભ માટે લાંચની રકમ સ્વીકારી, બનાવ સબંધે ફરીયાદીની ફરીયાદ આધારે એ.સી.બી. જુનાગઢ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૦૩/૨૦૦૬ થી ગુનો દાખલ થયેલ અને તપાસના અંતે તપાસનીસ અધિકારીએ એડિશ્નલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ અને સેશન્સ કોર્ટ, વેરાવળમાં ચાર્જશીટ ફાઇલ કરેલ જે એ.સી.બી. કેસ. નં.૧૦/૨૦૦૬ થી રજીસ્ટર કરવામાં આવેલ. ત્યારબાદ સદર કેસ મુખ્ય ડીસ્ટ્રીક્ટ કોર્ટ, જૂનાગઢ માંથી ગીરસોમનાથ જિલ્લો અલગ થતા સદરહું કેસ ટ્રાન્સફર થઇ આવેલ અને ત્યાંથી અત્રે કેશોદ મુકામેની એડી. ડીસ્ટ્રીકટ કોર્ટમાં ટ્રાન્સફર થઇ આવતા તે અત્રેની કોર્ટમાં સ્પે. એ.સી.બી. કેસ નં.૦૪/૨૦૧૭ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને આ કામની ઇન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) આ કામના આરોપી વિરુદ્ધ તા. ૧૮/૦૨/૨૦૧૪ના રોજ આંક–૩૮થી મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ–૭, ૧૩, (૧)(૩) તથા ૧૩(૨) મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી, આંક–૩૯થી જવાબ લેતાં, આરોપીએ ગુનો કબુલ કરેલ નથી અને કેસ આગળ ચલાવવા માંગે છે તેમ જણાવેલ છે, જેથી ફરિયાદપક્ષે કેસ કાર્યવાહી આગળ ચલાવી, નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો નોંધેલ છે.

(અ) **<u>ફરિયાદક્ષે મૌખિક પુરાવો:–</u>**

અ. નં.	સાહેદનું નામ	આંક
(૧)	ફરીયાદી કેસુરભાઇ લાખાભાઇ સીસોદીયા	૪૯
(૨)	પંચ સાહેદ યુસુફભાઇ વલી મહમદ શેખ	૭૦
(૩)	પોલીસ સાહેદ/ટ્રેપ અધિકારી કિરીટકુમાર કરશનભાઇ ભુતૈયા	૮૩
(૪)	ત.ક.અમલદાર કાળુભાઇ ટપુભાઇ માંજરીયા	૯૮
(૫)	સાહેદ દિનેશચંદ્ર નટવરલાલ મોદી	૧૧૧
(૬)	ત.ક.અમલદાર દશરથસિંહ બહાદુરસિંહ ઝાલા	૧૧૬

(બ) **<u>ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવો:–</u>**

અ. નં.	દસ્તાવેજની વિગત	આંક

(૧)	ફરીયાદ	૫૦
(૨)	હક્કપત્રકની નોંધ દાખલ કરવાની અરજી	૫૧
(૩)	રેકર્ડ માહિતી આપવા બાબતના લખેલ પત્ર	૫૨
(૪)	વારસાઇ અંગેના પત્રક	૫૩
(૫)	વારસાઇ હક્ક દાખલ કરવાની હક્કપત્રકે નોંધ દાખલ કરવાની અરજી	૫૪
(૬)	મરણ જનાર લાખાભાઈનું મરણનુ પ્રમાણપત્ર	૫૫
(૭)	ગામ નમુના નં. ૮	૫૬
(૮)	ફરીયાદીનું સોગંદનામું	૫૭
(૯)	પંચ રોજકામ	૫૮
(૧૦)	ગામ નમુના નં. ૬ હક્કપત્રક	૫૯
(૧૧)	જમીન મહુસુલ કાયદાની કલમ–૧૩૫(ડી) મુજબની નોટિસ	૬૦
(૧૨)	ગામ નમુના નં. ૧૧ તાળા પત્રક	૬૧
(૧૩)	લાંચના છટકા બાબતનું પંચનામુ	૭૧
(૧૪)	લાંચના છટકા બાબતનું પંચનામુ	૭૩
(૧૫)	સીઝર મેમો	૭૪
(૧૬)	માર્ક–એની પંચ સ્લીપ	૭૫
(૧૭)	માર્ક–ડીની પંચ સ્લીપ	૭૬
(૧૮)	માર્ક–ઇની પંચ સ્લીપ	૭૭
(૧૯)	બે સરકારી કર્મચારીઓને એ.સી.બી.ની ગુપ્ત કામગીરી માટે પંચ તરીકે ફાળવવા બાબતે લખેલ પત્ર	૮૪
(૨૦)	બે સરકારી કર્મચારીઓને એ.સી.બી.ની ગુપ્ત કામગીરી માટે પંચ તરીકે ફાળવવા બાબતે લખેલ પત્ર	૮૫
(૨૧)	ગુનો દાખલ કર્યા બાદ વરધી આપવાની વિગત બાબતે લખેલ પત્ર	૮૬
(૨૨)	એફ.એસ.એલ. જુનાગઢને મુદ્દામાલનુ પૃથ્થકરણ કરી, અભિપ્રાય આપવા બાબતે લખેલ પત્ર	૮૭
(૨૩)	મુદ્દામાલ રવાનગી નોંધ	૮૮
(૨૪)	એફ.એસ.એલ. જુનાગઢને મળેલ મુદ્દામાલની આપેલ	૮૯

	પહોંચ	
(૨૫)	કેસ કાગળ અને કેસ ડાયરી સંભાળવા બાબતે લખેલ પત્ર	૯૦
(૨૬)	એફ.એસ.એલ. જુનાગઢને મુદ્ધામાલ પરત સોંપી આપવા બાબતે લખેલ પત્ર	૯૧
(૨૭)	એફ.એસ.એલ. જુનાગઢને મુદ્ધામાલ પૃથ્થકરણ રીપોર્ટ સાથેનો પત્ર	૯૨
(૨૮)	એફ.એસ.એલ. જુનાગઢના મદ્ધામાલ પૃથ્થકરણ રીપોર્ટ	૯૩
(૨૯)	એફ.એસ.એલ. જુનાગઢના મદ્ધામાલ પૃથ્થકરણ રીપોર્ટ	૯૪
(૩૦)	આરોપીની માહિતી મળવા બાબતે લખેલ પત્ર	૯૯
(૩૧)	આરોપીની માહિતી મળવા બાબતે લખેલ પત્ર	૧૦૦
(૩૨)	ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ મોકલવા બાબતે લખેલ પત્ર	૧૦૧
(૩૩)	ગુનાનો પ્લાન ઓફ ઇનવેસ્ટીગેશન રીપોર્ટ બાબતે લખેલ પત્ર	૧૦૨
(૩૪)	આરોપીને કેસ બાબતેની જાણખ કરતા લખેલ પત્ર	૧૦૩
(૩૫)	આરોપીને ફરજ મોકુફીનો કાર્યાલય આદેશ	૧૦૪
(૩૬)	આરોપીને કેસ બાબતની જાણ કરતો લખેલ પત્ર	૧૦૫
(૩૭)	આરોપીની માહિતી આપવા બાબત લખેલ પત્ર	૧૦૬
(૩૮)	આરોપીની નિમણુંકનો કાર્યાલય આદેશ	૧૦૭
(૩૯)	આરોપીની બદલીનો આદેશ	૧૦૮
(૪૦)	આરોપીની સર્વિસબુકના ઉતારાની નકલ	૧૦૯
(૪૧)	પ્રોસીકયુશનની મંજુર અંગેનો લખેલ પત્ર	૧૧૨
(૪૨)	પ્રોસીકયુશનની મંજુરી માટેનો હુકમ	૧૧૩
(૪૩)	તપાસની પુર્તતા અહેવાલ અંગે લખેલ પત્ર	૧૧૪
(૪૪)	પ્રોસીકયુશનની મંજુરીનો હુકમ મળી ગયાની આપેલ પહોંચ	૧૧૫
(૪૫)	આરોપીના કેસ બાબતે લખેલ પત્ર	૧૧૭
(૪૬)	આરોપીના કેસ બાબતે લખેલ પત્ર	૧૧૮
(૪૭)	તપાસ સંભાળવા બાબતે લખેલ પત્ર	૧૧૯
(૪૮)	તપાસની પુર્તતા કરવા બાબતે લખેલ પત્ર	૧૨૦

(૪૯)	આરોપીના કેસ બાબતે લખેલ પત્ર	૧૨૧
(૫૦)	પુર્તતા કરવા બાબતે લખેલ પત્ર	૧૨૨
(૫૧)	પુર્તતા કરવા બાબતે લખેલ પત્ર	૧૨૩
(૫૨)	પ્રોસીકયુશનની મંજુરી અંગેની દરખાસ્ત બાબતે લખેલ પત્ર	૧૨૪

આરોપી પક્ષે દસ્તાવેજી પુરાવો:–

અ. નં.	દસ્તાવેજની વિગત	આંક
(૧)	હક્કપત્રકે નોંધ દાખલ કરવા અંગેની અરજીની ખરી નકલ	૧૨૮
(૨)	લાખાભાઇ ખીમાણંદભાઇનં મરણનું પત્રમાણપત્રની ખરી નકલ	૧૨૯
(૩)	ગામ નમુનો નં. ૮–અની ખરી નકલ	૧૩૦
(૪)	જેઠસુરભાઇ લાખાભાઇ સીસોદીયાના સોગંદનામાની ખરી નકલ	૧૩૧
(૫)	પંચોના રોજકામની ખરી નકલ	૧૩૨
(૬)	રજીસ્ટરના ઉતારાની ખરી નકલ	૧૩૩
(૭)	રેકર્ડ માહીતી આપવા બાબતેની અરજીની ખરી નકલ	૧૩૪
(૮)	રેકર્ડ માહીતી આપવા બાબતેની અરજીની ખરી નકલ	૧૩૫
(૯)	રેકર્ડ માહીતી આપવા બાબતેની અરજી	૧૩૬
(૧૦)	ગામ નમુના નં.૮–અ	૧૩૭
(૧૧)	જેઠસુરભાઇ લાખાભાઇ સીસોદીયાના સોગંદનામાની ખરી નકલ	૧૩૮
(૧૨)	પંચોના રોજકામની ખરી નકલ	૧૩૯
(૧૩)	જુનાગઢ એસીબી કચેરીને મોકલેલ કવર	૧૪૦
(૧૪)	જમીન મહેસુલની કા. ક ૧૩૫ડી. મુજબની નોટીસ	૧૪૧
(૧૫)	ગામ નમુના નં. ૬ હક્ક પત્રક	૧૪૨
(૧૬)	ચલણ	૧૪૩
(૧૭)	વેરાની પહોંચ	૧૪૪

આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી કે મૌખિક

પુરાવો તપાસેલ નથી. ફરિયાદપક્ષ તરફથી પોતાનો પુરાવો પુરો થયાની પુરસીસ આંક–૧૨૫ થી રજૂ કરેલ છે.

(૪) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં, આરોપીનું ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ મુજબનો વધારાનો જવાબ લેવામાં આવેલ છે, જેમાં પણ આરોપીએ ફરિયાદપક્ષનો પુરાવો મુખ્યત્વે ખોટો હોવાનું જણાવી તેઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) સરકાર તરફે વિ. એડી.પી.પી. શ્રીએ આરોપી વિરુદ્ધ ફરમાવેલ તહોમત મુજબનો ગુનો નિશંકપણે પુરવાર થતો હોય તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૬) ઉપરોકત હકીકતો જોતાં, મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપી તા.૬/૧/૨૦૦૬ ના અરસામાં માળીયા હાટીના ગામના તલાટી ક્રમ મંત્રી તરીકે વર્ગ–૩ તરીકે રાજય સેવકનો હોદ્દો ધરાવતા હોય, અને ફરજ બજાવતા હોય, જેઓએ આ કામના ફરિયાદી જેઠસુરભાઈ લાખાભાઈ સીસોદીયા પાસેથી તેમની વારસાઈ એન્ટ્રીની અરજીના કામ સબંધે રૂપીયા ૨૫૦ ની માગણી કરતા, ફરિયાદીએ તા.૬/૧/૨૦૦૬ નારોજ એ. સી. બી. પોલીસ સ્ટેશન, જુનાગઢ આવી, શ્રી કે. કે. ભુતૈયા, પોલીસ ઈન્સ્પેકટર, એ. સી. બી., જુનાગઢ રૂબરૂ ફરિયાદ આપતા, જે આધારે પોલીસ ઈન્સ્પેકટર, એ. સી. બી., જુનાગઢે બે સરકારી પંચો બોલાવી, તા.૭/૧/૨૦૦૬ નારોજ આરોપીની ઓફિસે માળીયા હાટીના ગામે લાંચનું છટકુ ગોઠવતા, આરોપીની ઓફિસ આખો દિવસ બંધ રહેલ, અને આક્ષેપિત ન મળતા, આ લાંચનું છટકુ મુલત્વી રાખવામાં આવેલું. બાદ તા. ૧૦/૧/૨૦૦૬ નારોજ ફરિયાદીએ એ. સી. બી. પોલીસ સ્ટેશને આવી, શ્રી કે. કે. ભુતૈયા, પોલીસ ઈન્સ્પેકટર, જુનાગઢ રૂબરૂ વિશેષ ફરિયાદ આરોપી વિરૂધ્ધ આપતા, ઉપરોકત પંચો સાથે ફરિયાદી અને એ. સી. બી.ના સ્ટાફ સાથે આરોપીની કચેરીએ માળીયા હાટીના સ્થળે તા.૧૦/૧/૨૦૦૬ ના રોજ લાંચના છટકાનું આયોજન કલાક ૧૨–૦૫ વાગ્યે આરોપી ફરિયાદી પાસેથી પંચ નં. ૧ની હાજરીમાં વાતચિત કરી, માગણી કરી, લાંચની મુદાની રકમ રૂા.૨૫૦/– સ્વીકારી, તેમણે પહેરેલ શર્ટના ખિસ્સામાં મુકી દીધેલ, અને ફરિયાદીના સુચિત ઈશારે પંચ નં.૨નાએ એ. સી. બી. સ્ટાફના માણસો સાથે ટ્રેપ અધિકારી સાથે શ્રી ભુતૈયાએ રેઈડ કરતા, આરોપી પોતાના અંગત ફાયદા માટે પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી, પોતાના અંગત લાભ માટે લાંચની રકમ સ્વીકારી, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ–૭, ૧૩, (૧)(૩) તથા ૧૩(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

મુદ્દા નં. ૧ તથા ૨ –

(૮) બંને પક્ષના વિ.વ.શ્રીઓને સાંભળ્યા તથા બંને પક્ષની મૌખિક દલીલો સાંભળી, રેકર્ડ ઉપર રજૂ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો, ફરીયાદપક્ષે આંક–૪૯થી ફરીયાદી કેસુરભાઇ લાખાભાઇ સીસોદીયાને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેમના પિતાજી લાખાભાઈ ખીમાણભાઈ આજથી ૧૧ વર્ષ પહેલા સને : ૨૦૦૫ ની આસપાસ ગુજરી ગયેલા જેથી તેમના મરણની નોંધ કરાવી વારસાઈ એન્ટ્રી કરાવવા માળીયા હાટીનાના તલાટીમંત્રી રમણીકભાઈ જે આજરોજ કોર્ટમા હાજર છે તેમની પાસે તેઓ ગયેલ તથા તેઓએ તેમની વારસાઈ એન્ટી પડાવવાની તેમને વાત કરેલી. રમણીકભાઈએ આ એન્ટ્રી પાડવાના અઢીસો રૂપીયા થાય તેવુ તેમને કહેલ. આ અઢીસો રૂપીયા તેમણે તેમને આપવાના થશે તેવુ ફરીયાદીને જણાવેલુ. તેમની સામાન્ય સમજ મુજબ આ વારસાઈ એન્ટ્રી કરવા માટે આવા કોઈ પૈસા આપવાના થતા નથી તેવો તેમને ખ્યાલ અને સમજ હતી. તેથી તેઓએ જુનાગઢ લાંચ અને રૂશ્વત વિભાગની ઓફીસમાં આ બાબતની રમણીકભાઈ વિરૂધ્ધ ફરિયાદ કરેલી. આ ફરિયાદ તેઓએ એ.સી.બી.માં નોંધાવેલી અને તેમના લખાવ્યા મુજબ પોલીસે નોંધેલી. જે અસલ ફરીયાદ તેમને બતાવવામાં આવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદને આંક–૫૦ આપવામાં આવેલ છે. તેઓએ એ.સી.બી.માં પ્રથમ ફરિયાદ આપ્યા બાદ મંગળવારે ફરીથી તેઓ તા. ૧૦–૦૧–૦૬ના પોલીસ સ્ટેશને ગયેલ. બીજી ફરિયાદ તેઓએ જે મંગળવારે કરેલી તે તેઓએ જુનાગઢ એ.સી.બી. પો.સ્ટે.એ કરેલી. પછી મંત્રી સાહેબ તેમને ફરિયાદ આપ્યા બાદ તા.૦૯–૦૧–૦૬ ના બપોરના અરસામાં મંત્રી સાહેબ તેમને મળેલા તથા એ વખતે માળીયાના તલાટીમંત્રી કલોલા અને જાનડી ગામના જોષી ભાઈ કે જે ઓફીસે બેસે છે તેઓ તેમને મળેલા. '' હું બહારગામ ગયેલો તેથી હવે તમે પૈસા લાવ્યા છો ? જો પૈસા લાવશો તો એન્ટ્ર પડી જાશે'' તેવુ કહેતા, તેઓ ફરી આ હકિકત લખાવવા વિશેષ હકિકત ફરિયાદ લખાવવા જુનાગઢ ગયેલ અને પો.સ.ઈ. એ.સી.બી.જુનાગઢ રૂબરૂ આ વધારાની ફરિયાદ

પણ લખાવેલી જેમાંની સહી પણ તેઓ ઓળખી બતાવે છે. તે ફરિયાદના સંદર્ભમાં આંક–૫૦ થી રજુ થઈ ગયેલ છે તેના લગત વિશેષ ફરિયાદ આપેલી હોય આંક–૫૦ ની સાથે સામેલ રાખવાનો હુકમ કરવામાં આવેલ છે અને તેનો કોઈ ઈલાઈદો આંક આપવામાં આવતો નથી અને તેને આંક–૫૦ સાથે મુકવામાં આવેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, સૌપ્રથમ તેઓ જયારે ફરિયાદ આપી તેના બીજા દિવસ એટલે કે તા.૦૭–૦૧–૦૬ ના સવારે તેઓ એ.સી.બી.પો.સ્ટે.એ ગયેલા. તેઓ ત્યાં ગયા ત્યારે પો.સ્ટે.માં પોલીસે બે પંચો બોલાવેલા હતા. તેઓએ જે ફરિયાદ આપેલી હતી તે બાબતે પોલીસ ઈન્સ.શ્રીએ પંચોને સમજ આપેલી તથા જે તલાટી વિરૂધ્ધ તેઓએ ફરિયાદ આપેલી તે હકિકતથી તેઓએ પંચોને વંચાવેલી અને માહિતી આપેલી. તેમજ આ બાબતનું પ્રાથમિક પંચનામું કરીને બંન્ને પંચોની પી.આઈ.રૂબરૂની સહીઓ કરવામાં આવેલી તેમજ તેઓએ આપેલી ફરિયાદમાં પણ પંચોની સહી કરાવેલી. તે તેમને બતાવવામાં આવે છે જે તે જ છે તેમાં પી.આઈ.એ પણ રૂબરૂ તરીકે સહી કરેલી. બાદ પી.આઈ. એ લાંચમાં આપવાની રકમ રજુ કરવાનું જણાવતા તેઓએ રૂા.૨૫૦/– બે ૧૦૦/– ના દરની તથા એક ૫૦/– ના દરની ચલણી નોટ રજુ કરેલી. આ નોટોના નંબર પંચનામામાં સાહેબે લખેલા અને આ નોટો ટેબલ પર મુકેલી. સૌપ્રથમ તેઓએ જે કપડા પહેરેલા તેમાં તેઓએ આખી બાયનું શર્ટ પહેરેલ તેમાં શર્ટની ડાબી બાજુ છાતીના ભાગે ખીસ્સું હતુ. તેમાં પાકીટ અને ખીસ્સામાંથી ડ્રાઈવીંગ લાયસન્સ પણ હતુ અને બીજી કેટલીક ચલણી નોટો હતી તે કેટલી હતી તે તેમને યાદ નથી તે નોટો તેઓએ પેન્ટની ડાબી બાજુના ખીસ્સામાં અને પેન્ટની પાછળના ભાગે ખીસ્સુ ખાલી હતુ તે કઢાવીને પેન્ટના ડાબી બાજુમાં ખીસ્સામાં રખાવી અને જમણી બાજુનુ ખીસ્સું ખાલી રખાવેલ. તેમના ખીસ્સા તપાસ્યા ત્યારે બે પંચો તેમની સામે પો.સ્ટે.માં હાજર હતા અને તેમના ખીસ્સા તપાસતા કોઈ વાંધા જનક ચીજવસ્તુ મળી આવેલ નહી. આ પંચો તેમની સામે ઉભેલા પણ તેના ખીસ્સા પોલીસે તપાસેલા કે કેમ ? તે તેમને ખબર નથી હાલ યાદ નથી. બાદ પી.આઈ.શ્રી કે. કે. ભુતીયાની સૂચનાથી બીજા કોન્સ્ટેબલે ઓફીસના કબાટમાંથી પાવડરની કાચની બાટલી તથા સુટકેશ અને ઈન્વેસ્ટીગેશનની કીટ બોક્ષ લાવી ખોલી બતાવતા. તેમાં કાચના નાના મોટા બાઉલ, કાચની બોટલ જેમાં કોઈક પાવડર (સોડીયમ કાર્બોનેટ) ભરેલી બોટલ, લાખ, શીલ,ફીલ્ટર પેપર વગેરે વસ્તુઓ હતી. જે તેમને બતાવીને તેની સમજ આપેલી. બાદમાં પી.આઈ.ભુતીયાએ બોટલ બતાવેલ તેનાપર ફીનોપ્થેલીન પાવડર લખેલ લેબલ હતુ જેમા સફેદ પાવડર ભરેલ હતો

અને તેના પર પો.ઈ. લાંચ રૂશ્વત વિરોધી ખાતુનુ શીલ કરેલુ હતુ અને આ બોટલમા રહેલ ફીનોપ્થેલીન પાવડરના ગુણધર્મો સમજાવેલા અને જો કોઈ વસ્તુ પર નાખેલ હોય તો નરી આંખે અને સામાન્ય પ્રકાશમાં દેખાતો નથી પરંતુ સોડીયમ કાર્બોનેટ અને ડીસ્ટીલના દ્રાવણમાં નાખે તો આછો ગુલાબી રંગ ધારણ કરે છે અને જે વસ્તુ પર પાવડર લાગેલ હોય તેના પર શૌકાનું દ્રાવણ છાંટવામાં આવે તો આછા ગુલાબી ડાઘ થઈ જાય તેવી સમજ આપેલી. બાદ પી.આઈ.ભુતીયાએ કોન્સ્ટે.ને ફીનોપ્થેલીનો પ્રયોગ કરવાનું કહેતા તેમણે ફીનોપ્થેલીનની બાટલી લઈ તેના પર આવેલ શીલ કાપલી બતાવતા તે વખતે બાટલી પરની કાપલી બતાવેલ તેના પર તા.૨૮-૧૨-૦૫ ના રોજ લાંચના છટકાના આયોજનમાં ફીનોપ્થેલીન પાવડર કાઢી ફરીથી બોટલ બંધ કરવામાં આવેલ તે વખતના બંન્ને પંચો તથા પી.આઈ.ની સહી કરેલી કાપલી જે શીલ વાળી હતી તેનો બાદમાં નાશ કરેલ અને બાદમાં કોન્સ્ટેબલે કાચનું બાઉલ લઈ સો.કા.પાવડર નાખી ડીસ્ટીલ પાવડર નાખી હલાવી તૈયાર કરી અને તેમાં થોડુ નાના બાઉલમાં અલગ કાઢેલ. ત્યારબાદ કોન્સ્ટેબલ પાવડરવાળો કાગળ દ્રાવણમાં નાખેલ. તેવુ હાલ યાદ છે અને જોતા પાવડર નરી આંખે દેખાતો ન હતો પણ સો.કા.ના દ્રાવણમાં બોળતા આછા ગુલાબી રંગનું થયેલ અને દ્રાવણ ઢોળી નાખેલ અને કોન્સ્ટે. હાથ ધોઈ લુછી નાખેલા. આ કાગળ જે ગુલાબી રંગના ડાધાવાળો ફીનો પ્થેલીન પાવડર લાગેલ તે ગુલાબી થયેલ તે પેપરનો નાશ કરેલ. બાદ હાથ અને બાઉલ સાબુ પાણીથી ધોઈ સાફ કરેલા. બાદ સાહેબની સુચનાથી કોન્સ્ટે.એ ફીનોપ્થેલીન પાવડર બાઉલમાં નાખી પછી કાગળ પર કાઢેલ અને તે નોટો પર ફીનોપ્થેલીન પાવડર બંન્ને બાજુ નાખી ઘસેલ. આ પાવડર વાળી નોટ સાહેબશ્રીની સુચનાથી કોન્સ્ટે. કેસરીયાએ ફરિયાદીના શર્ટના ડાબી બાજુના ખીસ્સામાં ઘળીવાળીને મુકેલી. ત્યારબાદ પાવડર વાળા પૈસા શર્ટના ડાબી બાજુના ખીસ્સામાં મુકેલા અને સુચના આપેલી કે, જયા સુધી લાંચનો આપવાનો પ્રશ્ન ન થાય ત્યાં સુધી આ મુદ્દામાલની નોટોને અડકવુ નહી. બાદમાં વધેલો ફીનોપ્થેલીન પાવડર કોરા કાગળની પડીકી બનાવી સ્ટેપ્લર મારી કવરમાં પ્લાસ્ટીકની કોથળી મુકી કાપલી પર વિગત લખી પંચોની સહી લઈને જુનાગઢનું શીલ લગાવી તપાસમાં કબજે લીધેલ. બાદમા કોન્સ્ટે.નાએ પોતાના હાથ ધોઈ નાખેલા. બાદ પંચોના તથા તેમના હાથ તેમજ એ.સી.બી.અધિ.ના હાથ વારાફરતી દ્રાવણમાં બોળતા દ્રાવણમાં કે આંગળામાં કોઈ ફેર થયેલ નહી. બાદમાં કોન્સ્ટે.એ બાઉલ સાબુ પાણીથી ધોઈ નાખેલા અને બાદમાં આ પાવડરની શીશી શીલ કરી પંચો તથા

ફરિયાદીના હાથ સાબુપાણીથી લુછી નાખેલા. ત્યારબાદ પંચને તેમની સાથે રહેવાની સુચના આપેલી. પછી તેઓ જુનાગઢથી માળીયા પંચ નં.૧ સાથે મંત્રી કલોલાની ઓફીસે ગયેલા. પછી એન્ટ્રી બાબતે વાત કરેલી તો તેમણે જણાવેલ કે એન્ટ્રી થઈ ગયેલી છે પૈસા લાવો. પછી તેઓએ તેમના શર્ટમાંથી પાવડરવાળી નોટો કાઢેલી અને મંત્રી રમણીકભાઈને આપેલી. તેઓએ જે ટોપી ઓઢેલી તે નીચે ઉતારવાની સુચના આપેલી તેથી તેઓએ આ માથે પહેરેલી ટોપી મંત્રીને પૈસા આપી ટોપી ઉતારેલી અને રેડીંગ અધિકારીને તેમને જણાવેલી અને કીધેલી સુચના મુજબ ટોપી ઉતારીને તેઓએ આરોપીને પૈસા આપેલા છે તેવો સંકતે આપેલ. બાદ તરતજ એ.સી.બી.ના માણસો તથા પંચ નં.૨ પણ તેની સાથે આવી ગયેલા. તેમની સાથે નં.૧નો પંચ હતો. પંચ નં.૧ તેમની સાથે હતો તેને ફરીયાદી અને મંત્રી સાથે શુ વાતચીત થાય તે સાંભળવાની સુચના આપેલ અને ફરીયાદીને રેઈડ કરતા પહેલા આ સાથે એવી સૂચના પણ આપેલી કે આ કોણ છે તેમ પુછે તો તે મારા મિત્ર સબંધી છે તેમ કહેવાની સુચના આપેલી. બાદ પંચ નં.૨ ની હાજરીમાં પુછપરછ કરેલી. તેમને અગાઉ જયારે પંચ નં.૧ સાથે આરોપી સાથે વાતચીત કરીને પૈસા આપવા, હાથ અડકવો નહી અન્ય કોઈ પુછેતો પંચની ઓળખ આપવી નહી વિગેરે સુચના આપેલી તે પંચનામામાં નોંધ કરેલી અને તેમાં પંચોની સહી લીધેલી. બાદ સરકારી વાહનમાં બેસીને બે જુદા વાહનોમાં એ.સી.બી. કચેરીમાંથી વાયા વંથલી કેશોદ થઈ માળીયા હાટીના જવા સવારના ૧૦:૦૦ કલાકે નીકળેલા. પછી ૨ કી.મી.દુર માર્કેટીંગ યાર્ડના સ્થળે થઈ માર્કેટીંગ યાર્ડ વાહન ઉભુ રાખેલ પછી ફરીયાદી તથા પંચ નં.૧ કલોલાની ઓફીસે ગયેલા. તેઓ બંન્ને મોટર સાઈકલ પર ગયેલા અને પંચ નં.૨ તથા એ.સી.બી.ના માણસો વાનમાં બેસેલા. તેઓ ત્યાં કચેરીએ ગયા ત્યારે ઓફીસ ખુલ્લી હતી. તાળું મારેલ નહી. પંચ નં.૧ની હાજરીમાં મંત્રીને પુછેલ કે કામ થઈ ગયું ? તો તેમણે કહેલ કે થઈ ગયુ. પછી પૈસાની માંગણી કરતા તેઓએ તેમણે પૈસા આપેલા. બાદ બાકીના રેડીંગપાર્ટીના સભ્યો વગેરે આવી ગયેલા. સાહેદ આ અગાઉ કોઈ છટકુ ગોઢવેલ કે કેમ ? તે કોર્ટ ધ્વારા ન્યાયના અભ્યાસ કરતા બે પંચનામા હોય એટલે કે બે વાર ટેપ ગોઠવાયાનુ પુછતા સાહેદે સ્પષ્ટ જણાવેલ છે કે છેલ્લુ છટકુ એટલે કે બીજી વારનું ગોઠવેલુ તેમાં ફરીયાદીના શર્ટના ખીસ્સામાં પાવડરવાળા મુકેલા હતા અને આરોપીને આપતા પકડાઈ ગયેલા અને અગાઉનું છટકુ ઓફીસ બંધ હોતા નીષ્ફળ ગયેલુ. તેઓએ આ જે જુબાની આપી છે અને ફીનોપ્થેલીન પાવડર તથા પ્રાથમિક પંચનામું તથા પોલીસે આપેલી સુચના જે જુબાનમાં જણાવેલ છે તે

અગાઉના પંચનામામાં પણ જણાવેલ પણ ઓફીસ બંધ હોય છટકુ સફળ થયેલ નહી. બીજા છટકા વખતે પણ તેઓએ આગળ જણાવેલી તમામ કાર્યવાહી પાવડરના પ્રયોગ વગેરે જુબાનીમાં જણાવ્યા તે મુજબના પ્રાથમિક પંચનામું તથા રેઈડ સમક્ષનું તેમની હાજરીમાં થયેલા તેવું સાહેદને આ બાબતે પુછતા આ બંને વખતની કાર્યવાહી તેમની હાજરીમા થયેલી તેવું સ્પષ્ટ જણાવે છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, બાદ એ.એસ.આઈ.એ.આવીને લાંચ સ્વીકારનારના બંને હાથ પકડી લીધેલા તથા પંચ નં.૧ ને પુછપરછ કરતા તેણે ફરિયાદી અને આરોપી વચ્ચે જણાવેલી વાતચીત જણાવેલી અને તેમની રૂબરૂ લાંચની રકમ આરોપીએ સ્વીકારેલ તે હકિકત જણાવેલી તથા આરોપીનું નામ પુછતા પોતાનું નામ તલાટીમંત્રી માળીયા હાટીના રમણીકભાઈ અરજણભાઈ કલોલા હોવાનું જણાવેલ. બાદ પોલીસ ઓફીસરશ્રીએ સુટકેશ મંગાવી બાઉલમાં ડીસ્ટીલ વોટર અને સો.કા.નાખી સો.કા.નું દ્રાવણ કરી નાના બાઉલમાં નાખી રમણીકભાઈના હાથ બોળાવતા તેના હાથના આંગળાના ટેરવા પર આછા ગુલાબી રંગના થયેલા અને દ્રાવણ આછા ગુલાબી રંગનું થયેલું અને તે દ્રાવણ કાચની શીશીમાં ભરી પંચોની સહીવાળી કાપલી ચોડી શીલ કરી કબજે લીધેલ. ત્યારબાદ પંચ નં.૨ ને મંત્રીના શર્ટના ડાબીબાજુના ખીસ્સામાંથી પૈસા કાઢવા જણાવતા તે બહાર કાઢી અગાઉ પંચનામામાં જે નોટોના નંબર લખેલા તેની સાથે આ નોટોના નંબર સરખાવતા બરાબર હોવાનું જણાયેલ અને આ નોટો ઉપર સો.કા.ના દ્રાવણનો છંટકાવ કરતા નોટો પર આછા ગુલાબી ડાઘ જણાયેલ એક કવરમાં મુકી પંચોની સહી કરી શીલ કરી કબજે લીધેલી. બાદ તલાટીના પહેરેલા શર્ટના ખીસ્સામાં ફીલ્ટર પેપર ઘસી સૌ.કા.દ્રાવણનો છંટકાવ કરતા તેના પર આછા ગુલાબી ડાઘ માલુમ પડેલ જે ફીલ્ટર પેપર બાદમાં સળગાવી નાશ કરેલ. આ સિવાયનું તેમના ડાબી બાજુમાંથી નીકળેલી પાસબુક અને પાંચની બે નોટો તેમને પરત આપી દીધેલી. બાદ આરોપીના પહેરેલા શર્ટને કબજે કરવા બીજુ શર્ટ મંગાવેલુ તે તેમને યાદ નથી. પણ પહેરેલ શર્ટ કબજે કરેલ તે યાદ છે. બાદ જરૂરી કાગળો પોલીસે કબજે કરી ફરિયાદના અનુકસંધાને રમણીકભાઈની કચેરીમાં બનાવ બનેલો હોય તેની કચેરીનું ચતુર્દીશાનું વર્ણન પંચનામામાં જણાવેલ વિગતે લખેલ અને તેમાં પંચોની સહી કરેલી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેમનું સાચુનામ જેઠસુરભાઈ લાખાભાઈ સીસોદીયા છે જુબાનીમાં કેસુરભાઈ શરતચુકથી લખાયેલ છે. ખરેખર તેમનું નામ જેઠસુરભાઈ લાખાભાઈ છે અને તે જ લખાવુ જોઈએ. તેમને આ કામમાં રેઈડની જે કાર્યવાહી થયેલી તેમા જે કાંઈ મુદામાલ કબજે લેવાયેલ તે

બતાવવામાં આવે તો ઓળખી શકે. તેમને આ કામમાં રજૂ થયેલ મુદ્દામાલ માર્ક–ઈનું કાગળના શીલબંધ કવરમાં શીલબંધ હાલતમાં પંચ સ્લીપ ચોટાડેલ પાર્સલ બતાવવામાં આવે છે જે પાર્સલને કોર્ટની પરવાનગીથી ખોલતા તેમાંથી એક શર્ટ આખી બાયનું નીકળેલ છે. જે રેઈડ વખતે કબજે લેવાયેલ સર્ટ હતો તે આ જ છે. તથા આ બતાવેલા શર્ટના ખીસ્સામાં તકરારી પૈસા પંચો સમક્ષ મુકેલા અને તેમણે સ્વીકાર્યા બાદ પંચ નં.ર ની હાજરીમાં આ પૈસા પંચનામાની વિગતે રીકવર કરવામાં આવેલા તે શર્ટ તે જ છે. આ શર્ટની સાથે પંચ સ્લીપ અંદરથી પણ નીકળેલ છે જે જેમની તેમ રાખી દીધેલ છે. તેમને આર્ટીકલ – એ નું શીલબંધ ખાખી કલરનું લખાણવાળુ તેની નીચે પંચોની સહીવાળુ કવર ખોલીને બતાવવામાં આવે છે. ખોલીને જોતા તેમાંથી એક પંચ સ્લીપ અને તેની સાથે એક નાની પ્લાસ્ટીકની કોથળીમાંથી કાગળ નીકળેલ છે જે કાગળની અંદર ઘડીવાળીને પાવડર નીકળેલ છે જે પોલીસે ઉપયોગમાં લીધેલ તેનો નમુનાનો પાવડર છે તે તે જ છે. જે મુદ્દામાલ તે તે જ છે જે મુદ્દામાલ જેમ નો તેમ રહેવા દીધેલ છે. તેમને આર્ટીકલ નં. સી ની કાચની બોટલ પંચી સ્લીપ ચોટાડેલી શીલબંધ બતાવવામાં આવે છે જે ઉપયોગમાં લીધેલી તે તે જ છે. આ બોટલ જેમની તેમ રહેવા દીધેલ છે. તેમને આર્ટીકલ નં. બી ની કાચની બોટલ પંચી સ્લીપ ચોટાડેલી શીલબંધ બતાવવામાં આવે છે જે ઉપયોગમાં લીધેલી તે તે જ છે. આ બોટલ જેમની તેમ રહેવા દીધેલ છે. તેમને માર્ક ૧૯/૪ ની હકકપત્રકની નોંધ દાખલ કરવાની અરજી બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે ઓળખી બતાવેલ હોય આંક–પ૧થી રજૂ છે. તેમને માર્ક ૧૯/૩૯ ના માહિતીના પત્રની સાથે રજુ કરાયેલ મરણનું પ્રમાણપત બતાવવામાં આવે છે જે તેમના પિતાજીનું છે તથા તે સાથે ગામ નમુના નં.૮–અ જે રજુ થયેલ છે તે તેમના ખાતાની છે. તેમજ એક સોગંદનામુ તેની સાથે રજુ થયેલ છે જે તેમનું છે તેમજ હકકપતક ગામ નમુના નં.૬ની રજુ થયેલ છે તે પણ તેમના ખાતાની છે તેમજ ૧૩પ ડી ની નોટીસ તેમના કુટુંબના સભ્યોની સહીવાળી છે જે પણ તેમના ખાતા અંગેની છે. ગામ નમુના નં.૧૧ તાળા પત્રક બતાવવામાં આવે છે તે પણ તેમના ખાતા અંગેનું છે. જે માર્ક – ૧૯/૩૯ સાથેના કાગળો છે જે પોલીસે મેળવેલા છે પણ તેમના ખાતા અંગેના છે. માળીયા હાટીના મામલતદાર કચેરીના પત્ર નં.ખાનગીએલઆરસી/તકમ/માળીયા/૨/૦૬ નો મામલતદાર માળીયા હાટીનાનો સિક્કો તથા સહી સાથેનો છે જે અસલ હોય તેને આંક–પર આપવામાં આવેલ છે. આંક–પર/૧ થી પર/૯ સુધીના તમામ દસ્તાવેજો માળીયા હાટીના મામલતદાર ધ્વારા

પ્રમાણીત નકલો રજૂ થયેલ હોય તે તમામને ન્યાયના હિતમાં આંક–૫૩ થી ૬૧ આપવામાં આવેલ છે. આ તબકકે ટ્રેઝરીના સ્ટોગરૂમમાંથી વેલ્યુએબલ મુદ્દામાલનું પાર્સલ આવી ગયેલ છે જે માર્ક–ડી નું પ્લાસ્ટીકની કોથળીમાં છે. જે પ્લાસ્ટીકની કોથળી ખોલતા તેમાંથી એક ખાખી કલરનું કવર પંચ સ્લીપ ચોટાડેલ શીલબંધ હાલતનું નીકળેલ છે. જે કોર્ટ સમક્ષ પરવાનગીથી ખોલતા તેમાંથી ચલણીનોટ રૂા.૧૦૦/– ની બે અને રૂા.૫૦/– ની એક એમ કુલ રૂા.૨૫૦/– નીકળેલ છે જે તેમને બતાવવામાં આવે છે તે લાંચમાં અપાયેલા અને આરોપીના કબજામાંથી મળી આવતા કબજે થયેલ તે તે જ છે. જે તેઓ ઓળખે છે. જે પંચ સ્લીપ સાથે નીકળેલ છે જે જેમની તેમ રહેવા દીધેલ છે. પોલીસે તેમની ફરિયાદના સંદર્ભમાં વધારાનો જવાબ લીધેલો. તેમાં બનાવ તથા ફરિયાદ સબંધેની હકિકત નોંધાવેલી.

(૮.૧) આરોપીતરફે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, પોલીસે પ્રથમ પંચનામામાં તથા પાછળના પંચનામામાં જે નોટોના નંબર લખેલા તે તેમની હાજરીમાં લખેલા અને તે બંન્ને નંબર સરખા આવેલા. તે નંબર શુ હતા તે તેમને હાલ મોંઢે યાદ નથી. તેમના પિતાનું નામ લાખાભાઈ છે તથા તેમનું નામ જેઠસુરભાઈ છે. તેઓ બે ભાઈઓ છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, મોટાભાઈનું નામ કાળુભાઈ છે તેનાથી નાના તેઓ છે તેમને એક બહેન પણ છે તેનું નામ વાલીબેન છે તે તેના સાસરે પાણખાણ ગામે રહે છે. તેમના માતાનું લાખુબેન છે. તેમના પિતા જીવતા તેમના ભાઈઓ વચ્ચે તેમજ તેમના પિતાના હિસ્સે પણ ભાગ પડી ગયેલા. તેમના ભાગમાં નવ થી સાડા નવ વિઘા જમીન આવેલી. કાળુભાઈના ભાગે ૧૦ વિઘા જમીન આવેલી તેમના પિતાના નામે સવા આઠ વિઘા જમીન આવેલી. તેમના પિતાનું અવસાન થયુ ત્યારે તેમના ખાતા નં.૫૨૩ માં સ.નં.૭૯૫ પૈકી ૧ અને સ.નં.૭૨૦ની જમીનો એમના નામે હતી. તેમના પિતા ગુજરતા તેમના, તથા તેમના માતા, ભાઈ અને બહેનના નામે એન્ટ્રી કરાવવાની હતી. આ બાબતે તેઓએ માળીયા હાટીના મામલતદારમાં તા.૦૬–૦૬–૦૫ ના રોજ અરજી કરેલી. જે આ કામે આંક–૫૧ થી રજુ થયેલ છે. આજ દસ્તાવેજ આંક–૫૪ થી પણ ખરી નકલમાં રજુ થયેલ છે જેમાં તેમની સહી છે. આ અરજી સાથે તેઓએ આંક–૫૫,૫૬,૫૭ ના દસ્તાવેજો રજુ કરેલા છે. આ તમામ દસ્તાવેજો અને અરજી તેઓએ ઈ–ધરા મામલતદાર માળીયા હાટીનામાં રજુ કરેલા. આંક–૫૯ ની કાચી એન્ટ્રી આ દસ્તાવેજને આધારે તા. ૧૦–૦૮–૦૫ ના રોજ પડેલી. જે એન્ટ્રી તા.૧૩–૧૨–૦૫ના રોજ મામલતદારે

પ્રમાણીત કરેલી. આંક–૬૦માં ૧૩૫–ડીની નોટીસમાં તેમના વારસોની સહીઓ છે તેમની પણ સહી છે. આંક–૫૮નું રોજકામ પંચો રૂબરૂ તા.૨૮–૦૮–૦૫ ના રોજ તલાટીમંત્રી માળીયા ધ્વારા કરેલુ. ત્યારબાદ આંક–૫૩થી મામલતદારશ્રી માળીયા ધ્વારા ફોર્મ–એસ તા.૧૩–૧૨–૦૫ ના કરેલી છે. તલાટીમાં તેઓ કાગળ આપવા અને લેવા ગયેલ તેટલુ યાદ છે. આ દિવસે કોઈ તેમની સાથે તેમને કોઈ વાતચીત થયેલી નહી. તેઓ તા.૦૫–૦૧–૦૬ ના રોજ પંચાયત ઓફીસ ગયેલ. આ વખતે તલાટી પાસે એન્ટ્રીની તપાસ કરવા ગયેલ. તેઓએ તેમનું કામ પુરૂ થયુ છે કે કેમ ? તેમ પુછેલ. તો તેમણે કામ પુરૂ થઈ ગયું છે તેમ કહેલ. આ વખતે બાજુમાં જોષીભાઈ બેસેલા. કલોલાભાઈએ તેમની બાજુમાં બેસેલા જોષીભાઈને પુછેલ કે આ ભાઈને વિધ્રોટી બાકી છે કે કેમ ? તેવુ પુછેલ તે તેમને ખબર નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ ખાતેદાર ખેડુત હોવાથી તેમને માહીતી છે કે ખેતીની જમીન ઉપર મહેસુલ અને શિક્ષણ ઉપકર જે તે માલીકે કે કબજેદારે ભરવાનો હોય છે. તેમજ જે દિવસે તા.૦૬/૦૧/૦૬ ના રોજ તેઓએ ફરીયાદ નોંધાવી તે દિવસે તેમના સંયુકત ખાતાના મહેસુલ અને શીક્ષણ ઉપકર ભરાયેલા ન હતા તે ભરપાઈ કરવાની બાકી હતી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ જયારે આરોપીની ઓફીસે મળવા ગયેલ ત્યારે તેણે તેની બાજુમાં બેસેલ કલાર્ક જોશીભાઈ બેઠા હતા તેમને કહેલ કે કેશુરભાઈની જમીનના મહેસુલ અને શીક્ષણ ઉપકર કેટલા બાકી છે તે જોઈને જણાવો. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, જોશીભાઈએ રજીસ્ટર જોઈને જણાવેલ કે અંદાજીત રૂા. ૨૩૦ થી રૂા. ૨૫૦ મહેસુલ અને શીક્ષણ ઉપકરના બાકી બતાવે છે. તેઓ આરોપીની ઓફીસે ત્રણ વખત ગયેલ અને તે વખતે આરોપીએ કહેલ મહેસુલ બાકી ભરપાઈ થશે પછી જ આગળની કાર્યવાહી ચાલશે. તેઓ બે ત્રણ વખત સરખો જવાબ ન મળતા ગુસ્સે થઈ ગયેલ. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ બાદ વર્ષ દિવસ પછી તેઓએ મહેસુલ અને શીક્ષણ ઉપકરની રકમ ભરપાઈ કરી દીધેલી. તેમજ આ બનાવ બન્યો તે પહેલાથી તેમની સયુંકત જમીનનો મહેસુલ અને શીક્ષણ ઉપકર બાકી હતો. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તે તા.૦૭/૦૧/૧૦ ના રોજ ભરપાઈ કરેલ છે. તેમજ બનાવ સમયે ઓફીસમાં તેઓ તથા આરોપી રમણીકભાઈ અને જોશીભાઈ કર્લાક અને સુથાર એમ ચાર જણા ત્યાં હાજર હતા. વધું તેઓએ સ્વીકારેલ છે કે, જે રૂમમાં બનાવ બનેલો તે રૂમની વાતચીત તેઓ, આરોપી રમણીકભાઈ,જોશીભાઈ કર્લાક અને સુથાર એમ ચારેય જણ સાંભળી શકે તેમ વાતચીત થતી હતી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ તેમની

વારસાઈ એન્ટ્રીની તપાસ કરવા માટે આરોપી પાસે ગયેલ. તેમને ખબર ન હતી કે વારસાઈ એન્ટ્રી તા.૧૩/૧૨/૦૫ ના રોજ મામલતદારશ્રી દ્વારા સર્ટીફાઈડ થઈ ગયેલ હતી. એ વાત ખરી નથી કે તેઓ વારસાઈ એન્ટ્રીની તપાસ કરવા ગયેલ નહી અને મહેસુલ અને શીક્ષણ ઉપકરની રકમ કેટલી થાય છે તેની તપાસ કરવા અને ભરપાઈ કરવા ગયેલો. એ વાત ખરી નથી કે તેઓએ તેમની ફરીયાદમાં કે નીવેદનમાં એવુ લખાવેલ નથી કે તેમની પાસે તેઓ ગયેલ તથા તેઓએ તેમની વારસાઈ એન્ટ્રી પડાવવાની તેમને વાત કરેલી રમણીકભાઈએ આ એન્ટ્રી પાડવાના રૂા.૨૫૦/− થાય અને આ રૂા.૨૫૦/− તેમણે તેમને આપવાના થશે તેવુ તેમણે તેમને જણાવેલ. તા.૦૯/૦૧/૦૬ ના રોજ બપોરના અરસામાં મંત્રી સાહેબ અને માળીયા હાટીના તલાટી મંત્રી કલોલા અને જાનડી ગામના જોશીભાઈ જે ઓફીસમાં બેસે છે તેઓ તેમને મળેલા અને તેઓ બહારગામ ગયેલ અને કોઈ હકીકત બનેલ નથી અને તેઓએ આ બાબતની કોઈ ફરીયાદ તા.૧૦/૦૧/૦૬ ના રોજ વધારાની પોલીસ સ્ટેશનમાં કરેલ નથી. આરોપી સાથે તેમની ત્રણ મુલાકાત તેની ઓફીસમાં થયેલી. તેઓ આરોપીને ઓફીસ બાદ કયારેય મળેલ નથી. કે ઓફીસ બહાર તેમની સાથે કોઈ વાતચીત થયેલ નથી. તેઓએ તેમના પોલીસ સમક્ષના નીવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે " અમો જનાગઢથી માળીયા પંચ નં.૧ સાથે મંત્રી કલોલાની ઓફીસે ગયેલા પછી એન્ટ્રી બાબતે વાત કરતા તેમણે જણાવેલ કે એન્ટ્રી થઈ ગયેલ છે પૈસા લાવો." વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમની સરતપાસમાં બનાવ વખતે આરોપીએ પૈસાની માંગણી કરતા તેમને જે પૈસા આપેલ છે તે તેઓએ તેમના પોલીસ રૂબરૂના નીવેદનાં લખાવેલ નથી. તેમજ તેઓ રૂા.૨૫૦/− ની માંગણી આરોપીએ કરેલ તે શેના દેવાના થાય છે તે હકીકત જાણતા હતા નહી. તેઓએ આ રૂા.૨૫૦/− બાબતે આરોપી સાથે કોઈ ચોખવટ કરેલ નહી. તેઓએ એસીબીએ ગોઠવેલ ટ્રેપ મુજબ આરોપીને મળવા ગયેલ ત્યારે તેમના ખાતાની ચોપડી પણ સાથે લઈ ગયેલ હતા. એ વાત ખરી નથી કે અગાઉ તેઓ મળવા ગયા ત્યારે આરોપીએ ખેતીની ચોપડી લઈને મહેસુલ ભરવા આવજો જેથી મહેસુલની એન્ટ્રી ચોપડીમાં થઈ જાય તેવુ જણાવેલ નહી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, જે તે વખતે જોશીભાઈ તલાટી કમ મંત્રીએ આરોપીને રજીસ્ટર ખોલી તેમનું ખાતુ ખોલી એમ જણાવેલ કે સયુંકત ખાતાના મહેસુલ અને શીક્ષણ ઉપકરના અંદાજીત રૂા.૨૩૦/− થી ૨૫૦/− જેવુ થાય છે. એ હકીકતની તેમને ખ્યાલ નથી કે તેઓએ પંચ નં. ૧ નાએ ટ્રેપીંગ ઓફીસર સમક્ષ બનાવ બાબતે જણાવેલ હોય તે

તેઓ કાંઈ જાણતા નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે આરોપીએ તેમને જણાવેલ હોય કે તમારુ કામ થઈ ગયેલ છે અને ચોપડી લાવેલ હોય તો લાવો એન્ટ્રી પાડી દઉં. તેઓએ બનાવ બાદ પાછળથી જે શીક્ષણ ઉપકર અને મહેસુલની રકમ ભરપાઈ કરી તેની પહોંચો તપાસણી અધીકારી પાસે રજુ કરેલ નથી. તેમને આંક–૫૧થી ૬૦ બતાવવામાં આવે છે. તેમાં જણાવેલ વિગત ખરી છે અને તે તેમના સંયુકત જમીનનું રેકર્ડ છે. ટ્રેપનો મુદ્ધામાલ નોટના નંબર તેમને યાદ નથી જો તેમને બતાવવામાં આવે તો ઓળખી શકે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, મુદામાલ એ.બી.સી અને ડીમાં એ નો બી નો સી નો અને ડી નો કયો આર્ટીકલ છે તેની તેમને ખબર નથી. તેમજ પંચનામુ પી.આઈ. સાહેબ બોલતા અને તે મુજબ કોન્સ્ટેબલ લખતા જતા હતા. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, આ પંચનામુ લખતા હતા ત્યારે તેઓએ તથા પંચે કોઈ સુચન પી.આઈ. સાહેબને કરેલ નહી. તેમજ પંચનામા વખતે તેમને કે પંચને પી.આઈ. સાહેબ સાથે કોઈ વાતચીત થયેલ નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેમની હાજરીમાં પંચે પી.આઈ. સાહેબ સમક્ષ બનાવ સબંધી કોઈ હકીકત જાહેર કરેલ હતી નહી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસ પાર્ટી તમામ કાર્યવાહી કરતી હતી તથા તેઓ અને પંચ એક બાજુ બેસેલ હતા. તેમજ આ કાર્યવાહી પૂર્ણ થઈ ગયા બાદ તેમને અને પંચને સહી કરવાનું કહેતા પંચનામામાં સહી કરી આપેલી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામુ પુરૂ થયા બાદ પોલીસે તેમને કે પંચને આ પંચનામાની હકીકત વાંચી–સંભળાવેલ નહી, તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ પછી તેમની જમીનનું રેવન્યુ રેકર્ડમાં બાકી રહેતી મહેસુલની રકમ તેઓએ ભરપાઈ કરી આપેલ છે. તેમજ બનાવના દિવસે તેમની પાસે મહેસુલની રકમ બાકી હતી.

(૯) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૭૦થી પંચ સાહેદ યુસુફભાઇ વલીમહમદ શેખનાએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ સને–૨૦૦૬ની સાલમાં જૂનાગઢ ખાતે એસ. ટી. ડીવીઝનના બસ સ્ટેશન પાસેના વર્કશોપમાં ઈલેક્ટ્રીશ્યન તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે આ વર્કશોપમાં હેલ્પર તરીકે આસિફભાઈ નિસારખાનજી બાબી પણ ફરજ બજાવતા હતા. આ વખતે તા. ૦૭/૦૧/૦૬ ના રોજ તેમને તથા આસિફભાઈને ડેપો મેનેજરશ્રીએ બોલાવેલા અને ડેપો મેનેજરશ્રીએ એવુ જણાવેલ કે,

પોલીસ ખાતાના સાહેબ આવેલ છે અને તમારે તેની સાથે જવાનુ છે. જે બીજા દિવસે સવાર જવાનુ છે તેવુ તેઓને જણાવેલું. ત્યાર બાદ તેઓ બીજા દિવસે વહેલી સવારના ૬ વાગ્યે લાંચરૂશ્વત કચેરી, જૂનાગઢ ખાતે ગયેલ હતા અને તેમની સાથે આસિફભાઈ પણ આવેલા હતા. ત્યા કચેરીમાં પી.આઈ. ભુતૈયા સાહેબ હાજર હતા અને તેઓને મળેલા ત્યારે ભુતૈયા સાહેબે તેઓને એ.સી.બી.ના સ્ટાફ સાથે અરસ પરસ પરિચય કરાવેલો. તે વખતે ત્યાં ભુતૈયા સાહેબના સ્ટાફ સિવાયના એક વ્યક્તિ હાજર હતા. તેનો પરિચય ભૂતૈયા સાહેબે આપતા એવુ જણાવેલ કે, આ જેઠાભાઈ ફરિયાદ આપવા માટે આવેલા છે અને બાદમાં ફરિયાદી સાથે પણ તેમનો અરસ પરસ પરિચય કરાવેલો. બાદમાં ફરિયાદીએ જે ફરિયાદ કરેલી તે અંગેની ટુંકમાં હકીકતની વાત તેઓને સાહેબની સુચનાથી વાત કરેલી, જે વાત એવી કરેલ કે, ફરિયાદીના બાપુજી ગુજરી ગયેલ છે અને તેથી તેના વારસદારોના નામ દાખલ કરવાના છે અને તે માટે તેઓએ મામલતદાર સાહેબની કચેરીમાં અરજી આપેલી છે અને એક મહિના પછી વારસદારોના નામ ચડી જશે તેની નકલ લઈ જાશો તેવુ જણાવેલ અને આ કામગીરી કરવાના મહેનતાણાની રકમ રૂા. ૨૫૦/- આપવાના થશે તેવી માંગણી તલાટી મંત્રીશ્રીએ કરેલી અને તે અંગેની હરિયાદ કરેલાનું ફરિયાદીએ જણાવેલું. બાદમાં ભુતૈયા સાહેબે ફરિયાદીની લીધેલ ફરિયાદ તેઓને વાંચવા માટે આપેલી, જે વાંચીને તેમાં તેઓએ તથા તેમની સાથેના પંચ આસિફભાઈએ તેમાં સહી કરેલી. આ ફરિયાદીએ પેન્ટ-શર્ટ તથા માથે ટોપી પહેરેલ હતી. બાદમાં ફરિયાદીની અંગઝડતી કરવામાં આવેલ, પરંતુ તે વખતે કાંઈ વાંધાજનક વસ્તુઓ મળી આવેલ નહીં. તેવી જ રીતે તેઓ બંને પંચો તથા પોલીસ સ્ટાફની પણ અરસપરસ અંગઝડતી કરવામાં આવેલી પરંતુ તેમાં પણ કાંઈ વાંધાજનક વસ્તુઓ મળી આવેલ નહી. ત્યાર બાદ પી.આઈ. શ્રી એ સ્ટાફ મેમ્બરને એક સુટકેશ લઈ આવવા માટે કહેતા તેઓ એક સુટકેશ લઈ આવેલા અને ત્યા એક સ્ટાફ મેમ્બરને પ્રયોગ કરવાનુ કહેતા તેણે સુટકેશ માંથી બે બાઉલ, કાચની બોટલમાં પ્રવાહી હતું તે બોટલ, પાઉડરની બોટલ વગેરે વસ્તુઓ કાઢીને સમજ કરતા ત્યાં એક કોરો કાગળ લેવામાં આવેલો અને તેના ઉપર બોટલમાંથી પાઉડર લગાવવામાં આવેલ અને તે કાગળ તેઓને બતાવી પુછેલ કે, તમોને આ કાગળ ઉપર કાંઈ દેખાય છે તો તેઓએ જણાવેલ કે, નહી. આથી આ દ્વારા સાહેબે સમજ કરેલ કે આ પાઉડર નરી આંખે દેખાય નહી અને તેના ઉપર બોટલનું પાણી છાંટવામાં આવે તો આછા ગુલાબી કલરના નિશાન ઉપસી આવેલ. આ પાણી ડીસ્ટીલ વોટર હતું અને જે સ્ટાફ

મેમ્બરે કાગળ ઉપર પાઉડર લગાડેલ તેના હાથના આંગળા પાણીમાં બોળાવતા તેના હાથના આંગળાના ટેરવા આછા ગુલાબી કલરના થઈ ગયેલ હતા અને જે વાસણમાં હાથ બોળેલ તે વાસણનું પાણીમાં કોઈ ફેરફાર થયેલ કે કેમ તે તેઓએ જોયેલ નહી. બાદમા આ પાણી ઢોળી નાખવામાં આવેલું. આવી રીતે પાઉડરની ઉપયોગિતા અને ગુણધર્મો તેઓને સમજાવેલા. ત્યાર બાદ સ્ટાફ મેમ્બરે પોતાના હાથ તથા વાસણ સાફ કરી નાખેલા અને બાદમાં ફરિયાદીને લાંચમાં આપવાની રકમ રજુ કરવાની કહેતા ફરિયાદીએ રૂા. ૧૦૦/– ના દરની બે તથા રૂા. ૫૦/– દર ની એક ચલણી નોટો એમ કુલ રૂા. ૨૫૦/– રજુ કરેલા. ત્યાર બાદ સાહેબની સુચનાથી ફરિયાદીની અંગઝડતી કરવામાં આવેલી અને તે દરમ્યાન કોઈ વાંધાજનક વસ્તુ મળી આવેલ નહી અને ફરિયાદીને તેના પેન્ટનું ડાબુ ખિસ્સુ ખાલી રાખવાનું કહેવામાં આવેલ અને તે મુજબ તે ખિસ્સું ખાલી રાખેલ હતું. આ જ રીતે તેઓ બંને પંચો તથા એ.સી.બી.ના તમામ સ્ટાફની અરસ–પરસ અંગઝડતી કરવામાં આવેલી પરંતુ તેમાં કોઈ વાંધાજનક વસ્તુ મળી આવેલ નહી. ત્યાર બાદ ફરિયાદીએ રજુ કરેલ લાંચમાં આપવાની નોટો ઉપર બંને બાજુએ પાઉડર લગાવવામાં આવેલ અને ત્યાર બાદ તે નોટો ખંખેરી નાંખવામાં આવેલ અને આ નોટોને ઘડી વાળી ફરિયાદના પેન્ટના ખાલી રખાવેલ ખિસ્સામાં રાખવામાં આવેલી. સાહેબ એ આ વખતે ફરિયાદીને એવી સૂચના આપેલ કે, પૈસા આપવાનો પ્રસંગ ન થાય ત્યાં સુધી આ ખિસ્સામાં હાથ નાંખવો નહી. અને પાઉડર જે બોટલમાંથી કાઢવામાં આવેલ અને મુદાની નોટો ઉપર લગાવવામાં આવેલ તે બાદ વધેલ પાઉડરની એક પડીકી વાળી તેને પ્લાસ્ટિકની બેગમાં મુકી તેમની સહી વાળી કાપલી મુકી પોલીસે તપાસ અર્થે કબજે લીધેલ. બાદમાં તેઓ બંને પંચો, ફરિયાદી, એ.સી.બી.ના અધિકારી તથા તેમના સ્ટાફ સભ્યોના બંને હાથના આંગળા–અંગુઠાની તપાસ કરવામાં આવેલી પરંતુ કોઈ ફેરફાર જણાઈ આવેલ નહી. બાદમાં ફિ.પા. પાઉડરનો પ્રયોગ પુરો થયા બાદ પ્રયોગ અંગેના તમામ સાધનો એક સુટકેસમાં રાખીને પેક કરવામાં આવેલા અને ત્યારે સાહેબએ તે વખતે પ્રયોગ કરનાર વ્યકિતને એવુ કહેલ કે, હવે આગળની કાર્યવાહી માટે તમારે સાથે આવવાનું નથી અને હવે પછીનો આગળના પ્રયોગ અંગેની કાર્યવાહી શ્રી જાડેજાએ કરવાની છે તેવુ જણાવેલ અને આ સુટકેશ જાડેજાને સોંપવાનું કહેતા તે જાડેજા એ સંભાળી લીધેલ. ત્યાર બાદ પી.આઈ.શ્રીએ તેઓને એવી સુચના આપેલ કે, તમારે ફરિયાદી સાથે રહેવાનુ છે અને તમો બંને આક્ષેપિતને મળવા માટે જાવ ત્યારે ફરિયાદી આક્ષેપિત સાથે જે કામ અંગેની વાતચીત કરે તે બાદ તેઓ વચ્ચે જે

કાંઈ વાતચીત થાય, કઈ લેતીદેતી થાય તો તે બાબતે સાવચેતી પૂર્વક જોવુ અને સાંભળવુ અને લાંચની રકમ આક્ષેપિત માંગે અથવા તો કોઈને આપવાનું કહે, અને બાદમાં તે રકમ સ્વીકારીને કયા રાખે છે તે બાબતે પણ જોવું. બાદમાં સાહેબએ ફરિયાદીને પણ એવી સુચના આપેલ કે, તમારે પંચ નં. ૧ સાથે આક્ષેપિતને મળવા જવાનુ અને આક્ષેપિત સાથે તમારે કામ અંગેની વાતચીત કરવી અને તે વાતચીત દરમ્યાન આક્ષેપિત પૈસાની માંગણી કરે તો પેન્ટના ખિસ્સામાં રાખેલ નોટો જમણા હાથે કાઢીને આક્ષેપિતને આપવી અને તે રકમ આક્ષેપિત સ્વીકારી લે ત્યારે તમારે માથા ઉપરની ટોપી ઉતારીને જમણી બગલમાં રાખવી અને આ ઈશારો મળતા અમો પંચ નં.૨ સાથે ત્યાં આવી જઈશું. પી.આઈ. શ્રીએ તેઓ તથા ફરિયાદીને સુચના આપેલ તે વખતે ફરિયાદીને એવુ પણ કહેલ કે, પંચ નં. ૧ બાબતે આક્ષેપિત પુછપરછ કરે તો તે ભાગીયો (ખેતીની જમીન ભાગમાં વાવવા રાખનાર વ્યકિત) છે તેવુ કહેવું. પંચ નં. ૨ને રેડ બાદ પૈસા જયાં રાખેલ હોય ત્યાંથી તેણે લેવાના છે આવી સૂચના આપ્યા સિવાય બીજી કોઈ સુચના પંચ નં.૨ ને આપેલાનું તેમને યાદ નથી. બાદમાં આ અંગેનું પ્રાથમિક પંચનામુ પૂર્ણ કરવામાં આવેલ અને તેમાં તેઓએ તથા તેમના સાથેના પંચે દરેક પાનાના પાછળના ભાગે તથા પ્રાથમિક પંચનામાના અંતે સહીઓ કરેલી. ત્યારબાદ એ.સી.બી. કચેરીએથી નીચે આવી ત્યાં ગ્રાઉન્ડમાં સરકારી મારૂતિ તથા એક જીપ પડેલ હતા, જેમાં તેઓ તથા પંચ નં. ૨ તથા એ.સી.બી. એ.એસ.આઈ.શ્રી જાડેજા, રાવલ તથા ફરિયાદી એમ બધા સરકારી જીપમાં બેઠેલા, જયારે પી.આઈશ્રી, ડી.બી. ઝાલા, એચ. કે. ચુડાસમા મારૂતિ વાનમાં બેસેલા અને તેવી રીતે માળીયા હાટીના જવા માટે રવાના થયેલા. બાદમાં ગળોદરના પાટીયા પાસે વાહન ઉભું રાખવામાં આવેલ અને ત્યાં સાહેબએ આપેલ સુચના મુજબ સાસણ તરફ જતા માળીયા બાયપાસ રોડ ઉપર આવતી હોટલ પાસે વાહન ઉભુ રાખી શ્રી જાડેજા, શ્રી રાવલ એ તેમને ફોન કરે ત્યારે આક્ષેપિતની કચેરીએ તાત્કાલિક પહોંચવાની સૂચના આપેલી, જયારે તેઓ બંને પંચો તથા ફરિયાદી અને પી.આઈ.શ્રી તેમજ શ્રી ડી.બી. ઝાલા વગેરે માર્કેટીંગ યાર્ડ તરફ જવા રવાના થયેલા અને માળીયા ખાતેના છકડા સ્ટેન્ડ પાસે વાહન ઉભું રાખેલ અને ત્યારે તેમને તથા ફરિયાદીને ઉતરીને ચાલતા આક્ષેપિતની કચેરીએ જવાનું કહેતા તેઓ રવાના થયેલા અને તેમની પાછળ પંચ નં. ૨ તથા પી.આઈ તેમજ અન્ય પોલીસ સ્ટાફ તેમનાથી થોડુ અંતર રાખી પાછળ આવતા હતા. ત્યાર બાદ થોડી વારમાં તેઓ ત્યાં પહોંચેલ પરંતુ આક્ષેપિતની કચેરીએ તાળુ મારેલ હતું અને આક્ષેપિતની કચેરીની સામે આવેલ પાનની

દુકાને ફરિયાદીએ જઈ આક્ષેપિત બાબતે પુછતા તેણે જણાવ્યા મુજબ આક્ષેપિતના માણસ થોડી વાર પહેલા ઓફીસે આવેલા પરંતુ ત્યાર બાદ ઓફીસ બંધ કરીને જતા રહેલ છે. ત્યાર બાદ તેઓ બંને ફરી પાછા તેઓ જે વાહનમાંથી ઉતરીને આવેલા તે વાહનમાં જતા રહેલા અને ત્યાં પી.આઈ.શ્રીને આ બાબતની વાતચીત કરેલી. તેથી પી.આઈ.શ્રીએ શ્રી ડી.બી. ઝાલાને એવુ કહેલ કે, તમો બસ સ્ટેન્ડ આસપાસના વિસ્તારમાં રહો અને થોડા થોડા સમયે આક્ષેપિતની કચેરીએ આક્ષેપિત આવીને ઓફીસ ખોલે તે બાબતની તપાસમાં રહેજો અને આક્ષેપિતની કચેરીએ આક્ષેપિત આવે તો ફોન કરી અમોને જાણ કરશો. જેથી તે મુજબ તેઓને તે કામે ત્યાં રોકી તેઓ બંને પંચો, ફરિયાદી તથા પી.આઈ.શ્રી વગૈરે મારૂતિ વાનમાં બેસી માળીયા એસ.ટી. બસ સ્ટેન્ડથી રવાના થઈ ગળોદરના પાટીયા પાસે હાઈવે રોડ પર જઈને ઉભા રહેલા અને સરકારી જીપના માણસોને પાણીધ્રા ગામના પાટીયા પાસે ઊભા રહેવા અને આગળની સુચના મુજબ કામ કરવા જણાવેલ. ત્યાર બાદ સાંજના પાંચેક વાગ્યા સુધી આક્ષેપિતની કચેરી આક્ષેપિતે આવીને ખોલેલ હોય તેવા કોઈ સમાચાર શ્રી ઝાલા તરફથી નહી આવતા તેઓ બંને પંચો, ફરિયાદી તથા સાહેબ વગૈરે ગળોદરના પાટીયા થી માળીયા તરફ રેલ્વે સ્ટેશન વાળા રસ્તે થઈ નદી આવેલ છે ત્યાં સલામત જગ્યાએ ઉભા રહેલા અને બાદમાં સાહેબએ આપેલ સૂચના મુજબ તેઓ તથા ફરિયાદી આક્ષેપિતની કચેરી તરફ જવા રવાના થયેલ અને પંચ નં. ૨ તથા અન્ય સ્ટાફ પણ સરકારી મારૂતિ વાન રાખેલ ત્યાં ગયેલા. ત્યારે તેઓને પુછતા તેઓએ જણાવેલ કે, હજી પણ આક્ષેપિતની કચેરીએ તાળુ મારેલ છે અને ફરી વાર તે બાબતે ની પુછપરછ પણ કરેલી છે, જેથી આક્ષેપિત બહાર ગામ ગયેલ હોય તેવુ જણાઈ આવે છે. બાદમાં તેઓ તથા ફરિયાદી મારૂતિ વાન રાખેલ ત્યાં ગયેલા અને ત્યાંથી ગળોદરના પાટીયા પાસે ગયેલા અને ત્યારે પી.આઈ.શ્રીએ આક્ષેપિત આજના દિવસે મળી આવે તેમ ન હોવાનું જણાતા લાંચનું છટકુ મુલત્વી રાખવાનો નિર્ણય કરેલ અને જેથી ફરિયાદીના પેન્ટના જમણા ખિસ્સામાં રાખેલ મુદ્દાની ફિ.પા. વાળી નોટો બહાર કાઢી એક કવરમાં મુકી તેઓ પંચોની સહીવાળી કાપલી મુકી પેક કરી સાહેબે પરત લઈ લીધેલ અને બાદમાં ફરિયાદીને સાહેબે એવી સુચના આપેલ કે, હવે પછી આક્ષેપિત તમારો સંપર્ક કરે અને જયાં મળવાનું નકકી થાય તે મુજબની સમય–સ્થળ વગૈરેની માહિતી તેઓને આપવી અને તમામ સભ્યોને સાહેબે આ બાબતની ગોપનીયતા રાખવી તેવી કડક સૂચના આપેલી. આ અંગેનું તમામ લખાણ વાળુ બીજા ભાગનું પંચનામુ તૈયાર કરવામાં આવેલ, જે વાંચીને

તેઓએ તથા તેમની સાથે બીજા પંચે દરેક પાને તથા પંચનામાના અંતિમ ભાગે સહીઓ કરેલી. તેમને માર્ક–૧૯/૫ નું પંચનામુ બતાવતા જણાવે છે કે, તે ઉપરોકત વિગતેનું છે, જેમાં તેમની તથા તેમની સાથેના પંચની સહીઓ તેઓ ઓળખી બતાવે છે.જે આંક–૭૧થી રજૂ છે. તેમજ આંક–૫૦ વાળી ફરિયાદ બતાવતા જણાવે છે કે, તેમાં તેમની તથા તેમની સાથેના પંચની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે. રૂા.૨૫૦/–ની કુલ ચલણી નોટો રજુ થતાં તે નોટો ઉપર ફીનોલ્ફથેલીન પાઉડર આ નોટોના બન્ને બાજુએ રૂ વડે ઘસીને ચોપડેલ બાદમાં આ નોટો તેમને બતાવેલ તો તેઓને સમજ કરવામા આવ્યા મુજબ તે નોટો ઉપર પાઉડર દેખાતો ન હતો. બાદમા આ ચલણી નોટો સાહેબની સુચનાથી કેસરીચાભાઈએ ફરીયાદીના પેન્ટના જમણી બાજુના ખીસ્સામા રાખી દીધેલ ત્યારે ફરીયાદીને લાંચ આપવાનો પ્રસંગ ઉપસ્થિત ન થાય ત્યા સુધી આ નોટને નહી અડવાનું ફરીયાદીને જણાવેલ. નોટો ઉપર પાવઉડર લગાવવા માટે બોટલમાથી કાઢેલ પાવડર જે વધેલો તે આગળના પૃથ્થકરણ માટે પડીકી વાળી તેમની સહી વાળી કાપલીઓ ચોડી કબ્જે લેવામાં આવેલ. ત્યારબાદ કેસરીચાએ પોતાના હાથ તથા સાધનો સાફસકાઈ કરી નાખેલા બાદમાં તેઓ બંને પંચો અને ફરીયાદી અને તમામ એ.સી.બી સ્ટાફના હાથના આગળાની તપાસ કરવામાં આવેલી જેમાં કોઈ પાવડરની હાજરી જણાઈ આવેલ નહી. ત્યારબાદ ભુતૈયા સાહેબે શ્રી કેસરીચાને લાંચના છટકામા આવવાનું નથી તેવું જણાવેલ અને તેની જગ્યાએ એ.એસ.આઈ.જાડેજાને લાંચના છટકામા પ્રયોગ અંગેની કીટ સહીત સાથે આવવા માટે જણાવેલ. ત્યારબાદ તેમને ફરીયાદી સાથે લાંચના છટકા માટે જઈએ ત્યારે સાથે રહેવાની સુચના આપેલ અને આરોપીને જયારે મળે ત્યારે ફરીયાદી અને આરોપી વચ્ચે તેની વારસાઈ એન્ટ્રી બાબતે વાતચીત થાય અને ત્યારબાદ ફરીયાદમાં જણાવ્યા મુજબના આક્ષેપનો વ્યવહાર થાય તો ફરીયાદી તેને આપેલ મુદ્દાની નોટો તેઓ આક્ષેપીતને આપશે અને ત્યારબાદ ફરીયાદી સુચિત ઈશારો કરે ત્યાં સુધી જે કાંઈ કાર્યવાહી થાય તે હેતુલક્ષી વાતચીત જોવી, સાંભળવી અને તે મુજબની હકીકત જાણવી અને આ જ બાબતની હકીકતની સમજ ફરીયાદીને પણ સાહેબે કરેલી અને ફરીયાદી તથા તેઓને સાહેબે એવુ પણ જણાવેલ કે, આક્ષેપીતને શંકા જાય અને તેઓ બાબતે પુછે તો ફરીયાદીને તેઓના ભાગીદાર હોવા અંગેનું જણાવવું તેમ જણાવેલ અને છટકું સફળ થાય ત્યારે બાદમાં તેઓ બધાની હાજરીમાં તમારે આ તમામ હકીકત જણાવવી. ત્યારબાદ તેમની સાથેના બીજા પંચ આસીફભાઈને સાહેબે એવી સુચના આપેલ કે, તમારે અમારી

એટલે કે એ.સી.બી.સ્ટાફ સાથે રહેવાનું છે અને ફરીયાદી અને પંચ આક્ષેપીતને મળવા માટે જાય અને છટકું સફળ થાય તો તેઓને સુચન ઈશારાથી જાણ કરવાની સમજણ આપેલી અને બાદમાં આપણે સુચીત ઈશારો થતા તુરત સ્થળ ઉપર જવાનું છે. તેવી સુચના આપેલ. આ અંગેનું પ્રાથમીક પંચનામું એ.સી.બી.કચેરી જૂનાગઢમાં પુર્ણ થયેલ ત્યારે તે પંચનામું વાંચીને તેઓએ તથા તેમની સાથેના પંચ આસીફભાઈએ કરેલી. ત્યારબાદ તારીખ:૧૦/૦૧/૨૦૦૬ના રોજ એ.સી.બી.કચેરી જુનાગઢ ખાતે સવારે ૮–૦૦ વાગ્યે પંચમા રહેવા બોલાવેલ જેની વિગતમા ગઈ કાલ તારીખ ૦૯/૦૧/૨૦૦૬ના રોજ આપવામાં લેખીત ચાદીના અનુસંધાને તેઓ એ.સી.બી.પોલીસ સ્ટેશન જુનાગઢ ખાતે ગયેલા. ત્યા પહોંચતા તે સમયે શ્રી ભુતૈયા સાહેબે તેઓને એવા મતલબની સમજ કરેલ કે, તારીખ:૦૬/૦૧/૨૦૦૬ના રોજ આ કામના ફરીયાદી શ્રી જેઠસુરભાઈ રહેવાસી માળીયા વાડી વિસ્તાર વાળાની ફરીયાદના અનુસંધાને તા:૦૭/૦૧/૨૦૦૬ના રોજ ગોઠવવામા આવેલ લાંચનું છટકું મુલત્વી રાખવામા આવેલ હોય અને ત્યારબાદ ફરીયાદીએ વિશેષ ફરીયાદ આપી લાંચની રકમની માંગણી કરેલ હોવાનું તે ફરીયાદમા જણાવેલું જેથી તે અંગેની કાર્યવાહી કરવાની છે તેવી સમજ કરેલ. આ વખતે કચેરીમા ફરીયાદી પણ હાજર હતા. ત્યારબાદ તેણે વિશેષ ફરીયાદની ટુંકી હકીકત સાહેબની સુચનાથી તેઓને જણાવેલ અને બાદમાં તેણે આપેલ વિશેષ ફરીયાદ પણ તેઓ તથા તેમની સાથેના પંચે વંચાણે લીધેલ અને તે દ્વારા તેઓને એવું જાણવા મળેલ કે, આગલે દિવસે એટલે કે તા:૦૯/૦૧/૨૦૦૬ના રોજ આક્ષેપીત શ્રી કલોલા તથા તેમની સાથે કામ કરતા જોશીભાઈ નામના માણસ માળીયા હાટીના ગામે લીમડા ચોકમાં મોટર સાઈકલ ઉપર નિકળતા ફરીયાદીને મળેલ અને જણાવેલ કે, આવતી કાલે ઓફીસે આવી જાશો અને રૂા.૨૫૦/– લેતા આવશો અને તમારૂ કામ થઈ જશે. આ પ્રમાણે વાત થયેલ હતી. બાદમાં ભુતૈયા સાહેબે તેમની એ.સી.બી.સ્ટાફ સાથે પરીચય કરાવેલ અને તેમનો પરિચય તેઓને આપેલ. ત્યારબાદ ફરીયાદીની અંગઝડતી કરવામા આવેલ તેમા કોઈ શંકાસ્પદ મળી આવેલ નહી અને બાદમા તેના શર્ટના ડાબી બાજુનુ ખીસસું ખાલી હતું અને પેન્ટના ડાબી બાજુના ખીસ્સામાંથી રૂા.૩૭૦/– તથા અન્ય પરચુરણ કાગળો મળી આવેલ. બાદમાં તેણે પહેરેલ શર્ટના ડાબી બાજુનુ ખીસ્સું ખાલી કરાવેલ હતું ત્યારબાદ તેઓ બંને પંચો તથા એ.સી.બી.ના સ્ટાફની અરસપરસ અંગઝડતી કરવામા આવેલ અને સાહેબે શ્રી બી.એન.કેસરીયાને ફીનોપ્થેલીન પાવડરના પ્રયોગ તથા ગુણધર્મો સમજાવવા

માટે જણાવેલ અને તે મુજબ તેઓને સમજ કરવામાં આવેલ અને બાદમાં શ્રી કેસરીયાએ એક કવર કાઢેલ જેમાંથી રૂા.૨૫૦/–ના દરની નોટો જેમા રૂા.૧૦૦/–ના દરની બે અને રૂા.૫૦/–ના દરની એક એવી રીતે નોટો રજૂ કરવામાં આવેલી. જેની તપાસ કરતાં અગાઉ નિષ્ફળ રહેલ છટકાના પંચનામાના પ્રથમ ભાગમાં પંચનામામાં જણાવ્યા મુજબની વિગતની હતી. ત્યારબાદ આ નોટો શ્રી કેસરીયાએ ફરીયાદીના શર્ટના ડાબી બાજુના ખીસ્સામાં શ્રી કેસરીયાએ રાખી લીધેલ અને અગાઉ જે છટકાની કાર્યવાહી મોકુફ રાખેલ તે પંચનામું કરતી વખતે આપેલ તે મુજબની સુચના સાહેબે તેમને તથા ફરીયાદીને આપેલ અને પાવડર અંગેના ગુણધર્મો અંગેની સમજ આપી અને તે અંગેનો પ્રયોગ કરી બતાવેલો. ત્યારબાદ મુદાની નોટો જે કવરમાંથી કાઢેલ તે કવર બાળીને નાશ કરવામાં આવેલ હતું અને બાદમાં તેઓ બન્ને પંચો ફરીયાદી તથા એ.સી.બી.ના તમામ સ્ટાફના હાથની તથા આંગળાઓની તપાસ દ્રાવણ દ્વારા કરવામા આવેલી પરંતુ તેના હાથ ઉપર ફીનોપ્થેલીનની હાજરી મળી આવેલ નહી. ત્યારબાદ લાંચના છટકા વખતે કેસરીયાએ પ્રયોગના સાધનો જાડેજાને આપવા અને તેણે તે સાથે રાખી સાથે રહેવાની સમજ કરેલ. બાદમાં આ અંગેનું ત્રિજા ભાગનું પંચનામું એ.સી.બી.કચેરીએ પુર્ણ કરવામા આવેલ જેમા તેઓ બન્ને પંચોએ સહીઓ કરેલી. તેમને માર્ક ૧૯/૬નું પંચનામું બતાવવામા આવે છે અને તેમાં પંચ નં.૧ તરીકે પોતાની અને પંચ ન. ૨ તરીકે તેમની સાથેના આસીફભાઈએ તેઓએ સહી કરેલ તે વખતે જ સહી કરેલ જે ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સાહેબની સુચના મુજબ તેઓ બધા નીચે આવેલા અને સરકારી મારૂતી વાનમાં તેઓ બંન્ને પંચો બેઠેલા હતા અને એ.એસ.આઈ.રાયઝાદા સિવાયના એ.સી.બી.ના સ્ટાફના સભ્યો હતા. જયારે રાયજાદા તેમના હીરોહોન્ડા મોટર સાઈકલ લઈને તેમની મારૂતી વાનની પાછળ આવવા રવાના થયેલા જે તેઓ સવારના ૯–૪૦ કલાકે જુનાગઢથી વાયા વંથલી કેશોદ ગળોદર પાટીયા પાસે આવતા ત્યા એક રાજદુત મોટર સાઈકલ વાળા રોડ ઉપર ઉભેલ હોય ફરીયાદીએ જણાવેલ કે, આ મારો ભત્રિજો રોડ ઉપર ઉભેલ છે તેથી તેની પાસે જઈને મારૂતી વાહન ઉભું રાખેલ. ત્યારબાદ ફરીયાદીએ મારૂતી વાનમાથી નીચે ઉતરી તેઓ પંચ નંબર–૧ આ રાજદુત મોટર સાઈકલ ઉપર બેસીને આક્ષેપીત શ્રી ત.ક.મંત્રી કલોલાભાઈની ઓફીસે પહોંચી ગયેલા અને ત્યાં શ્રી કે.કે.ભુતૈયા તથા એ.સી.બી.પાર્ટીના કર્મચારીઓ તથા પંચ નંબર–૨ સદર બનાવ વાળી કચેરીએ આવીને છુટાછવાયા ગોઠવાઈ ગયેલા અને તેઓ આક્ષેપીતની ઓફીસમાં જાશું અને ફરીયાદીના ભત્રિજા રણજીતભાઈ સીસોદીયા પાસેથી

રાજદુત મોટર સાઈકલ લઈને તેમને તેમા બેસાડી ગળોદરના પાટીયાથી આશરે ૧૧–૩૦ કલાકે આક્ષેપીતની ઓફીસે જવા રવાના થયેલા અને પંચ નંબર–૨ તથા એ.સી.બી.નો સ્ટાફ મારૂતી વાનમાં પાછળપાછળ આવેલા. તઓ બધા માળીયા ગામની મુખ્ય બજારમાં થઈ આક્ષેપીતની ઓફીસ પાસે આવેલ હીતેષ ટેડર્સ નામની દુકાન સામે ફરીયાદીએ મોટર સાઈકલ ઉભું રાખેલ અને પાર્ક કરી દીધેલ. ત્યારબાદ પંચ નંબર–૨ તથા પોલીસ કોન્સ્ટેબલ ચુડાસમા મુખ્ય બજારમાં આવેલ તલાટી મંતી કલોલાની ઓફીસ સુધી સરકારી મારૂતી વાનમાથી ઉતરીને પગે ચાલી આવતાં શ્રી ભુતૈયા તથા શ્રી રાયજાદા પણ ત્યા પાનની દુકાને ઉભેલ હતા. આ રીતે આક્ષેપીતની ઓફીસની આજુબાજુ પંચ નંબર–૨ તથા શ્રી ભુતૈયા તથા એ.સી.બી. પાર્ટીના કર્મચારીઓ સલામત રીતે આજુબાજુ ગોઠવાઈ ગયા બાદ તેઓ તથા ફરીયાદી શ્રી જેઠસુરભાઈ આક્ષેપીત શ્રી કલોલાભાઈની ઓફીસે જતાં તે ઓફીસનો દરવાજો કે જે મુખ્ય બજાર બાજુ પડે છે તેમાથી પ્રવેશ કરી અંદર ગયેલ હતા અને ત્યારબાદ આશરે કલાક ૧૨–૦૫મીનીટના સુમારે ફરીયાદી આક્ષેપીતની કચેરીના મુખ્ય બજાર તરફ પડતા દરવાજામાંથી બહાર ઓટલા ઉપર આવી સુચિત ઈશારો કરેલ. જે ઈશારો કરતાં ત્યાં ભુતૈયા સાહેબ અને તેમનો સ્ટાફ તથા પંચ નંબર–૨ ત્યા આવી ગયેલ. સાહેબે તેમને ત્યા આવીને પુછ્યું કે, પૈસા કયા રાખેલ છે તેથી તેઓએ જણાવેલ કે, આક્ષેપીતે તેના શર્ટના ઉપરના ખીસ્સામા રાખેલ છે. તેવું કહેતા સાહેબે આક્ષેપીતના ખીસ્સામાથી પૈસા કાઢયા અને ચેક કરવાનું તેમના સ્ટાફને કીધું. ચેક કરતા તે નોટો ઉપર આછા ગુલાબના ડાઘ–નિશાન જોવામા આવેલ. ત્યારબાદ સદર કબ્જે કરેલ નોટોનું તેમના રૂબરૂ પરીક્ષણ અને ચકાસણી કરી આગળની તપાસ અર્થે તેમની સહીવાળી કાપલી ચોડી એક કવરમાં શીલપેક કરી પોલીસે કબ્જે લીધેલ. ત્યારબાદ આ નોટોને લગતની કાર્યવાહીમાં ફરીયાદીના હાથના તથા કપડાની પણ ફીનોપ્થેલીન પાવડર સંદર્ભે તપાસ કરવામા આવેલ અને આક્ષેપીતના હાથના આંગળાની અને તેના શર્ટની પણ તપાસ કરવામાં આવેલી અને આ તપાસ દરમ્યાન ફીનોપ્થેલીન પાવડરની હાજરીની તપાસ કરવામા આવેલ અને જે જણાઈ આવતાં આક્ષેપીતના કપડા તથા આક્ષેપીતના હેન્ડ વોશનુ દ્રાવણ શીલપેક કરી કબ્જે લેવામા આવેલ અને બાદમાં બનાવની હકીકત તેઓએ પી.આઈ.શ્રીએ તેઓને અગાઉ ફરીયાદી સાથે રહેવાનું જણાવેલ અને આક્ષેપીતને મળતી વખતે જે કાઈ વાતચીત કે વ્યવહાર થાય તે ધ્યાને લેવા જણાવેલ હોય અને તે મુજબની વાત તેઓએ પી.આઈ.શ્રી તથા અન્ય સ્ટાફ રૂબરૂ જણાવેલી અને તે અંગેની

નોંધ પંચનામામાં કરવામાં આવેલી. આક્ષેપીતની અંગજડતી જયારે કરવામા આવેલ ત્યારે તેના બેંક ખાતાની પાસબુક પણ મળી આવેલ જેની તપાસ કરી જે અંગેની નોંધ પણ પંચનામામાં કરવામા આવેલ. ટ્રેપ સફળ થયા બાદ ફીનોપ્થેલીન પાવડરની હાજરી જાણવા માટેની જે પ્રયોગાત્મક કાર્યવાહી પી.આઈ.શ્રીની સુચનાથી શ્રી જાડેજાએ કરેલ હતી તેમજ આ કાર્યવાહી દરમ્યાન આક્ષેપીતના ટેબલ ઉપરના રજીસ્ટરોની પણ તપાસ કરવામા આવેલી જેમાં હાલના કામના ફરીયાદીએ જે હકીકતની ફરીયાદ આપેલ તે સંદર્ભેની પણ નોંધ એક રજીસ્ટરમાં જોવામા આવેલી અને તે અંગેની નોંધ પણ હાલના પંચનામામાં કરવામા આવેલ છે. આમ, એકંદરે તેઓ પંચનામાની કાર્યવાહી માટે પ્રથમ વખત તા:૦૭/૦૧/૨૦૦૬ના રોજ એ.સી.બી.કચેરીએ હાજર રહેલા અને ત્યારબાદ પ્રાથમીક પંચનામું પુર્ણ કર્યા બાદ ફરીયાદીએ જણાવેલ વિગતે ટ્રેપ કરવા માટેની કાર્યવાહી કરવામા આવેલી અને તે વખતે ટ્રેપની કાર્યવાહી મોકુફ રાખવામા આવેલ અને ત્યારબાદ ફરીવાર તાઃ ૧૦/૦૧/૨૦૦૬ કરવામા આવેલ કાર્યવાહી વખતે પણ હાજર રહેલ અને તેઓએ ઉપર જણાવેલ વિગતે ટ્રેપની કાર્યવાહી થયેલ તે દરમ્યાન પી.આઈ.શ્રીની સુચના મુજબ ફરીયાદી સાથે રહેલ અને પ્રાથમીક પંચનામું પુર્ણ કર્યા બાદ ફરિયાદી સાથે તેઓ આક્ષેપીતને મળવા જવાનું થયેલ ત્યારે તેઓ સાથે રહેલા અને બાદમાં તમામ કામગીરી તેમની હાજરીમાં થયેલ જે તેઓએ પી.આઈ.શ્રીને જણાવેલી. તેમને માર્ક ૧૯/૬નું પંચનામું બતાવતા જણાવે છે તે તેમની ઉપર જણાવેલ વિગતેની કાર્યવાહી તેઓ ફરીયાદી સાથે રહીને કરેલ તે તમામ કાર્યવાહીમાં પ્રથમ ભાગના પંચનામાની કાર્યવાહી તથા બીજા ભાગના પંચનામાની કાર્યવાહી તેમના રૂબરૂ થયેલ તે અંગેનું લખાણ તેઓએ વાંચીને તેમા સહી કરેલી. જે તે જ પંચનામું છે તેમા તેમની સહી પંચ–૧ તરીકે ઓળખી બતાવેલ છે. બીજા પંચ તરીકે આસીફભાઈ બાબીની સહી છે, જે આંક–૭૩થી રજૂ છે. સદર કાર્યવાહી દરમ્યાન આરોપીના બંન્ને હાથના હેન્ડવોશનું દ્રાવણ તથા રેડની કાર્યવાહી દરમ્યાન મળી આવેલ નોટો તથા આક્ષેપીતે બનાવ સમયે પહેરેલ શર્ટ કબ્જે લીધેલ તે અંગેનો સીઝર મેમો તૈયાર કરવામાં આવેલ તે વખતે તેઓએ તથા તેમની સાથેના પંચે સહી કરેલી જે આ કામે માર્ક ૧૯/૭ થી રજૂ છે જેમાં તેમની તથા તેમની સાથેના પંચની સહી ઓળખી બતાવે છે, જે આંક–૭૪થી રજૂ છે. પોલીસે બનાવ સબંધે પુછપરછ કરી નિવેદન નોંધેલ. આક્ષેપીતને નામદાર કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. માર્ક–એ થી ફીનોપ્થેલી પાવડર નોટ ઉપર લગાવવા માટે કાઢવામા આવેલ તે પૈકીનો વધેલ પાવડરની પડીકી વાળી

આગળની તપાસ અર્થે એક કવરમાં મુકી શીલપેક કરવામા આવેલ અને તે વખતે તેમની સહી લેવામાં આવેલ જે માર્ક– એ વાળું કવર ઉપર પંચ–૧ તરીકે તેમની તથા તેમની સાથેના પંચ આસીફભાઈ બાબીની સહી છે જે ઓળખી બતાવે છે તથા તે કવર અંદરથી મળેલ પાવતીની સ્લીપમાં સદરહું મુદામાલ તેમની હાજરીમા કબ્જે લેવામા આવેલ તે સંદર્ભેની તેઓએ તથા તેમની સાથેના પંચે સહી કરેલ તે ઓળખી બતાવેલ છે. જે આંક–૭૫થી રજૂ છે. તેમને આર્ટીકલ નં.ર તથા ૩ (માર્ક–બી તથા સી)ની બોટલો બતાવવામા આવે છે જે ઉપર ચોંટાડેલ સ્લીપમા આક્ષેપીતના ડાબા તથા જમણા હાથના હેન્ડ વોશનું દ્રાવણ શીલપેક કરી કબ્જે લેવામા આવેલ તે બન્ને અલગ અલગ બોટલો છે જે જોઈને જણાવે છે તે બંને બોટલો ઉપર ચોંટાડેલ સ્લીપમા પંચ–૧ તરીકે તેમની તથા પંચ–ર તરીકે તેમની સાથેના પંચની સહી છે જે ઓળખી બતાવેલ છે. તેમને માર્ક–ડી આર્ટીકલ નં.૪નું કવર બતાવતા જણાવે છે કે, તે કવર ઉપર ચોંટાડેલ સ્લીપમા પંચ–૧ તરીકે તેમની તથા પંચ–ર તરીકે તેમની સાથેના પંચની સહી છે જે ઓળખી બતાવે છે. તે કવરમાંથી નિકળેલ રૂ.૧૦૦/–ના દરની બે તથા ૫૦/–ના દરની નોટ તથા તે સાથે કવર ઉપર ચોટાડેલ પંચ સ્લીપની કાર્બન કોપી નીકળેલ છે તેમા પણ પંચ–૧ તરીકે તેમની તથા પંચ–ર તરીકે તેમની સાથેના પંચની સહી છે જે ઓળખી બતાવેલ છે. આ સહીઓ તેઓએ પંચનામાની વિગતે આક્ષેપીતના કબ્જામાથી મુદાની નોટો મળી આવેલ અને કબ્જે લેવામા આવેલ તે કાર્યવાહી વખતે કરેલ સહીઓ છે જે પંચ સ્લીપની કાર્બન કોપી આંક–૭૬થી રજૂ છે. તેમને માર્ક–ઈ આર્ટીકલ નં.પનું કવર ઉપર ચોંટાડેલ સ્લીપ બતાવતા જણાવે છે તેમા ચોંટાડેલ સ્લીપમા પંચ–૧ તરીકે તેમની તથા પંચ–ર તરીકે તેમની સાથેના પંચની સહી છે જે ઓળખી બતાવેલ છે. તે કવરમાથી નીકળેલ શર્ટ જોઈને જણાવે છે કે, પંચનામાની કાર્યવાહી દરમ્યાન કબ્જે લેવામા આવેલ શર્ટ છે તે શર્ટ સાથે કવર ઉપર ચોંટાડેલ સ્લીપની કાર્બન કોપી નીકળેલ છે તે બતાવતા જણાવે છે તેમા પણ તેમની તથા તેમની સાથેના પંચની સહી છે જે ઓળખી બતાવે છે. જે આંક–૭૭થી રજૂ છે.

(૯.૧) આરોપી તરફે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, તેઓ ધોરણ–૫ ગુજરાતી સુધી ભણેલ છે. તેઓ ૧૯૭૯માં એસ.ટી.વિભાગમાં ઈલેકટ્રીશ્યન તરીકે તેમની ફરજ પર જોડાયેલ. તેમની પાસે ઈલેકટીશ્યન કોલેજની કોઈ ડીગ્રી હતી નહી. તેમને અનુભવ હતો. તેમની ફરજમાં બસની ઈલેકટીસીટીની ખામી દુર કરવાનું કામ આવે.

તેમને બનાવના દિવસે સવારના છ વાગ્યે એ.સી.બી.ઓફીસે બોલાવેલ હતા. તેમને શુક્રવારે સાંજે પાંચ વાગ્યે પોલીસ ખાતું ઓફીસમાં આવેલું ત્યારે તેમને આ બાબતની જાણ કરી તેમને પંચમાં રહેવા સુચીત કરેલ આમ તેમને બનાવના આગલા દિવસે જાણ કરેલી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસ ખાતાના અધિકારીઓ સૌ પ્રથમ તેમના ઉપરી અધિકારીશ્રીને તે સમયે મળેલા. તેમજ તેમને બોલાવવા માટે તેમના સાહેબને બીજા પંચનામા વખતે એ.સી.બી.ના અધિકારીશ્રીએ સંપર્ક કરેલો. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, જયારે જયારે એ.સી.બી.ખાતાને પંચની જરૂર પડે ત્યારે તેમના કર્મચારીઓને બોલાવતા હોય છે. તેમજ એ.સી.બી.ની આવી ઘણી કાર્યવાહીમાં તેમના સ્ટાફના માણસો જાય છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેમના ઉપરી અધિકારીઓ એ.સી.બી.ખાતાને સહકાર આપવા માટે ક્ર મશઃ તેમના કર્મચારીઓને મોકલતા હોય છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેમના ઉપરી અધિકારી હુકમ ફરમાવે તો તેમને એ.સી.બી.ના પંચમા જવું પડે તે તેમની ફરજનો ભાગ છે અને જો ના પાડવામાં આવે તો તેમની ઉપર ખાતાકીય પગલાં પણ ભરાવવાની શક્યતા રહેલ હોય છે. તમજ તેમને ખાતાકીય પગલાનો સામનો ન કરવો પડે તેથી તેઓ પંચમા રહેલ. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, જે સમયે તેઓ પંચમા ગયા તેની અગાઉના દિવસોમાં તેઓએ કેટલી કેટલી એસ.ટી.બસોનું ઈલિકટ્રીક સબંધી કામ કરેલ હશે તે તેઓ હાલમા કહી શકે નહી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, સદર પંચમા રહેવા માટેનો તેમના ડીપાર્ટમેન્ટે તેમને લેખીતમાં આદેશ કરેલ નહી તેમજ તે દિવસે તેઓએ રજા રીપોર્ટ મુકેલ નહી.વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેમના વિભાગમાં અવરજવર પુસ્તીકા હોતી નથી. તે અન્ય વિભાગમાં હોય છે. તેઓએ સ્વીકારેલ કે, બીજી વખત પંચમા રહેવા માટે બનાવના દિવસે તેઓ સવારે ૫–૪૫ કલાકે તેમના નિવાસ્થાનેથી નીકળીને સવારે ૬–૦૦ કલાકે પોલીસ સ્ટેશન પહોંચેલ હતો ત્યા તેઓને પ્રથમ સમજણ કરેલ અને ત્યારબાદ રેઈડની કાર્યવાહી વાસ્તે તેઓ નીકળેલ હતા. તેમજ તેમને રેડના દિવસે પોલીસ તરફથી એફ.આઈ.આર. તથા પંચનામાની નકલ આપવામા આવેલ ન હતી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, જયારે તેમને કોર્ટમા જુબાની દેવા બોલાવેલ ત્યારે તેમની પાસે પંચનામાની કોઈ નકલ હતી નહી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, આ કામમાં આંક–૭૧ તથા આંક–૭૩ના પંચનામાઓ પી.આઈ.શ્રી ભુતૈયા સાહેબે તેના રાઈટર પાસે લખાવેલા. આ પંચનામા લખાવતી વખતે તેઓએ કોઈ સુચન સાહેબને કરેલ નહી.વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, પ્રથમ પંચનામા વખતે તેઓ જયારે

સ્થળ પર ગયેલા ત્યારે આક્ષેપીત તેમની ઓફીસે આવીને પરત જતા રહેલા તેમજ બીજા પંચનામા વખતે તેઓ જયારે આક્ષેપીતની ઓફીસે પહોંચેલ ત્યારે તેમના સહીત આક્ષેપીત અને અન્ય બીજો એક ઈસમ હાજર હતો તે ઈસમનું નામ તેમને ખબર નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ સમય દરમ્યાન શ્રી ભુતૈયા સાહેબ નાઓએ આક્ષેપીતના ટેબલ ઉપર પડેલ કોઈ રજીસ્ટરોની ચકાસણી કરેલ કે કેમ તે તેમને હાલમાં જાણ નથી. તેમને નામદાર કોર્ટની પરવાનગીથી આંક–૭૩ વાળા પંચનામાના પાના નં.૧૬ના નીચેના ભાગનું લખાણ બતાવી પુછવામા આવે છે કે, ‘'આક્ષેપીત શ્રી રમણીકભાઈ કલોલાના ટેબલ ઉપર પડેલ એક રજીસ્ટર જોતાં તેમાં " તલાટી/મંત્રી ઈ–ધરા કેન્દ્ર સાથે કાગળો લેવડદેવડ કર્યાની વિગતનું રજીસ્ટર" ગામ–માળીયા હાટીના તા.માળીયા હાટીનાનું ચેક કરતાં જેમાં અનુક્રમ નં.૧૩૮/૧૪૦ લખેલ છે એન્ટ્રી નં.૬૩૬૨, એન્ટ્રી પાડયા તા:૧૨/૮/૨૦૦૫ અરજદારનું નામ જેઠસુરભાઈ લાખાભાઈ સીસોદીયા, એન્ટ્રીનો પ્રકાર વારસાઈ, તલાટીને ઈ–ધરા કેન્દ્ર દ્વારા એન્ટ્રીના કાગળો મળ્યા તા:૨૪/૮/૨૦૦૫, નોંધ નીકાલ કર્યા તારીખની જગ્યા ખાલી છે, નોંધ મંજુર કે નામંજુરના ખાનામાં મંજુર લખેલ છે પાકી એન્ટ્રીના નંબર ગ્રામ પંચાયત મળેલ હોય તો એસ ફોર્મ તાઃ ૧૩/૧૨/૦૫ લખેલ છે તે રીતેનું આ રજીસ્ટરમાં નોંધ થયેલ હોય, આ નોંધના રીમાર્કસના ખાનામાં તેઓ બંને પંચો તથા પોલીસ ઈન્સ્પેકટર કે.કે.ભુતૈયાની સહીઓ કરી તાઃ ૧૦/૦૧/૨૦૦૬ લખી તપાસી તે પ્રમાણે નોંધ કરવામા આવેલ છે". તે મુજબનો ઉલ્લેખ છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, ઉપર મુજબની નોંધો તથા દસ્તાવેજ શ્રી ભુતૈયા સાહેબનાઓએ તે સમયે કબ્જે કરેલ. તેમજ હાલનો બનાવ બન્યો ત્યારે તે સમયે, તે સ્થળે શ્રી સુથાર તથા શ્રી જોશીભાઈ બંને ઈસમો ત્યાં હાજર હતા. તેમજ તે બંને ઈસમોનું નિવેદન શ્રી ભુતૈયા સાહેબે તે સમયે નોંધેલું. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેમની સાથે શ્રી ભુતૈયા સાહેબ તથા પોલીસનો સ્ટાફ સ્થળ પર પહોંચ્યા ત્યારે ત્યાં ફરીયાદી સૌ પ્રથમ આરોપીના રૂમમાં ગયેલા અને તે સમયે તેઓ તથા શ્રી ભુતૈયા સાહેબ તથા તેઓ તથા અન્ય પંચ બહાર ઉભા રહેલા. તેમજ ફરીયાદીએ બહાર આવીને ઈશારો કરતાં તેઓ બધા રૂમમાં જતા રહેલા. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, રૂમમાં ગયા પછી શ્રી ભુતૈયા સાહેબે આક્ષેપીતના ખિસ્સામાંથી પૈસા કાઢેલા. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, ત્યારબાદ તેઓ તથા ફરીયાદી સાઈડમા બેસી ગયેલા અને શ્રી ભુતૈયા સાહેબ આગળ ઉપરની વિધિ કરતા હતા અને વીધી પુરી થયા બાદ તેમની સહીઓ લીધેલી.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૮૩થી પોલીસ સાહેદ કીરીટકુમાર કરશનભાઈ ભુતૈયાને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ જાન્યુઆરી–૨૦૦૬માં એ.સી.બી.પો.સ્ટે.માં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તે સમય દરમ્યાન તા:૬/૧/૨૦૦૬ના રોજ માળીયા હાટીના ગામના ફરીયાદી જેઠસુરભાઈ લાખાભાઈ સીસોદીયા જુનાગઢ એ.સી.બી.પો.સ્ટે. રૂબરૂમાં આવી ફરીયાદ નોંધાવતા તેની તેમના રૂબરૂની ફરીયાદ લખી લીધેલ હતી. આ ફરીયાદમાં તેમણે માળીયા હાટીના તલાટી કમ મંત્રી રમણીકભાઈ અરજણભાઈ કલોલાનાઓએ ફરીયાદીના પિતાજી ગુજરી જતાં તેના પિતાજીના નામની જમીનમાં ફરીયાદીનો તથા તેના કુટુંબના સભ્યોના નામની વારસાઈ એન્ટ્રી માટેની અરજી મામલતદારશ્રી માળિયાનાઓને આપેલ હોય આ અરજી તલાટી મંત્રી પાસે ખરાઈ માટે આવતાં તે અંગેનું કામ કરી આપવા માટેના રૂા.૨૫૦/–ની લાંચની માંગણી કરેલ હોય, આ રકમ પોતે આપવા માગતા ન હોય જેથી આ ફરીયાદ કરેલ છે વગૈરે હકીકત મુજબની ફરીયાદ આપતાં કલાક ૧૬–૦૦ થી ૧૭–૩૦ સુધીની તેમના રૂબરૂની ફરીયાદ લખી લીધેલ જે હાલના કામે આંક–૫૦થી રજૂ થયેલ છે તે જ છે. ત્યારબાદ આ ફરીયાદના અનુસંધાને આક્ષેપીતની કચેરીએ લાંચનું છટકુ ગોઠવવાનું હોય તેમાં પંચોને બોલાવવા માટે મેનેજર શ્રી એસ.ટી.ડેપો જુનાગઢને લેખીત યાદી મોકલી આપેલ હતી. બાદ તા:૦૭/૦૧/૨૦૦૬ના રોજ ફરીયાદી અને પંચો તથા એ.સી.બી. પાર્ટીના માણસોને અગાઉ આપેલ સુચના મુજબ આવી જતાં આ કેસનું પ્રથમ ભાગનું પંચનામું જુનાગઢ એ.સી.બી.પો.સ્ટે.માં તા.૦૭/૦૧/૨૦૦૬ના કલાક ૭–૦૦ વાગ્યે શરૂ કરવામા આવેલ હતું. પંચનામા દરમ્યાન સૌ પ્રથમ ફરીયાદી તથા બંને પંચો અને એ.સી.બી.પાર્ટીના માણસોની અરસપરસ ઓળખ કરાવેલ અને પંચાને પંચનામામાં પંચ તરીકે રહેવા પુછતાં તેઓએ સ્વૈચ્છાએ સહમતી દર્શાવેલ હતી. ત્યારબાદ ફરીયાદીએ તા:૬/૧/૨૦૦૬ના રોજ તેમના રૂબરૂ લખાવેલ તેમની આંક–૫૦વાળી ફરીયાદ બંને પંચોને વાંચવા માટે આપવામાં આવેલ હતી. આ ફરીયાદ વાંચવા અંગે બંને પંચોએ ફરીયાદ ઉપર તેઓની સહી કરેલી. ત્યારબાદ ફરીયાદીને લાંચમાં આપવાની રકમ રજુ કરવાનું કહેતાં તેમણે રૂા.૧૦૦/–ના દરની બે નોટ તથા રૂા.૫૦/–ના દરની એક નોટ એ રીતે કુલ રૂ.૨૫૦/–ની ચલણી નોટો રજુ કરેલ હતી. જે નોટોના નંબર પંચનામામાં નોંધવામા આવેલ હતા જે પંચનામું આંક–૭૧ થી રજૂ છે તે જ છે. બાદ ફરીયાદીની

અંગજડતી કરવામાં આવેલ અને તેમની પાસે રહેલ ચીજવસ્તુઓની પંચનામામાં નોંધ કરવામા આવેલ. ફરીયાદીનું પેન્ટની જમણી બાજુનું ખિસ્સું ખાલી રખાવેલ હતું. ત્યારબાદ બંને પંચો તથા એ.સી.બી. પાર્ટીના માણસો અને અધિકારીઓની અરસપરસ અંગજડતી કરવામાં આવેલ અને કોઈની પાસે કોઈ વાંધાજનક ચીજવસ્તુ નહી હોવાની ખાત્રી કરવામાં આવેલ હતી. ત્યારબાદ એ.એસ.આઈ.કેસરીયાને કચેરીના કબાટમાંથી પ્રયોગના સાધનોની સ્યુટકેસ તથા કાચની બોટલ રજૂ કરવાનું કહેતા શ્રી કેસરીયાએ તે બંને રજુ કરેલ હતાં અને સ્યુટકેસમા રહેલ પ્રયોગના સાધનો બતાવી તેની લાંચના છટકમાંની ઉપયોગીતા તથા કાચની બોટલમાં રહેલ ફી.પા.ના ગુણધર્મો સમજાવેલ. ત્યારબાદ શ્રી કેસરીયાને ફી.પા.ની હાજરી તપાસવા સબંધે પ્રયોગ કરવાની સુચના આપતાં તેમણે પોતાના હાથની આંગળી તથા ફીલ્ટર પેપર ઉપર પ્રયોગ કરીને બતાવેલ હતો. ત્યારબાદ શ્રી કેસરીયાને સુચના આપતાં તેમણે ફી.પા. મુદાની ત્રણેય નોટો ઉપર આગળ પાછળ લગાવેલ અને તેમની સુચના મુજબ ફરીયાદીના પેન્ટના જમણી બાજુના ખીસ્સામાં મુકેલ હતી. ત્યારબાદ ફરીયાદી, બંને પંચો તથા એ.સી.બી. પાર્ટીના માણસોના બંને હાથ સોડીયમ કાર્બોનેટ પાવડરમાં બોળી ખાત્રી કરવામાં આવેલ કે કોઈના હાથ ઉપર ફી.પા.ની હાજરી નથી. ત્યારબાદ મુદાની નોટો ઉપર લગાવતા વધેલો ફી.પા. એક કાગળમાં વીંટી પંચનામા વિગતે માર્ક–એ આપી કબ્જે લીધેલ હતો. ત્યારબાદ પ્રયોગના સાધનો સફાઈ કરી સ્યુટકેસમા પરત મુકી દેવામા આવેલ અને ફી.પા.ની બોટલ ફરીથી કબાટમાં મુકી દેવામાં આવેલ હતી અને શ્રી કેસરીયાને લાંચના છટકામાં નહી આવવા સૂચના આપવામાં આવેલ હતી. ત્યારબાદ આ લાંચના છટકામાં ફરીયાદી, પંચ–૧, પંચ–૨ તથા એ.સી.બી.પાર્ટીના માણસોએ કરવાની કાર્યવાહી અંગે દરેકને અલગઅલગ સુચના આપવામાં આવેલ તેની નોંધ પંચનામામાં કરવામાં આવેલ. આમ, આ લાંચના છટકાનુ પ્રથમ પંચનામુ કલાક ૯–૫૦ વાગ્યે પુરૂં થતાં પંચનામાના દરેક પાના ઉપર પંચો તથા તેમની સહીઓ કરવામા આવેલ. ત્યારબાદ જુનાગઢ એ.સી.બી.પો.સ્ટે.થી સરકારી મારૂતી વાન તથા જીપમાં બંને પંચો, ફરીયાદી તથા એ.સી.બી. પાર્ટીના માણસો કલાક ૯–૫૫ વાગ્યે રવાના થયેલ અને વંથલી, કેશોદ થઈ માળીયા આવેલા. માળીયા હાટીના બસ સ્ટેન્ડ પાસે મારૂતી વાન ઉભું રાખી ફરીયાદી તથા પંચ–૧ને આક્ષેપીતની કચેરીએ રવાના કરેલ અને બાકીના પંચ–૨ અને એ.સી.બી.પાર્ટી મારૂતી વાનના માણસો તેની પાછળ ચાલીને ગયેલ હતા. સરકારી જીપ હાઈ વે ઉપર મોકલેલ હતી. ફરીયાદી તથા

પંચ–૧ થોડી વારમાં આક્ષેપીતની કચેરીએથી પરત આવેલ અને જણાવેલ કે, આક્ષેપીતની કચેરી બંધ છે બાજુની દુકાને પુછતાં તેમના માણસોએ થોડીવાર ખોલેલી. તેથી એ.સી.બી.પી.આઈ. શ્રી ડી.બી. ઝાલાને ત્યાં વોચમાં રાખી બાકીના ગળોદર પાટીયા પાસે પરત આવી ગયેલ હતા. બાદ સાંજના ૧૭–૧૫ સુધી આક્ષેપીતની કચેરી નહીં ખુલતાં ફરીથી પંચ–૧ તથા ફરીયાદીને તપાસ કરવા મોકલેલ. તેમણે પરત આવીને જણાવેલ કે, બાજુની કેબીને પુછતાં મંત્રીશ્રી બહારગામ ગયેલ હશે અને આજે ઓફીસ ખુલસે નહી તેવુ લાગે છે. તેવું જણાવતાં ગળોદર પાટીયા પાસે તમામ આવી આ લાંચનું છટકું સમેટી લઈ અને મુલત્વી રાખેલ. ફરીયાદી પાસેથી પંચ–૨ મારફત લાંચની રકમ જમણી બાજુના ખીસ્સામાંથી મેળવી કાગળના કવરમાં મુકવામાં આવેલ હતી અને તમામને લાંચનું છટકું મુલત્વી રાખવામાં આવેલ હોય, ગુપ્તતા જાળવવા સુચના આપવામાં આવેલ હતી. ફરીયાદીને સુચના આપેલ કે, આક્ષેપીતનો ફરીથી સંપર્ક કરી જો લાંચની માંગણી કરે તો તારીખ, સમય અને સ્થળનો વાયદો કરી ફરીથી સુચના આપવા જણાવવામાં આવેલ હતી અને કલાક ૧૯–૦૦ વાગ્યે લાંચના છટકાનું બીજા ભાગનું પંચનામું પરૂં કરી બંને પંચો તથા તેમની દરેક પાને સહીઓ કરવામા આવેલ હતી. ત્યારબાદ તા:૯/૦૧/૨૦૦૬ના રોજ આશરે પાંચેક વાગ્યે સાંજના ફરીયાદીનો ફોન આવેલ કે, આજે બપોરે કલોલા ભાઈ તથા તેના મિત્ર જોષી ભાઈ મળેલ હતા અને પોતે શનિવારે બહારગામ ગયેલ હોય મળી શકેલ નથી અને હવે આવતી કાલે તા:૧૦/૦૧/૨૦૦૬ના રોજ ઓફીસે આવી રૂા.૨૫૦/– આપી જાજો તમારૂ કામ થઈ ગયેલ છે. તે પ્રમાણે જાણ કરતાં ફરીયાદીના તા:૧૦/૦૧/૨૦૦૬ના વહેલી સવારે છ વાગ્યા પહેલા જુનાગઢ આવી જવા સુચના આપવામાં આવેલ અને ફરીથી બન્ને પંચોને બોલાવવા માટે ડેપો મેનેજરશ્રી જુનાગઢને યાદી લખીને મોકલેલ અને એ.સી.બી. પાર્ટીના માણસોને પણ તાઃ ૧૦/૦૧/૨૦૦૬ના રોજ સવારે ૭–૦૦ પહેલા એ.સી.બી.કચેરીએ આવી જવા સૂચના આપવામાં આવેલ હતી. ત્યારબાદ તા: ૧૦/૦૧/૨૦૦૬ના રોજ જુનાગઢ એ.સી.બી.કચેરીએ તમામ સવારે ૭–૦૦ પહેલા આવી જતાં ફરીયાદી જેઠસુરભાઈ લાખાભાઈ સીસોદીયાની વિશેષ ફરીયાદ કલાક ૭–૨૫ થી ૭–૫૦ દરમ્યાન તેમના રૂબરૂમાં લખી લીધેલ હતી. જે હાલના કામે આંક–૫૦થી સામેલ છે. ત્યારબાદ ફરીથી લાંચનુ છટકું મુલત્વી રાખેલ તે ગોઠવવાનું હોય સવારે ૮–૦૦ વાગ્યે ત્રિજા ભાગનું પંચનામું એ.સી.બી.કચેરી જુનાગઢ ખાતે શરૂ કરવામાં આવેલ હતુ. એ.સી.બી.સ્ટાફના

માણસો પી.આઈ. ઝાલા અને એ.એસ.આઈ.રાવલ અન્ય કામગીરીમા રોકાયેલ હોય તેની જગ્યાએ એ.એસ.આઈ.શ્રી રાયઝાદાને છટકામાં સામેલ કરેલ હતા તેથી ફરીથી તમામની અરસપરસ ઓળખ કરાવેલ. બાદ ફરીયાદીએ તા:૧૦/૦૧/૨૦૦૬ના રોજ નોંધાવેલ વિશેષ ફરીયાદની ટુંક વિગત મૌખીક જણાવવાનું કહેતા તેમણે મૌખીક ટુંક વિગત જણાવેલ હતી. આ વિશેષ ફરીયાદ બંને પંચોને જણાવી તેના ઉપર બંને પંચોની સહીઓ લેવામાં આવેલ હતી. બાદ મુદાની નોટો જે કાગળના કવરમાં પરત મુકેલ હોય તેના ઉપર ફી.પા.ની હાજરી ચકાસવા સબંધે પ્રયોગ કરવાની સુચના આપતા એ.એસ.આઈ.શ્રી કેસરીયાએ પ્રથમ તેમની હાથની આંગળી ઉપર તથા બાદ ફીલ્ટર પેપર મુદાની નોટો ઉપર ઘસી પ્રયોગ કરી બતાવતા આ મુદાની નોટો ઉપર ફી.પા.ની હાજરી આ રીતે ચકાસેલ હતી. આ મુદાની નોટોના નંબર અને દરની ખરાઈ કરતા પ્રથમ ભાગના પંચનામા મુજબના હોય તે અંગે પંચનામામાં નોંધ કરવામા આવેલ બાદ ફરીયાદીની અંગજડતી કરી તેણે પહેરેલ શર્ટના ડાબી બાજુનુ ખીસ્સું આગળના ભાગનું ખાલી રખાવેલ હતું અને આ ખીસ્સામાં શ્રી કેસરીયાને સુચના આપતા આ મુદાની નોટો શર્ટના ડાબી બાજુના ખીસ્સામા ગડી વાળીને મુકેલ હતી. ત્યારબાદ ફરીયાદીના તથા બંને પંચો તથા એ.સી.બી. પાર્ટીના માણસોને અગાઉ ભાગ-૧ના પંચનામામાં આપેલ સુચના મુજબ લાંચના છટકામાં કાર્યવાહી કરવા અંગેની સુચના આપેલ હતી. ત્યારબાદ બંને પંચો તથા એ.સી.બી.પાર્ટના માણસોની અરસપરસ અંગજડતી કરી કોઈની પાસે વાંધાજનક ચીજવસ્તુ નહી હોવાની ખાત્રી કરવામાં આવેલ. ત્યારબાદ શ્રી કેસરીયાને લાંચના છટકમાં નહી આવવા સુચના આપવામા આવેલ અને એ.એસ.આઈ.શ્રી ડી.બી.જાડેજાને પ્રયોગની સ્યુટકેસ સાથે રાખવા સુચના આપવામા આવેલ હતી. ફરીયાદી તથા બંને પંચો અને એ.સી.બી. પાર્ટીના માણસોના બંને હાથ સોડીયમ કાર્બોનેટના દ્રાવણમાં બોળી કોઈના હાથ ઉપર ફી.પા.ની હાજરી નથી તેવી ખાત્રી કરવામાં આવેલ. આમ ત્રિજા ભાગનું પંચનામું જૂનાગઢ એ.સી.બી.કચેરીએ કલાક ૯-૦૦ વાગ્યે પુરૂ કરવામાં આવેલ અને આ ત્રિજા ભાગના દરેક પંચનામા ઉપર બંને પંચોની તથા તેમની સહીઓ કરવામાં આવેલ. ત્યારબાદ જુનાગઢ એ.સી.બી.કચેરીએથી કલાક ૯-૪૦ વાગ્યે ફરીયાદી, બંને પંચ તથા એ.સી.બી. પાર્ટીના માણસો સરકારી મારૂતી વાહન તથા હીરોહોન્ડા મોટર સાઈકલ ઉપર રવાના થયેલ અને કેશોદ થઈ ગળોદર પાટીયા પાસે આવતાં ફરીયાદીએ તેમના ભત્રિજા રણજીત ત્યાં રાજદૂત મોટર સાઈકલ લઈને ઉભા હોય તેમની પાસેથી રાજદૂત મોટર

સાઈકલ લીધેલ અને ફરીયાદી તથા પંચ–૧ બંને આક્ષેપીતની કચેરીએ રવાના થયેલ જેમની પાછળ પંચ–૨ તથા એ.સી.બી. પાર્ટીના માણસો રવાના થયેલ હતા ફરીયાદી તથા પંચ–૧ આક્ષેપીતની કચેરીએ જઈને તેની નજીકમાં આવેલ દુકાનના ઓટલા ઉપર બેઠેલા અને પંચ–૨ તથા એ.સી.બી. પાર્ટીના માણસો આવી ગયેલાની ખાત્રી થતાં ફરીયાદી, પંચ–૧ની સાથે આક્ષેપીતની કચેરીમાં ગયેલ હતાં અને થોડીવાર બાદ કલાક ૧૨–૦૫ વાગ્યે આક્ષેપીતની કચેરીમાંથી બહાર આવી તેમને અગાઉ આપેલ સુચના મુજબ માથા ઉપરની ટોપી કાઢીને જમણા હાથની બગલમાં દબાવીને સુચિત ઈશારો કરતાં પંચ નંબર–૨ સાથે એ.સી.બી.પાર્ટીના માણસો સાથે તેઓ આક્ષેપિતની કચેરીમાં દોડી ગયેલ અને પંચ નંબર–૧ ને પુછતાં તેમણે ઈશારો કરી આક્ષેપીતને બતાવેલ અને તેણે લાંચના નાણા સ્વીકારેલ હોવાનું જણાવેલ. તેથી એ.એસ.આઈ.રાયઝાદા અને પો.કો.ચુડાસમાએ આક્ષેપીતના બંને હાથ પકડી લીધેલ હતા. આક્ષેપીતને તેનું પુરૂ નામ પુછતાં તેમણે પોતાનું નામ રમણીકભાઈ અરજણભાઈ કલોલા તલાટી કમ મંત્રી માળીયા હાટીના વાળા હોવાનું જણાવેલ હતું. ત્યારબાદ એ.સી.બી.પાર્ટીના એ.એસ.આઈ. ડી.બી.જાડેજા અલગ જગ્યાએ ગયેલ તેને ફોન કરીને બોલાવેલ અને તેઓ પ્રયોગની સ્યુટકેશ સાથે હાજર થયેલ હતા. બાદ આક્ષેપીતને બંને પંચો તથા એ.સી.બી.પાર્ટીના માણસોની ઓળખ આપેલ હતી. બાદ એ.એસ.આઈ.શ્રી ડી.બી.જાડેજાને ફી.પા.ની હાજરી તપાસવા પ્રયોગ કરવા માટેની સુચના આપતાં તેમણે સોડીયમ કાર્બોનેટ પાવડરનું દ્રાવણ તૈયાર કરેલ હતું અને ત્યારબાદ આક્ષેપીતને જમણા હાથના આંગળા દ્રાવણમાં બોળાવતાં આછા ગુલાબી રંગના થઈ ગયેલ. આ રીતે ફી.પા.ની હાજરી જોવા મળતાં આ દ્રાવણ કાચની શીશીમા ભરી પંચનામાની વિગતે શીલ કરી કબ્જે લેવામા આવેલ અને તેને માર્ક–બી આપવામા આવેલ ત્યારબાદ આક્ષેપીતના ડાબા હાથના આંગળા ઉપર પણ ફી.પા.ની હાજરી તપાસવાનો પ્રયોગ કરતાં સોડીયમ કાર્બોનેટનું દ્રાવણ થોડું સાધારણ આછા ગુલાબી રંગનું થઈ ગયેલ અને તે પણ કાચની શીશીમાં ભરી પંચનામાની વિગતે સીલ કરી કબ્જે લેવામાં આવેલ. બાદ પંચ નંબર–૨ મારફત આક્ષેપીતના શર્ટના ડાબી બાજુના ખીસ્સામાં મુદાની નોટો સાથે રહેલ બધી વસ્તુ બહાર કાઢવાનું કહેતા બહાર કાઢેલ અને લાંચના રૂપીયા ૧૦૦/–ના દરની બંને નોટ અને રૂ.૫૦/–ના દરની એક નોટ મળેલ જેના નંબર અને દર વેરીફાઈ કરતા પ્રથમ ભાગના પંચનામા મુજબ જોવા મળેલ હતા. આ મુદ્દાની નોટો ઉપર ફી.પા.ની હાજરી તપાસવા માટે શ્રી ડી.બી.જાડેજાનાઓને

સુચના આપતાં સોડીયમ કાર્બોનેટનું દ્રાવણ છાંટી પ્રયોગ કરતાં આછા ગુલાબી રંગના છાંટણા થઈ ગયેલ. બાદ આ મુદાની નોટો પંચનામાની વિગતે કાગળના કવરમાં મુકી શીલ કરી માર્ક–ડી આપવામા આવેલ હતો. બાદ આક્ષેપીતના ડાબી બાજુના ખીસ્સામાં જેમાં મુદ્ધાની નોટો લઈને તેમા મુકેલી તેમા ફી.પા.ની હાજરી તપાસવા શ્રી ડી.બી.જાડેજાએ ફીલ્ટર પેપર ઘસી તપાસ કરતાં ફી.પા.ની હાજરી જોવા મળેલ હતી. બાદ આ શર્ટ કબ્જે લેવાનું હોય આક્ષેપીતના ઘરેથી બીજું શર્ટ મંગાવીને લાંચ લેતી વખતે આક્ષેપીતે પહેરેલ શર્ટ પંચનામાની વિગતે શીલપેક કરી કબ્જે લેવામા આવેલ અને તેમને માર્ક–ઈ આપવામા આવેલ. ત્યારબાદ આક્ષેપીતની અંગજડતી કરતાં તેમની પાસેથી મળેલ ચીજવસ્તુઓની નોંધ પંચનામામાં કરવામા આવેલ. ત્યારબાદ ફરીયાદીના જમણા હાથના આંગળા સોડીયમ કાર્બોનેટના દ્રાવણમાં બોળેલ અને પ્રયોગ કરેલ અને તેના ઉપર ફી.પા.ની હાજરી જોવા મળેલ હતી. આ દ્રાવણ ઢોળીને નાશ કરવામા આવેલ હતું. ત્યારબાદ પંચ નંબર–૨ના બંને હાથ ઉપર ફી.પા.ની હાજરી સબંધે સોડીયમ કાર્બોનેટના દ્રાવણમા બોળી તપાસ કરતા ફી.પા.ની હાજરી જોવા મળેલ હતી અને આ દ્રાવણને પણ ઢોળીને નાશ કરવામા આવેલ હતું. ત્યારબાદ ફરીયાદીના શર્ટના ડાબી બાજુના ખીસ્સામા મુદાની નોટો રાખવામા આવેલ તેમા એ.એસ.આઈ.શ્રી ડી.બી.જાડેજાએ ફીલ્ટર પેપર ઘસીને તેના ઉપર ફી.પા.ની હાજરી તપાસવા પ્રયોગ કરતા ફી.પા.ની હાજરી જોવા મળેલ. આ ફીલ્ટર પેપર સળગાવીને નાશ કરેલ. બાદ એ.સી.બી.પાર્ટીના માણસો તથા અધિકારી તથા પંચ નંબર–૧ બંને હાથના આંગળા સોડીયમ કાર્બોનેટના દ્રાવણમા તપાસતા કોઈના હાથ ઉપર ફી.પા.ની હાજરી જોવા મળેલ ન હતી. બાદ પ્રયોગના સાધનો સાફ કરી સ્યુટકેશમા મુકી દીધેલ અને આક્ષેપીતને તેની પાસેથી કબ્જે લીધેલ માર્ક બી,સી,ડી,ઈ મુજબના મુદામાલ અંગે સીઝરમેમો આપવામા આવેલ. ત્યારબાદ આક્ષેપીતની કચેરીમા તેમના ટેબલ ઉપર રાખવામા આવેલ રજીસ્ટર તથા શિક્ષણ ઉપકર અને રેવન્યુ વસુલાતની પાવતી બુકમાં થયેલ નોંધ અંગેની ઝેરોક્ષ નકલ કરાવી તેના ઉપર સહી સીકકા કરાવીને આક્ષેપીત પાસેથી મેળવેલ. આ લાંચ લેવાનો બનાવ જે જગ્યાએ બનેલ તે જગ્યાની ચતુઃદીશા પંચનામામાં નોંધવામા આવેલ હતી. આ ચોથા ભાગનું પંચનામું તાઃ ૧૦/૦૧/૨૦૦૬ના કલાક ૧૫–૩૫ વાગ્યે પરૂ થતા તેના દરેક પાના ઉપર પંચો તથા તેમની સહીઓ કરવામાં આવેલ હતી. ત્યારબાદ આક્ષેપીત રમણીકભાઈ કલોલાની પુછપરછ કરી ખુલાસો લીધેલ તેમજ બનાવ વખતે હાજર તેમની ઓફીસમા મીસ્ત્રી કામ

કરતા કાળુભાઈ નરસીભાઈ ચાંદેગરા તથા આક્ષેપીતના મીત્ર કે.પી.જોશીનું પછપરછ કરી નિવેદન લખી લીધેલ હતું. માળીયા હાટીનાથી રવાના થઈ જુનાગઢ એ.સી.બી.પો.સ્ટે. પરત આવેલ અને આ લાંચનું છટકું સફળ થતાં આક્ષેપીત શ્રી રમણીકભાઈ અરજણભાઈ કલોલા વિરૂધ્ધ જુનાગઢ એ.સી.બી.પો સ્ટે. ગુ.ર.નં.૩/૨૦૦૬ ભ્ર.નિ. અધિનીયમ–૧૯૮૮ની કલમ ૭, ૧૩(૧), ૧૩(ઘ) મજબ ગુન્હો દાખલ કરવામાં આવેલ અને તે અંગેની જાણ એ.સી.બી.ની. વડી કચેરી તથા આક્ષેપીતના સક્ષમ અધિકારી શ્રી ડી.ડી.ઓ.શ્રી જુનાગઢનાઓને કરવામા આવેલ હતી. આ કામે કબ્જે લીધેલ મુદામાલ માર્ક–એ,બી,સી,ડી,ઈ બાબતે એ.સી.બી.પો.સ્ટે. મુદામાલ પાવતી નં –૪/૨૦૦૬થી મુદામાલ પાવતી ફાડવામાં આવેલ અને આ મુદામાલ એફ.એસ.એલ.જુનાગઢને તપાસણી માટે મોકલવા માટે કાર્યવાહી કરવામાં આવેલ હતી. આ કેસમાં ફરીયાદીની સહી વાળી અસલ ફરીયાદ તથા એફ.આઈ.આર. નામદાર કોર્ટમા મોકલી આપવા માટે કાર્યવાહી કરવામા આવેલ હતી. આ કામમાં દાખલ થયેલ ગુ.ર.નં.૩/૨૦૦૬ની તપાસ મદદનીશ નિયામક એ.સી.બી.જુનાગઢના હુકમ મુજબ જુનાગઢ એ.સી.બી.પો.સ્ટે.ના બીજા પી.આઈ.શ્રી કે.ટી. માંજરીયાને સોંપવામા આવેલ હતી. આરોપીને નામ. કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આંક–૫૦ વાળી ફરીયાદ બતાવતાં જણાવે છે કે, તે ફરીયાદ તા:૦૬/૦૧/૨૦૦૬ના રોજની છે જે અનુસંધાને તેઓએ પંચ કાર્યવાહી માટે બે પંચોને બોલાવવા અંગેની યાદી કરેલી જે આ કામે માર્ક ૧૯/૨ થી રજુ છે તેમા પી.આઈ.તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવે છે. જે આક–૮૪થી રજૂ છે. આંક–૮૪ના આધારે યાદી મુજબ બે કર્મચારી જેમાં યુસુફ વલીમહમદ શેખ તથા આસીફ નીસારખાનજી બાબી બંને રહે. જુનાગઢ વાળાઓને તેમના અધિકારી દ્વારા મોકલવામા આવતા તેઓ આવેલા અને તેઓને પંચ કાર્યવાહી માટેની સમજ કરવામા આવેલી અને બાદમાં ફરીયાદીએ ઓળખાણ કરાવ્યા બાદ અને ફરીયાદ બંને પંચોને વંચાવેલ જેમાં તેમણે વાંચ્યા બાદ તેમના રૂબરૂ સહી કરેલી તે આંક–૫૦ વાળી તા.૬/૦૧/૨૦૦૬ની ફરીયાદ ઓળખી બતાવે છે. ત્યારબાદ તાઃ૬/૦૧/૨૦૦૬ના રોજ પ્રાથમીક પંચનામું પુરૂ કર્યા બાદ આરોપી નિયત સ્થળે મળી આવેલ ન હોય જેથી કાર્યવાહી સ્થગિત કરવામાં આવેલી અને તે અંગેનું બીજા ભાગનું પંચનામું કરેલ. બાદમાં ફરીવાર તાઃ૯/૧/૨૦૦૬ના રોજ ફરીયાદીએ એ.સી.બી.ને ટેલીફોનીક જાણ કર્યા બાદ બીજા દિવસે એટલે કે તા:૧૦/૦૧/૨૦૦૬ના રોજ તેઓએ ફરીયાદીને બોલાવીને તેના લખાવ્યા મુજબની

વિશેષ ફરીયાદ નોંધેલી જે વાંચીને તેમના રૂબરૂ તેમા સહી કરેલી. તે અગાઉ તા:૯/૧/૨૦૦૬ના રોજ ફરીયાદીનો ફોન આવવાથી તેઓએ એસ.ટી.ડેપો જુનાગઢને સરકારી પંચ નંગ–૨ ફાળવવા માટે પુનઃ યાદી કરેલી. જે આંક–૮૫થી રજૂ છે. આ આંક–૮૫ની યાદીના અનુસંધાને ફરીવાર પ્રથમ આવેલ વ્યક્તિઓ જ પંચ તરીકે આવેલ હોય જેથી તેઓને આગળની કાર્યવાહીની સમજ કરેલ અને તે અંગેની તા: ૧૦/૦૧/૨૦૦૬ના રોજનું પ્રાથમીક પંચનામું કરતી વખતે આંક–૫૦ની સાથેની તા:૧૦/૦૧/૨૦૦૬ની ફરીયાદામા બંને પંચોએ વાંચી સહી કરેલ અને તા: ૧૦/૦૧/૨૦૦૬ના રોજ કરવામાં આવેલ પ્રાથમીક તથા બીજા ભાગના પંચનામામાં બંને પંચોએ તેમના રૂબરૂ સહી કરેલ જે પંચનામાઓ આંક–૭૧ તથા ૭૩ થી રજુ છે તે જ છે. તેમને આંક ૭૪ વાળો સીઝરમેમો બતાવતા જણાવે છે કે, પંચકાર્યવાહી દરમ્યાન આક્ષેપિત પાસેથી કબ્જે લેવામાં આવેલ ચીજવસ્તુની નોંધ કરી તૈયાર કરવામા આવેલ સીઝરમેમો જેની પ્રત આરોપીને પણ આપવામાં આવેલી તે મળ્યા અંગેની સહી કરેલી અને બંને પંચોએ પણ તેમા સહીઓ કરેલી તે જ છે. તેઓએ સદર ફરીયાદ મુજબની ટ્રેપ સફળ થતાં આરોપી વિરૂધ્ધ ગુન્હો દાખલ કરેલ તે અંગે મુખ્ય પોલીસ અધિકારીશ્રી અને નિયામક શ્રી લાંચ રૂશ્રવત વિરોધી બ્યુરો અમદાવાદને વર્ધી રીપોર્ટ કરેલ જે આ કામે આંક. ૮૬ થી રજૂ છે. તેઓએ પંચનામાની કાર્યવાહી દરમ્યાન કબ્જે લીધેલ મુદામાલ એફ.એસ.એલ.પૃથ્થકરણ અર્થે રવાનગી નોંધ તૈયાર કરી મોકલેલ જે રવાનગી નોંધનો ફોરવડીંગ પત્ર આ કામે આંક. ૮૭થી રજૂ છે. મુદામાલ રવાનગી નોંધ આંક–૮૮થી રજુ છે. આંક ૮૮ મુજબનો મુદામાલ એફ.એસ.એલ.ને મળ્ય અંગેની પહોંચ આંક–૮૯થી રજૂ છે. તેઓએ હાલનો ગુનો નોંધેલ અને તે અંગેના કેસકાગળો બાબતેની કેસ ડાયરીમાં નોંધ કરેલ તે તમામ પી.આઈ.શ્રી એ.સી.બી.ફીલ્ડ જુનાગઢનાઓને યાદી કરી સોંપી આપેલ તે યાદી આંક–૯૦થી રજૂ છે. આંક–૮૮ના મુદામાલનો પૃથ્થકરણ રીપોર્ટ એ.સી.બી.કચેરીને મોકલી આપવામાં આવેલ જે અનુસંધાને મુદામાલ પરત મેળવવા અંગે શ્રી જેઠવાને મોકલેલ તે અંગેની યાદી પાઠવતો એફ.એસ.એલ.ને પત્ર જે તા: ૬/૨/૨૦૦૬ના રોજનો છે તે આંક ૯૧થી રજૂ છે. તેઓએ આ આંક–૯૧ વાળો પત્ર એફ.એસ.એલ.ને આંક–૯૨ના અનુસંધાને લખેલ હતો જે આંક–૯૨થી રજૂ છે. આંક–૯૩ તથા આંક–૯૪થી એફ.એસ.એલ.નો પૃથ્થકરણ રીપોર્ટ રજુ છે. તેમને મુદામાલ માટે એ થી ઈ સુધીનો બતાવતા જણાવે છે કે, તે પંચનામાની કાર્યવાહી દરમ્યાન પંચો રૂબરૂ

કબ્જે લીધેલ તે જ તમામ મુદામાલ છે અને તે સાથેની કાપલીઓમાં તેમના રૂબરૂ બંને પંચોએ સહીઓ કરેલી.

(૧૦.૧) આરોપી તરફે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, સામાન્ય રીતે તેઓ ટ્રેપના કામે જે પંચો મેળવતા હોય છે તે પંચો ભણેલા ગણેલા અને સરકારી વિભાગના સામાન્યતઃ હોય છે. હાથ પરના કામના પંચો કેટલું ભણેલા હતા તે તેમને હાલમાં યાદ નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, સામાન્ય રીતે પંચ ૮ થી ૧૧ ધોરણ સુધી ભણેલો હોવો જોઈએ. સાહેદ સ્વૈચ્છાથી જણાવે છે કે તેવા મતલબનો કોઈ શિરસ્તો નથી. એ વાત ખરી નથી કે, સામાન્ય રીતે પંચ જે તેમની પાસે આવે તે પંચે કેટલો અભ્યાસ કરેલો છે તેવા મતલબનો તેમને પ્રથમ એસેસમેન્ટ કરવું જોઈએ. સાહેદ સ્વૈચ્છાથી જણાવે છે કે, તેમના દ્વારા ડીપાર્ટમેન્ટને જે યાદી મોકલવામા આવે છે તેમા પંચ ભણેલોગણેલો હોવો જોઈએ તેવા મતલબનો ઉલ્લેખ નથી પરંતુ વર્ગ–૨ તથા વર્ગ–૩નો કર્મચારી હોવો જોઈએ તેવા મતલબનો ઉલ્લેખ હોય છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, પ્રથમ પંચ જયારે તેમની પાસે આવે ત્યારે તેની સાથે વાતચીત કરતાં જો તેઓને ખ્યાલ આવે કે, પંચ ઓછું ભણેલો છે તો તેઓ તેને પરત મોકલી શકે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, રેડ વખતે પંચના અભ્યાસક્રમ વિશે તેઓએ કોઈ પુછપરછ કરેલ નહીં. તેમજ પંચને તેઓએ તેના અભ્યાસ સિવાય અન્ય કોઈ વિષય બાબત પરત્વેની કોઈ પૂછપરછ તે સમયે કરેલ નહીં. તેમજ રેડ સમયે આક્ષેપિતના ટેબલ ઉપરથી જે ચિજવસ્તુઓ તપાસેલ તેમાં (૧)શિક્ષણ ઉપકર પાવતી, (૨)રેવન્યુ વસુલાત(૩) ઈ–ધરા તરફથી આવતા કાગળોની લેવડદેવડ થયેલ હોય તેનું રજીસ્ટર વિગેરે વસ્તુઓ તપાસેલ. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદીના સંયુક્ત ખાતામા મહેસુલ અને શિક્ષણ ઉપકરની કેટલી રકમ બાકી રહે છે તે બાબતની તે સમયે તેઓએ કોઈ તપાસ કરેલ નહીં. એ વાત ખરી નથી કે, તે વખતે ફરીયાદીના વેરાખાતામાં સંયુક્ત મહેસુલ તથા શિક્ષણ ઉપકરની વેરાની રકમ રૂા.૨૩૦/– થી ૨૫૦/– જેટલી રકમ બાકી નિકળતી હતી તેની જેતે વખતે તેઓને માહીતી હોવા છતા તેઓ નામદાર કોર્ટ રૂબરૂ ખોટુ કહેતો હોવાની હકીકત ખરી નથી. તેમજ જે તે સમયે ફરીયાદીની ફરીયાદ કાગળ ઉપર લીધેલી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદીની કાગળની ફરીયાદ લીધા બાદ તેઓએ તે વિષયે ફરીયાદીને પુછીને ઈન્કવાયરી કરેલ. તેમજ ફરીયાદી સિવાય બીજી કોઈ સ્વતંત્ર ઈન્કવાયરી ફરીયાદ પરત્વે તેઓએ કરેલ નહીં. તેમજ ફરીયાદીની ફરીયાદ કાગળ ઉપર લીધા બાદ તેની ઉપર તેઓએ પોલીસ

સ્ટેશનનો કોઈ સિકકો કે આવક નંબર રજીસ્ટર્ડ કરેલ નહીં. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદીની ફરીયાદ હકીકત સાંભળ્યા બાદ તેઓને થયેલ કે, લાંચની માગણીનો ગુન્હો તે કોગ્નીઝેબલ ગુન્હો છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, કોઈપણ કોગ્નીઝેબલ ગુન્હો જયારે જાહેર થાય એ.સી.બી.પો.સ્ટે. સિવાય તે ગુન્હાની નોંધ સી.આર.પી.સી.ની કલમ–૧૫૪મુજબના નિયત નુમનામાં ટપકાવવી પડે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, એ.સી.બી.પો.સ્ટે.કોગ્નીઝેબલ ગુન્હાની ફરીયાદ કલમ–૧૫૪ મુજબના નિયનનુમનામાં ટપકાવવી ન પડે તેવા મતલબનો કોઈ જી.આર. કે આદેશ લેખીતમાં હોય તેવા મતલબની તેમને કોઈ જાણ નથી. તેમને નામદાર કોર્ટની પરવાનગીથી આંક–૫૩ થી ૬૧ સળગં દસ્તાવેજી પુરાવાઓ બતાવી પુછવામાં આવે છે કે, સદરી દસ્તાવેજો તે આઈ.ઓ. દ્વારા રેકર્ડ માહીતી મંગાવવામા આવેલ હતી તે જ છે. તેમજ રેઈડ સમયે, દસ્તાવેજી પુરાવાઓનો અભ્યાસ કરતાં તેઓને જણાયેલ કે, ફરીયાદીની વારસાઈ મતલબની એન્ટ્રી રેઈડ પહેલાં પ્રમાણિત થઈ ચુકેલ છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદીની ફરીયાદ જે દિવસે તેઓએ નોંધેલ તે દિવસે ફરીયાદીની રેવન્યુ એન્ટ્રી ઓલરેડી પ્રમાણિત થઈ ચુકેલ હતી તેથી ફરીયાદના દિવસે એન્ટ્રી પાડવા સબબનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો ન હતો. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તારીખઃ ૧૦/૦૧/૨૦૦૬ના રોજ સાહેદ કરશનભાઈ પોલાભાઈ જોશીનાઓનું નિવેદન નોંધેલું. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે સદરી સાહેદે તેમના નિવેદનમાં એવા મતલબની હકીકત લખાવેલ છે કે, "રમણિકભાઈએ તેમને વારસાઈ એન્ટ્રી થઈ ગયેલ છે કે કેમ? તે રજીસ્ટર જોવાનું મને કહેતા મે રજીસ્ટર જોઈને એન્ટી થયાનું કહેલ હતું. ત્યારબાદ આ જેઠસુરભાઈએ રેવન્યુ વસુલાત અંગેના પૈસા રમણીકભાઈને આપેલ હતા." વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તા: ૧૦/૦૧/૨૦૦૬ના રોજ આરોપી રમણીકભાઈ અરજણભાઈ કલોલાનાઓનું નિવેદન નોંધેલું. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, સદરી આક્ષેપીતે તેમના નિવેદનમાં એવા મતલબની હકીકત લખાવેલ છે કે, "માળીયા હાટીના ગામના ખાતેદાર જેઠસુરભાઈ લાખાભાઈ સીસોદીયાને હું વ્યકિતગત રીતે ઓળખતો નથી પરંતુ રેકર્ડ રજીસ્ટર જોઈને જણાવું છું કે, આ જેઠસુરભાઈ લાખાભાઈની વારસાઈ એન્ટની અરજી ઈ–ધરા કેન્દ્ર માળીયા હાટીના તરફથી મને તાઃ૨૪/૮/૨૦૦૫ના રોજ મળેલ હતી આ અરજી અનુસંધાને ૧૩૫–ડી–ની નોટીસ બજાવવા માટે જાણ કરેલ હતી. ત્યારબાદ અરજદાર શ્રી મારી કચેરીની મુલાકાત લેતા તેની વારસાગત એન્ટ્રીની અરજી હોય તેથી

તેની રેવન્યુ વસુલાત ભરવા માટે જણાવેલ હતું. જેથી આ અરજદારે મને પુછેલ કે, કેટલા પૈસા ભરવાના થાય છે એટલે મે તેમને અંદાજે રૂા.૨૪૦/– થી ૨૫૦/– ભરવાના થશે તેમ કીધેલ હતું. આજથી આશરે દસ થી બાર દિવસ પહેલા આ અરજદાર જેઠસુરભાઈ એન્ટ્રીના કાગળો મને મળ્યા પછી રૂબરૂ મળેલ હતા. ત્યારબાદ ફરી એકવાર મારી ઓફીસે આવી પુછેલ કે, મારી એન્ટ્રી મંજુર થઈ ગયેલ છે કે કેમ ? એટલે મેં તેમને કહેલ કે તમારી એન્ટ્રી તા:૧૩/૧૨/૨૦૦૫ના રોજ મંજુર થઈ ગયેલ છે." એ વાત ખરી નથી કે, તા: ૧૩/૧૨/૨૦૦૫ના રોજ હાલના ફરીયાદીની રેવન્યુ એન્ટી ઓલરેડી પ્રમાણિત થઈ ચુકી હતી તેવા મતલબની ફરીયાદીને જાણ હોવા છતાં ફરીયાદીએ આક્ષેપિત વિરૂધ્ધ તાઃ૬/૧/૨૦૦૬ના રોજ તથા તા: ૧૦/૦૧/૨૦૦૬ના રોજ ખોટી ફરીયાદો આપેલ. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ સમયે તા: ૧૦/૦૧/૨૦૦૬ના રોજ આ કામના સાહેદ કરશન પોલાભાઈ જોશી તથા કાળાભાઈ નરસીભાઈ તથા આક્ષેપિત એક જ રૂમમાં હાજર હતા અને ત્યાં આ ટ્રેપનો બનાવ બનેલો.

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૯૮થી સાહેદ કાળુભાઇ ટપુભાઇ માંજરીયાને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, જાન્યુઆરી–૨૦૦૬ના સમય દરમ્યાન તેઓ જુનાગઢ એ.સી.બી.પો.સ્ટે.મા પોતાની ફરજ બજાવતા હતા. હાલના ગુન્હાની તપાસ તેઓએ ભુતૈયા સાહેબ પાસેથી સંભાળી લીધેલી. તેઓએ તપાસ સંભાળેલ તે વખતે આ કામની ફરીયાદ, એફ.આઈ.આર., પંચનામું તથા પંચનામાને લગત થયેલ. કાર્યવાહીના કાગળો વિગેરે તેમને જે કાગળો મળેલા તે તમામ કાગળોનો અભ્યાસ કરેલો. તેમની તપાસ દરમ્યાન તેઓએ આ કામના પંચોની પુછપરછ કરી નિવેદન નોંધેલા, તેમજ રેડીંગ પાર્ટીના સભ્યોની પછપરછ કરી નિવેદન નોંધેલા. તેઓએ જીલ્લા વિકાસ અધિકારીશ્રીને આરોપી રમણીકભાઈની નિમણૂંક થયાથી હાલ સુધીના જે કોઈ રેકર્ડમા દસ્તાવેજો હોય તેમની માહીતી મળવા અંગે પત્રો લખેલ. તેઓએ ઉપરની વિગતે લખેલ પત્ર આંક–૯૯થી રજૂ છે. તેઓએ મામલતદાર માળીયા હાટીનાને ફરીયાદી જેઠસુરભાઈ નાથાભાઈની જમીન સબંધી રેકર્ડની માહીતી મળવા અંગે પત્રો લખેલ જે આંક–૧૦૦થી રજૂ છે. તેઓએ તેમના મુખ્ય પોલીસ અધિકારી નિયામકશ્રીને હાલના ગુન્હાનો સ્પે.રીપોર્ટ તૈયાર કરીને મોકલેલ તે આંક–૧૦૧થી રજૂ છે. તેઓએ મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકશ્રીને હાલના ગુન્હાનો

પ્લાન ઓફ ઈન્વેસ્ટીગેશન રીપોર્ટ તૈયાર કરી મોકલેલ, જે આંક–૧૦૨થી રજૂ છે. સંયુક્ત નિયામકશ્રી અમદાવાદનાઓએ જીલ્લા વિકાસ અધિકારીશ્રીને હાલના આરોપી સામેનો આ કેસ થયેલ તે સબંધે આરોપીને હોદા ઉપરથી દુર કરવા અંગે કાર્યવાહી કરવાનો પત્ર લખેલ જેની નકલ તેઓને મોકલવામા આવેલ હતી જે આંક–૧૦૨થી રજૂ છે. જેમા નકલ મળ્યા બદલની નોંધ છે જે આંક–૧૦૩થી રજૂ છે. જીલ્લા પંચાયત જુનાગઢના નાયબ જીલ્લા વિકાસ અધિકારીએ કાર્યાલય આદેશ આરોપી વિરૂધ્ધ બહાર પાડેલ તેની નકલ તેઓને મોકલેલી જેમાં આવક નંબર અને તારીખ નોંધવામા આવેલ છે જે તાઃ૯/૩/૨૦૦૬ના રોજનો છે જે આંક–૧૦૪થી રજૂ છે. અધિક નિયામકશ્રીએ સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગરને આરોપી સામે હાલનો કેસ નોંધાયેલ તે સબંધે જાણ કરતો પત્ર જેની સ્થળપ્રત તેઓ તરફ રવાના કરવામા આવેલ તે આંક–૧૦૫થી રજૂ છે. તાલુકા વિકાસ અધિકારી શ્રી માળીયા હાટીનાએ આરોપીની પ્રથમ નિમણુંકનો ઓર્ડર, હાલ જે જગ્યાએ ફરજ બજાવે છે તેની વિગત, તેનું પગાર ધોરણ વિગેરેની માહીતી મોકલતો પત્ર જે તેઓને મળેલ તે આંક–૧૦૬થી રજૂ છફે. હાલના આરોપીની તલાટી મંત્રી તરીકે નીમણુંક અંગેનો નાયબ જીલ્લા વિકાસ અધિકારી જુનાગઢનાએ કરેલ હુકમ (અનુક્રમ નંબર–૨૬માં આરોપીનું નામ છે.) જે આંક–૧૦૭થી રજૂ છે. માર્ક ૧૯/૩૩થી નાયબ ચીટનીશ જીલ્લા પંચાયત જુનાગઢનાએ આરોપીની બદલી અંગે કરેલ આદેશ આંક–૧૦૮થી રજૂ છે. આરોપીની સર્વિસબુકનો ઉતારાની નકલ આંક–૧૦૯થી રજૂ છે. આ દરમ્યાન તેમની બદલી સી.આઈ.ડી.ક્રાઈમમાં એપ્રિલ–૨૦૦૬માં થયેલ અને તેમની જગ્યાએ પી.આઈ.તરીકે ડી.બી.ઝાલા હાજર થતાં તેઓએ તેમના હસ્તક થયેલ તપાસના કાગળો અને તેમને તપાસ સંભાળેલ તે વખતે મળેલ કાગળો સહિત આગળની તપાસ માટે પી.આઈ.શ્રી ડી. બી.ઝાલાને સુપ્રત કરેલા.

(૧૧.૧) આરોપીતરફે ઉલટતપાસ કરવમાં આવતા તેઓએ જણાવેલ છે કે,તેમને આંક–પર વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોઈને તેઓ કહે છે કે, તેમાં તા: ૧૦/૦૧/૨૦૦૬ સુધીના ફરીયાદી અને તેના પરિવારના સભ્યો પાસે બાકી રહેતા માંગણા બાબતની વિગતો જણાવેલ છે અને તેમાં રૂા.૨૩૦/– (અંકે રૂપીયા બસો ત્રીસ) બાકી બતાવેલ છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, આંક–પર વાળા દસ્તાવેજમાં ફરીયાદીની જમીનની એન્ટ્રી વારસાઈ નોંધ પાડવાની માગણી કરેલ હતી તે મુજબની કાયદા મુજબની હકકપત્રક નોંધ કોમ્પ્યુટરમાં દાખલ કરવામા આવેલ અને ૧૩૫–ડીની

નોટીસો કાઢી તમામ પક્ષકારોને બજાવવામાં આવેલ અને તે નોંધ પ્રમાણિત કરાવી તા: ૧૩/૦૨/૨૦૦૫ના રોજ એસ ફોર્મ ભરાવી અને તેના કાગળો તેમની કચેરીએ મોકલાવવામા આવેલા અને આ કાગળો સાથે આંક–૫૩ થી આંક–૬૧ સુધીની ખરીનકલો મોકલવામા આવેલ. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તા: ૧૪/૦૪/૨૦૦૬ પછીનો પત્રવ્યવહાર તેમની બદલી બાદ જેણે તપાસ સંભાળેલ તેની સાથે કરવામા આવેલ. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૦૧માં જે તેઓએ રીપોર્ટ કરેલ તેના પાના નં.રના કોલમ નં.૧૭માં આક્ષેપીતે તેના ખુલાસામા જણાવેલ કે, મને ફરીયાદીએ આપેલ રૂા.૨૫૦/– તે રેવન્યુ વસુલાત (વિઘોટી) પેટેના તેને આપેલ તેમ જણાવેલ હતું.

(૧૨) ફરીયાદપક્ષે આંક–૧૧૧થી સાહેદ દિનેશચંદ્ર નટવરલાલ મોદીનાએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ હાલમાં મ્યુનિ. કમિશનર તરીકે જામનગર મહાનગર પાલીકામાં ફરજ બજાવે છે. સને ૨૦૦૬ની સાલમાં તેઓ જુનાગઢ ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે પોતાની ફરજ બજાવતા હતા આ દરમ્યાન મુખ્ય પોલીસ અધિક્ષક અને નિયામકશ્રીની કચેરી લાંચ રીશ્વત વિરોધી બ્યુરો અમદાવાદનાઓ તરફથી તેઓને એ.સી.બી. પો.સ્ટે.ગુ.ર.નં.૩/૦૬ ના કામના આરોપી રમણીકભાઈ અરજણભાઈ કલોલાનાઓ વિરૂધ્ધ એ.સી.બી.ની તપાસ થયેલ તે સંદર્ભે તેમની સાથે, પ્રોસીકયુશનની મંજુરી મળવા અંગે તપાસના સાધનીક કાગળો સાથે વિગતવારનો પત્ર મોકલવામાં આવેલ જે અસલ પત્ર આંક–૧૧૨થી રજૂ છે. તેમને આ આંક–૧૧૨ ના પત્ર સાથે મળેલ તમામ તપાસના કાગળોનો તેઓએ અભ્યાસ કરેલ અને અભ્યાસ કર્યા બાદ રમણીકભાઈ અરજણભાઈ કલોલા સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ ની કલમ ૭, ૧૩(૧)ઘ તથા ૧૩(૨) મુજબનો ગુનો બનતો હોવાનું જણાતા તેઓએ તેમની સામે પ્રોસીકયુશનની મંજુરીનો હુકમ તા.૩/૮/૦૬ ના રોજ કરેલો. તેમને કોર્ટ રેકર્ડમાંથી પ્રોસીકયુશનની મંજુરીનો અસલ હુકમ બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે, તે તેઓએ કરેલો હુકમ છે, જે આંક–૧૧૩થી રજૂ છે. આ આંક–૧૧૩ વાળો હુકમ તેઓએ કર્યાબાદ ફોરવર્ડીંગ પત્ર સાથે સંયુક્ત નીયામકશ્રી લાંચ રીશ્વત વિરોધી બ્યુરો અમદાવાદનાઓને મોકલી આપેલ જે પત્ર આ કામે આંક–૧૧૪થી રજૂ છે. તેમજ પ્રોસીકયુશનની મંજુરીનો હુકમ મળી ગયા અંગે સંયુકત નિયામકશ્રી તરફથી તેઓ જોગ આપવામાં આવેલ પહોંચઆંક–૧૧૫થી રજૂ છે.

(૧૨.૧) બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે,તેમને જયારે મંજુરી માટેનો પત્ર નિયામક તરફથી મળેલ ત્યારે મંજુરીનો કોઈ પ્રપોઝડ ડ્રાફ્ટ તેની સાથે મોકલવામાં આવેલ ન હતો. તેમને મંજુરી સાથે શું શું કાગળો મોકલવામાં આવેલ હતા તે હાલ તેઓ કહી શકે નહી પરંતુ રેકર્ડ જોઈને કહી શકે. રેકર્ડ જોઈને જણાવે છે કે, આંક–૧૧૨ ના પત્ર મુજબ તેઓને પ્રોસીકયુશનની મંજુરી માંગતો પત્ર લખેલ તે વખતે તે પત્રમાં જણાવેલ વિગતેના તપાસના કાગળો કુલ ૩૪૯ પાના મળેલા. જે પ્રોસીકયુશનની મંજુરીનો હુકમ મોકલવામાં આવેલ તે આંક–૧૧૪ ના પત્ર સાથે પ્રોસીકયુશનની મંજુરીનો હુકમ તથા સદર તપાસના કાગળો પરત મોકલી આપેલ, વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૧૩ વાળી મંજુરીના હુકમમાં શું શું કાગળો તેઓએ જોયેલા તેની નોંધ કરવામાં આવેલ નહી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૫૩ થી આંક–૬૧ જોઈને તેઓ જોઈને કહી શકે કે, તેમા જણાવેલ હકીકત સત્ય છે.

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૧૬થી સાહેદ દશરથસિંહ બહાદુરસિંહ ઝાલાનાએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ એપ્રિલ ૨૦૦૬માં જુનાગઢ એ.સી.બી. ફીલ્ડ પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. હાલના ગુનાની તપાસ સંભાળવા માટે મદદનીશ નિયામકશ્રી એ.સી.બી. જુનાગઢ તરફથી હુકમ મળતા તા.૨૧/૦૪/૨૦૦૬ ના રોજ તેઓએ પી.આઈ. શ્રી ભુતૈયા પાસેથી તપાસ સંભાળેલ. તેઓએ તપાસ સંભાળ્યા બાદ તેમના પુરોગામી તપાસ અધિકારીઓએ કરેલ તપાસના કાગળોનો તેઓએ અભ્યાસ કરેલો અને તેમના પુરોગામી અધિકારીશ્રીએ આરોપી વિરૂધ્ધ પ્રોસીકયુશન મંજુરી મેળવવા માટે તેના સક્ષમ અધિકારી પાસેથી મંજુરી મેળવવાની હોય વડી કચેરીને રીપોર્ટ કરેલો. ત્યારબાદ વડી કચેરી તરફથી આરોપીના સક્ષમ અધિકારીશ્રી તરફથી પ્રોસીક્યુશન મંજુરી મળતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવાની સૂચના મળતા અને આરોપી વિરૂધ્ધ નામદાર કોર્ટમાં કેસ ચલાવવા માટે પુરતો પુરાવો હોય આરોપીની અટક કરી તા.૨૪/૦૮/૨૦૦૬ ના રોજ નામદાર કોર્ટ સમક્ષ ચાર્જશીટ કરેલું. તેમને તપાસ મળી તે વખતે તેમને વડી કચેરીએ લખેલ પત્ર તેમને મળેલો જેમાં મળ્યા સબંધેનો શેરો પણ છે, જે આંક–૧૧૭થી રજૂ છે. આંક–૧૧૭ વાળા પત્રનો જવાબ તેઓએ વડી કચેરીને જાવક નં.૨૫૭/૨૦૦૬ તા.૦૯/૦૫/૨૦૦૬ ના રોજ વિગતવારનો તૈયાર કરીને મદદનીશ નિયામકશ્રી મારફત મોકલી આપેલ હતો જેની ઓ.સી. આ કામે આંક–

૧૧૮થી રજૂ છે. મદદનીશ નિયામકશ્રીએ તેઓને તપાસ સોંપ્યા અંગેનો હુકમ છે જે પત્ર આંક–૧૧૯થી રજૂ છે. તેમની વડી કચેરીએ આંક–૧૧૭ ના વિગતે જે માહિતી માંગેલ તે તેઓએ મોકલેલ અને તેની વિગતે વિશેષ અભિપ્રાય સાથે મદદનીશ કચેરી જુનાગઢ તરફથી વિગતવારનો અહેવાલ વડી કચેરીને મોકલવામાં આવેલ તે અંગેનો પત્ર આંક–૧૨૦થી રજૂ છે. તેમની વડી કચેરીએ તેઓએ મોકલેલ અહેવાલ જરૂરી પુર્તતા કરવા અંગેની વિગત સાથેનો પત્ર લખેલ જે તેઓને મળેલ તે આંક–૧૨૧થી રજૂ છે. સદર આંક–૧૨૧ ની પુર્તતા કરીને તેમની વડી કચેરીને અહેવાલ મોકલવામાં આવેલ તે અંગેનો પત્ર તા.૦૮/૦૬/૨૦૦૬ ના રોજ તેઓ રજા પર હોય તેથી ચાર્જમાં રહેલ પી.આઈ.શ્રી બી.ડી. વાઘેલા સાહેબે મોકલેલ હતો જે આંક–૧૨૨થી રજૂ છે. આંક–૧૨૧ ની પુર્તતા કરતો અહેવાલ મદદનીશ નિયામકશ્રીની કચેરી મારફત મોકલેલ તે અનુસંધાને મદદનીશ નિયામકશ્રીએ પણ પોતાનો અભિપ્રાય મોકલેલ જે આંક–૧૨૩થી રજૂ છે. હાલના ગુનાના કામે તેઓએ આરોપીને અટક કરી પુરતો પુરાવો હોય જેથી ચાર્જશીટ કરેલ તે અંગેની વડી કચેરીને પત્ર લખી જાણ કરેલ તે પત્ર આંક–૧૨૪થી રજુ છે.

(૧૩.૧) આરોપીતરફે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, મંજુરી મેળવવાની તથા પત્રવ્યવહાર કરી તથા આરોપીની અટક કરી ચાર્જશીટ કરવા સિવાયની કોઈ કામગીરી તેઓએ આ કામે કરેલ નથી.

(૧૪) બંન્ને પક્ષકારોની રજૂઆત સાથે રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો તથા આક્ષેપિત ગુનાની હકીકતો તથા તેને લાગું પડતી કલમોના આવશ્યક તત્વો ધ્યાને લીધા.

(૧૫) કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, ક્રિમીનલ ટ્રાયલમાં ફરિયાદ પક્ષે પોતાનો કેસ ચોકકસ, વિશ્વસનીય અને સ્પષ્ટ પુરાવા રજૂ કરી, આરોપી વિરુદ્ધ ફરમાવેલ તહોતમનામા મુજબની હકીકતો નિઃશંકપણે પુરવાર કરવી પડે અને જો આરોપીના બચાવમાં કોઈ નિર્બળતા હોય તો તેનો લાભ ફરિયાદ પક્ષને મળી જતો નથી કે તેનાથી ફરિયાદ પક્ષના પુરાવાનો બોજો ઓછો થતો નથી અને જ્યાં સુધી આરોપી વિરુદ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીને નિર્દોષ માનવાનો રહે છે.

વધુમાં, કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે કેટલા સાહેદો

તપાસ્યા તે સાહેદોની સંખ્યા મહત્વની હોતી નથી, પરંતુ સાહેદ કેટલી હદેજ વિશ્વાસનિય છે તે મહત્વની હોય છે. વધુમાં સાક્ષીઓના પુરાવા નજીવી બાબત તફાવત હોય તે સ્વાભાવિક છે અને તેવા તફાવતનો લાભ આરોપીને મળે નહિ.

(૧૬) હાલના કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપી તા.૬/૧/૨૦૦૬ ના અરસામાં માળીયા હાટીના ગામના તલાટી ક્રમ મંત્રી તરીકે વર્ગ-૩ તરીકે રાજય સેવકનો હોદ્દો ધરાવતા હોય, અને ફરજ બજાવતા હોય, જેઓએ આ કામના ફરિયાદી જેઠસુરભાઈ લાખાભાઈ સીસોદીયા પાસેથી તેમની વારસાઈ એન્ટ્રીની અરજીના કામ સબંધે રૂપીયા ૨૫૦ ની માગણી કરતા, ફરિયાદીએ તા.૬/૧/૨૦૦૬ નારોજ એ. સી. બી. પોલીસ સ્ટેશન, જુનાગઢ આવી, શ્રી કે. કે. ભુતૈયા, પોલીસ ઈન્સ્પેકટર, એ. સી. બી., જુનાગઢ રૂબરૂ ફરિયાદ આપતા, જે આધારે પોલીસ ઈન્સ્પેકટર, એ. સી. બી., જુનાગઢે બે સરકારી પંચો બોલાવી, તા.૭/૧/૨૦૦૬ નારોજ આરોપીની ઓફિસે માળીયા હાટીના ગામે લાંચનું છટકુ ગોઠવતા, આરોપીની ઓફિસ આખો દિવસ બંધ રહેલ, અને આક્ષેપિત ન મળતા, આ લાંચનું છટકુ મુલત્વી રાખવામાં આવેલું. બાદ તા. ૧૦/૧/૨૦૦૬ નારોજ ફરિયાદીએ એ. સી. બી. પોલીસ સ્ટેશને આવી, શ્રી કે. કે. ભુતૈયા, પોલીસ ઈન્સ્પેકટર, જુનાગઢ રૂબરૂ વિશેષ ફરિયાદ આરોપી વિરૂધ્ધ આપતા, ઉપરોકત પંચો સાથે ફરિયાદી અને એ. સી. બી.ના સ્ટાફ સાથે આરોપીની કચેરીએ માળીયા હાટીના સ્થળે તા.૧૦/૧/૨૦૦૬ ના રોજ લાંચના છટકાનું આયોજન કલાક ૧૨-૦૫ વાગ્યે આરોપી ફરિયાદી પાસેથી પંચ નં. ૧ની હાજરીમાં વાતચિત કરી, માગણી કરી, લાંચની મુદાની રકમ રૂા.૨૫૦/- સ્વીકારી, તેમણે પહેરેલ શર્ટના ખિસ્સામાં મુકી દીધેલ, અને ફરિયાદીના સુચિત ઈશારે પંચ નં.૨નાએ એ. સી. બી. સ્ટાફના માણસો સાથે ટ્રેપ અધિકારી સાથે શ્રી ભુતૈયાએ રેઈડ કરતા, આરોપી પોતાના અંગત ફાયદા માટે પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી, પોતાના અંગત લાભ માટે લાંચની રકમ સ્વીકારી, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ-૭, ૧૩, (૧)(૩) તથા ૧૩(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે.

(૧૭) ઉપરોક્ત હકીકતો પુરવાર કરવા ફરિયાદ પક્ષે કુલ-૬ સાહેદો તપાસેલ છે. જેમાં એક પંચ સાહેદ, એક ફરિયાદી, ત્રણ પોલીસ સાહેદો તથા એક ફરિયાદ

પક્ષના અન્ય સાહેદ છે.

(૧૮) આ કામે આરોપી વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ–૭, ૧૩ (૧)(૩) તથા ૧૩(૨) મુજબ શિક્ષાપાત્ર ગુનાનો આક્ષેપ છે, જેથી સદર કલમ ધ્યાને લઈએ તો તે નીચે મુજબ છે.

*7. **Public servant taking gratification other than legal remuneration in respect of an official act**. – Whoever, being, or expecting to be a public servant, accepts or obtains or agrees to accept or attempts to obtain from any person, for himself or for any other person, any gratification whatever, other than legal remuneration, as a motive or reward for doing or forbearing to do any official act or for showing or forbearing to show, in the exercise of his official functions, favour or disfavour to any person or for rendering or attempting to render any service or disservice to any person, with the Central Government or any State Government or Parliament or the Legislature of any State or with any local authority, Corporation or Government company referred to in clause (c) of section 2 or with any public servant, whether named or otherwise, shall be punishable with imprisonment which shall be not less than six months but which may extend to five years and shall also be liable to fine.*

***Explanations**.– (a) "Expecting to be a public servant". If a person not expecting to be in office obtains a gratification by deceiving others into a belief that he is about to be in office and that he will then serve them, he may be guilty of cheating, but he is not guilty of the offence defined in this section.*

(b) "Gratification" the word "gratification" is not restricted to pecuniary gratifications or to gratifications estimable in money.

(c) "Legal remuneration" the words legal remuneration are not restricted to remuneration to which a public servant can lawfully demand, but include all remuneration which he is permitted by the Government or the organisation, which he serves, to accept.

(d) "A motive or reward for doing" A person who receives a gratification as a motive or reward for doing what he does not intend or is not in a position to do, or has not done, comes within this expression.

(e) Where a public servant induces a person erroneously to believe that his influence with the

Government has obtained a title for that person and thus induces that person to give the public servant, money or other gratification as a reward for this service, the public servant has committed an offence under this section.

*13. **Criminal misconduct by a Public servant**.– (1) A public servant is said to commit the offence of criminal misconduct,–*

(a) if he habitually accepts or obtains or agrees to accept or attempts to obtain from any person for himself or for any other person any gratification other than legal remuneration as a motive or reward such as is mentioned in section 7; or

(b) if he habitually accepts or obtains or agrees to accept or attempts to obtain for himself or for any other person, any valuable thing without consideration or for a consideration which he knows to be inadequate from any person whom he knows to have been, or to be, or to be likely to be concerned in any proceeding or business transacted or about to be transacted by him, or having any connection with the official functions of himself or of any public servant to whom he is

subordinate, or from any person whom he knows to be interested in or related to the person so concerned; or

(c) if he dishonestly misappropriates or otherwise converts for his own use any property entrusted to him or under his control as a public servant or allows any other person so to do; or

d) if he,–
(i) by corrupt or illegal means, obtains for himself or for any other person any valuable thing or pecuniary advantage; or

(ii) by abusing his position as a public servant, obtains for himself or for any other person any valuable thing or pecuniary advantage; or
(iii) while holding office as a public servant, obtains for any person any valuable thing or pecuniary advantage without any public interest; or

(e) if he or any person on his behalf, is in possession or has, at any time during the period of his office, been in possession for which the public servant cannot satisfactorily account, of pecuniary resources or property disproportionate to his known sources of income.

Explanation. – *For the purposes of this section, "known sources of income means income received from any lawful source and such receipt has been intimated in accordance with the provisions of any law, rules or orders for the time being applicable to a public servant.*

2. Any public servant who commits criminal misconduct shall be punishable with imprisonment for a term which shall be not less than one year but which may extend to seven years and shall also be liable to fine.

આમ, ઉપરોકત કલમ–૭ અને ૧૩માં જણાવેલ ગુનાહીત કૃત્યો બાબતે અનુમાનની જોગવાઈ સદર કાયદાની કલમ–૨૦ પ્રમાણે નીચે મુજબ છેઃ–

20. Presumption where public servant accepts gratification other than legal remuneration. *- (1) Where in any trial of an offence punishable under section 7 or section 11 or clause (a) or clause (b) of sub-section (1) of section 13 it is proved that an accused person has accepted or obtained or has agreed to accept or attempted to obtain for himself, or for any other person, any gratification (other than legal remuneration) or any valuable thing from any person it shall be presumed, unless the contrary is proved, that he accepted or obtained or agreed to accept or attempted to obtain that gratification or that valuable thing, as the case may be as a motive or reward such as is mentioned in section 7 or, as the case may be, without consideration or for a consideration which he knows to be inadequate.*

(2) Where in any trial of an offence punishable under section 12 or under clause (b) of section 14, it is proved that any gratification (other than legal remuneration) or any valuable thing has been given or offered to be given or attempted to be given by an accused person, it shall be

presumed, unless the contrary is proved, that he gave or offered to give or attempted to give that gratification or that valuable thing, as the case may be, as a motive or reward such as is mentioned in section 7, or, as the case may be, without consideration or for a consideration which he knows to be inadequate.

(3) Notwithstanding anything contained in sub-sections (1) and (2), the court may decline to draw the presumption referred to in either of the said sub-sections, if the gratification or thing aforesaid is, in its opinion, so trivial that no inference of corruption may fairly be drawn.

આમ, ઉપરોકત કલમો મુજબના ગુના પુરવાર કરવા ફરીયાદપક્ષે આરોપી દ્ધારા લાંચની માંગણીની હકીકત તથા તેવી લાંચની રકમ સ્વીકારની હકીકત તથા તે લાંચની રકમની રીકવરી આરોપી પાસેથી થયેલ હોવાની હકીકત પુરવાર કરવી પડે અને જો ફરીયાદપક્ષ આ ત્રણ હકીકતોમાંથી કોઇપણ હકીકત પુરવાર કરવા નિષ્ફળ જાય તો ફરીયાદપક્ષના કેસ ઉપર વ્યાજબી શંકા ઉપસ્થિત થાય જેનો લાભ આરોપીને મળે તેમ છે. વધુમાં જો આરોપી પાસેથી તેવી કોઇ લાંચની રકમની માંગણી તથા તે રકમ સ્વીકાર કરેલાનો પુરાવો અને રીકવરીના પુરાવો રજુ થાય તો ઉપરોકત જોગવાઇ વંચાણે લેતા સ્પષ્ટ છે કે તેવા સંજોગોમાં આરોપી વિરુઘ્ધ અનુમાન કરવાનુ રહે છે અને તેવા અનુમાનને આરોપીએ રીબર્ટ કરવાનુ રહે છે.

(૧૯) ઉપરોકત કાયદાકીય સ્થિતી સાથે બંને પક્ષકારોની રજૂઆત અને રેકોર્ડ ઉપર આવેલ પુરાવો જોઇએ તો, હાલના કામે ફરિયાદી ની જુબાની ઉપરથી એવી હકીકત રેકોર્ડ ઉપર આવેલ છે કે તેમના પિતાજી લાખાભાઈ ખીમાણભાઈ આજથી ૧૧ વર્ષ પહેલા સને : ૨૦૦૫ ની આસપાસ ગુજરી ગયેલા જેથી તેમના મરણની નોંધ કરાવી વારસાઈ એન્ટ્રી કરાવવા માળીયા હાટીનાના તલાટીમંત્રી રમણીકભાઈ જે આજરોજ કોર્ટમા હાજર છે તેમની પાસે તેઓ ગયેલ તથા તેઓએ તેમની વારસાઈ એન્ટી પડાવવાની તેમને વાત કરેલી. રમણીકભાઈએ આ એન્ટ્રી પાડવાના અઢીસો રૂપીયા થાય તેવુ તેમને કહેલ. આ અઢીસો રૂપીયા તેમણે તેમને આપવાના થશે તેવુ ફરીયાદીને જણાવેલુ. તેમની સામાન્ય સમજ મુજબ આ વારસાઈ એન્ટ્રી કરવા માટે આવા કોઈ પૈસા આપવાના થતા નથી તેવો તેમને ખ્યાલ અને સમજ હતી. તેથી તેઓએ જુનાગઢ લાંચ અને રૂશ્વત

વિભાગની ઓફીસમાં આ બાબતની રમણીકભાઈ વિરૂધ્ધ ફરિયાદ કરેલી.

ફરિયાદી આ કામે જે કારણ જણાવીને આરોપીએ તેઓની પાસેથી રૂા. ૨૫૦/– લાંચની રકમ તરીકેની માંગણી કરેલ હોવાનું જણાવે છે, તે સંદર્ભે રેકોર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાને લઇએ તો, આ કામે આંક–૫૧ વંચાણે લેતા એ સ્પષ્ટ છે કે, આ કામે ફરિયાદી/તેઓના ઘરના સભ્યો તરફે વારસાઇ અંગેની નોંધ કરાવવા તા.૦૬/૦૬/૨૦૦૫ ના રોજ અરજી આપવામાં આવેલ અને તે અરજીના અનુસંધાને તા.૧૦/૦૮/૨૦૦૫ ના રોજ રેવન્યું રેકોર્ડમાં નોંધ પડેલ અને જે નોંધ મામલતદારશ્રીનાઓએ તા.૧૩/૧૨/૨૦૦૫ ના રોજ પ્રમાણિત કરેલ છે.

આમ, સદર તારીખો ધ્યાને લેતા સ્પષ્ટ છે કે જે તારીખે ફરિયાદીએ આરોપીને રૂા.૨૫૦/– આપેલ એટલે કે, તા.૧૦/૦૧/૨૦૦૬ ના રોજ પહેલા જ વારસાઇ અંગેની નોંધ પડી ગયેલ હતી તેમજ તે નોંધ પ્રમાણિત પણ થઇ ગયેલ હતી. જેથી વારસાઇ અંગેની નોંધ પાડવા માટે તે રકમ મોટીવ હોવાનું ફલીત થતું નથી. તે સાથે આ હકીકત પણ નોંધપાત્ર છે કે, આરોપી વિરુદ્ધ આક્ષેપિત રકમમાં એવી રકમ મોટીવ અથવા તો રીવાર્ડ તરીકે હોઇ શકે. આમ, જો સરકારી કર્મચારી કામ થયા બાદ રીવાર્ડ તરીકે પણ કોઇ ગેરકાયદેસરની રકમની માંગણી કરે તો તે લાંચની એટલે કે ઈલીગલ ગ્રેટીફીકેશનની વ્યાખ્યામાં આવી જાય છે. આથી જ્યારે સ્પષ્ટ હકીકતો રેકોર્ડ ઉપર આવેલ હોય કે પૈસાની માંગણી કામ કરતા પહેલા માંગવામાં આવેલ નથી ત્યારે તે રકમ રીવાર્ડની રકમ છે કે કેમ તેની ચકાસણી કરવાનું રહે છે.

(૨૦) આથી રકમની માંગણી આરોપીએ ફરિયાદી પાસેથી ક્યાં શબ્દોમાં કરેલ તેનું વિશ્લેણ કરવાનું રહે છે. આ સંદર્ભે જોઇએ તો, ફરિયાદીએ પોતાની **આંક–૫૦ની** ફરિયાદમાં નીચે મુજબના શબ્દોમાં માંગણી અંગેની હકીકતો જણાવેલ છે. "*ગઇકાલ તા. ૦૫/૦૧/૨૦૦૬ ના રોજ હું આ અમારી વારસાઇ એન્ટ્રીની અરજી સબંધે માળીયા હાટીના તલાટી મંત્રી, કલોલભાઇને મળતા તેમણે મને કહેલ કે તમારું કામ પૂરૂ થઇ ગયેલ છે. તમારી એક સહી લેવાની છે. તેમ કહીને તેમની એટલે કે, કલોલાભાઇની સાથે બેસેલા*

બીજા ભાઈ જોશીભાઈને કલોલાભાઈ તલાટી મંત્રીએ પુછેલ કે આમને વહીવટની વાત કરી દીધી છે ને? તેથી જોશીભાઈએ કહેલ કે હા રૂા.૨૫૦/– ના વહીવટની વાત તેમને કરી દીધેલ છે. આ વખતે કલોલાભાઈ મંત્રીએ કહેલ કે બે કલાક જેવો સમય અમે કામમાં છીએ પછી તમારું કામ કરી નાંખીએ અને તમારી સહી લઈ લઉ. તેમ કહેતા મે આ તલાટી મંત્રી કલોલાભાઈને કહેલ કે મારે ગાંગેચા ગામે જવાનું છે. તેથી પછી આવીને રૂા.૨૫૦/– આપી જશઈ અને સહી કરી જઈશ. તેમ કહીને હું ત્યાંથી નીકળી ગયેલ હતો."

આમ, ફરિયાદીની આંક– ૫૦ ની ફરિયાદ વંચાણે લેતા, વહિવટની રકમ બાબતે આરોપીની કચેરીના જોષીભાઈ સાથે આરોપીની વાતચીત તેઓએ પોતાની ફરિયાદમાં જણાવેલ છે પરંતુ ફરિયાદી પાસેથી આરોપીની કચેરીના જોષીભાઈએ કે અન્ય કોઈએ કોઈ વહીવટ માટેની રકમ અંગે વાતચીત કરી કોઈ રકમની માંગણી કરેલ હોય તેવી કોઈ હકીકત પોતાની ફરિયાદમાં જણાવતા નથી. જો ફરિયાદીએ જણાવેલ વહીવટ અંગેની હકીકત ધ્યાને લઈએ તો તે આરોપીની કચેરીના જોષીભાઈ અને આરોપી વચ્ચેની વાતચીત હોય અને જોષીભાઈએ વહીવટની રકમ રૂા.૨૫૦/– અંગે વાત કરી દીધેલ હોવાનું જણાવવામાં આવેલ છે. પરંતુ જ્યારે ફરિયાાદી એવી કોઈ હકીકત જણાવતા જ નથી કે જોષીભાઈએ ફરિયાદી સાથે આવી કોઈ વાતચીત તે અગાઉ કરેલ હોય ત્યારે તે વહીવટની વાતચીત આરોપીના સંદર્ભે જ છે તે તારણ કાઢી શકાય નહિ. સ્વાભાવિક છે કે, જો ફરિયાદીએ જણાવેલ આ હકીકતો એમને એમ માની લઈએ તો આરોપી અને જોષીભાઈ વચ્ચેની જે વાતચીત છે તે આરોપીની ગેરહાજરીમાં જોષીભાઈએ કોઈ અન્યની સાથે વહીવટની વાતચીત કરેલ હોય તેમ લાગે છે. જેથી એમ માનવાને કારણ રહે છે કે, આ વહીવટ અંગેની વાત આરોપીએ કોઈ અન્ય સંદર્ભમાં જોષીભાઈ જોડે કરેલ છે. આમ, ફરિયાદીની ફરિયાદ વંચાણે લેતા, કોણે કોના મારફત ક્યારે કંઈ જગ્યાએ ફરીયાદીને રકમ અંગે સીધી વાતચીત કરેલ અને રકમની માંગણી કરેલ તે બાબતે સ્પષ્ટતા રેકોર્ડ ઉપર આવતી નથી.

વધુમાં જોઈએ તો, ફરિયાદીએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, "મારા *પિતાજી લાખાભાઈ ખીમાણભાઈ આજથી ૧૧ વર્ષ પહેલા સને ૨૦૦૫ ની આસપાસ ગુજરી ગયેલા જેથી તેમના મરણની નોંધ કરાવી વારસાઈ એન્ટ્રી કરાવવા માળીયા હાટીનાના તલાટીમંત્રી રમણીકભાઈ જે આજરોજ કોર્ટમા હાજર છે તેમની પાસે હું ગયેલો. તથા મે મારી વારસાઈ એન્ટી પડાવવાની તેમને વાત કરેલી. રમણીકભાઈએ આ*

એન્ટ્રી પાડવાના અઢીસો રૂપીયા થાય તેવુ મને કહેલ. આ અઢીસો રૂપીયા તેમણે મને આપવાના થશે તેવુ મને જણાવેલુ. ..... તેથી મે જુનાગઢ લાંચ અને રૂશ્વત વિભાગની ઓફીસમાં આ બાબતની રમણીકભાઇ વિરૂધ્ધ ફરીયાદ કરેલી."

આમ, ફરિયાદીની જુબાની વર્ષ ૨૦૧૬ માં નોંધાયેલ છે. જ્યારે તેઓએ વર્ષ ૨૦૦૬ માં ફરિયાદ આપેલ છે. ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદીએ આક્ષેપિત બનાવના તરતજ બાદ કરેલ ફરિયાદીના કથન ફરિયાદીની જુબાનીથી સાવ જુદુ પડે છે. કારણ કે ફરિયાદીની ફરિયાદમાં આ કામના આરોપીએ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ કોઇ રકમની સીધી માંગણી કરેલ હોય તેવી કોઇ હકીકત આવતી નથી. ઉલ્ટાનું ફરિયાદીની ફરિયાદથી ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ અન્ય કોઇ મારફતે પણ કોઇ રકમની માંગણી આરોપી પાસેથી કરેલ હોય તેવી પણ કોઇ સ્પષ્ટ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. જ્યારે પોતાની ૨૦૧૬ માં નોંધાયેલ જુબાનીમાં ફરિયાદીએ સાવ અલગ જ હકીકત જણાવે છે તેના ઉપરથી આરોપીએ તેઓની પાસેથી પૈસાની સીધી માંગણી કરેલ હોય તેવો અર્થ નીકળે છે.

વધુમાં ફરીયાદીએ પોતાની જુબાનીમાં એમ પણ જણાવેલ કે," *તા.૦૯–૦૧–૦૬ ના બપોરના અરસામાં મંત્રી સાહેબ મને મળેલા તથા એ વખતે માળીયાના તલાટીમંત્રી કલોલા અને જાનડી ગામના જોષી ભાઈ કે જે ઓફીસે બેસે છે તેઓ મને મળેલા. હું બહારગામ ગયેલો તેથી હવે તમે પૈસા લાવ્યા છો ? જો પૈસા લાવશો તો એન્ટ્રી પડી જાશે તેવુ કહેતા હું ફરી આ હકિકત લખાવવા વિશેષ હકીકત ફરીયાદ લખાવવા જુનાઢ ગયેલ અને પો.સ.ઈ. એ.સી.બી. જુનાગઢ રૂબરૂ આ વધારાની ફરીયાદ પણ લખાવેલી*"

ફરીયાદીએ જણાવેલ આ હકીકતો બાબતે જોઇએ તો ફરીયાદી આ બીજી વખત તેઓની પાસેથી લાંચની રકમની માંગણી કરવામાં આવેલ હોય તેવુ જણાવે છે. પરતુ તેઓના જ કથન મુજબ આ બીજી વખત મંત્રી સાહેબ તેઓને મળેલા પરંતુ ફરીયાદી એ સ્પષ્ટતા કરતા નથી કે જયારે તા.૯/૧/૦૬ ના રોજ તેઓ મંત્રી સાહેબને મળવા ગયેલ ન હતા તો કઇ જગ્યાએ અને કેટલા વાગે આરોપી અને જોષીભાઇ તેઓને મળેલા તેમજ આરોપી અને જોષીભાઇમાંથી કોણે ફરીયાદીને તે દીવસે પૈસા લાવવા માટે વાત કરેલ.

આ હકીકતો ધ્યાને લેતા, ફરિયાદીના પુરાવામાં તેઓ અલગ અલગ તબકકે અલગ અલગ કથન કરે છે. તેમજ તેઓના પુરાવામાં જરૂરી વિગતોનો અભાવ છે તથા તે

કથનો એકબીજાથી અલગ સંજોગો દશાવે છે ત્યારે તેઓના પુરાવાને સમર્થનકારી પુરાવાથી સમર્થન મળી રહે તેની જરૂર રહે છે.

(૨૧) સમર્થનકારી પુરાવા અન્વયે જોઇએ તો, આ કામે ટ્રેપ સમયે ફરિયાદી સાથે પંચ નં.૧ યુસુફભાઇ વલી મહમદ શેખનાઓ આરોપીની કચેરીમાં ગયેલ હતા તથા ફરિયાદ પક્ષના કેસ મુજબ આ પંચ નં.૧ ની હાજરીમાં ફરિયાદીએ આરોપીને લાંચની રકમ આપેલ, તે પંચ નં.૧ ની આંક–૭૦ની જુબાની વંચાણે લેતા તેઓએ આરોપીની કચેરીમાં ગયેલ તેને લગત નીચે મુજબની હકીકતો પોતાની જુબાનીમાં જણાવેલ છે.

"આ રીતે આક્ષેપીતની ઓફીસની આજુબાજુ પંચ નંબર–૨ તથા શ્રી ભુતૈયા તથા એ.સી.બી. પાર્ટીના કર્મચારીઓ સલામત રીતે આજુબાજુ ગોઠવાઈ ગયા બાદ અમો તથા ફરીયાદી શ્રી જેઠસુરભાઈ આક્ષેપીત શ્રી કલોલાભાઈની ઓફીસે જતાં તે ઓફીસનો દરવાજો કે જે મુખ્ય બજાર બાજુ પડે છે તેમાથી પ્રવેશ કરી અંદર ગયેલ હતા અને ત્યારબાદ આશરે કલાક ૧૨–૦૫મીનીટના સુમારે ફરીયાદી આક્ષેપીતની કચેરીના મુખ્ય બજાર તરફ પડતા દરવાજામાંથી બહાર ઓટલા ઉપર આવી સુચિત ઈશારો કરેલ.''

'' જે ઈશારો કરતાં ત્યાં ભુતૈયા સાહેબ અને તેમનો સ્ટાફ તથા પંચ નંબર–૨ ત્યા આવી ગયેલ. સાહેબે મને ત્યા આવીને પુછ્યું કે, પૈસા કયા રાખેલ છે તેથી મે જણાવેલ કે, આક્ષેપીતે તેના શર્ટના ઉપરના ખીસ્સામા રાખેલ છે. તેવું કહેતા સાહેબે આક્ષેપીતના ખીસ્સામાથી પૈસા કાઢયા અને ચેક કરવાનું તેમના સ્ટાફને કીધું. ચેક કરતા તે નોટો ઉપર આછા ગુલાબના ડાઘ–નિશાન જોવામા આવેલ. ત્યારબાદ સદર કબ્જે કરેલ નોટોનું અમારા રૂબરૂ પરીક્ષણ અને ચકાસણી કરી આગળની તપાસ અર્થે અમારી સહીવાળી કાપલી ચોડી એક કવરમાં શીલપેક કરી પોલીસે કબ્જે લીધેલ.

આમ, સદર પંચ સાહેદના પુરાવા વંચાણે લેતાં, એમ જણાઇ આવે છે કે તેઓ પૈસાની લેતીદેતીના સમયે આરોપીની કચેરીની બહાર ઉભેલ હતા. આ સાહેદે એવી પણ કોઇ હકીકત જણાવતા નથી કે આરોપીએ તેઓની સમક્ષ કોઇ કથન કરેલ હોય અને જે કથન ઉપરથી આરોપીએ માંગેલ રકમ લાંચની રકમ હોવાનું તારણ કાઢી શકાય. આમ, આ સાહેદના પુરાવા ઉપરથી આરોપીએ કયા શબ્દોમાં ફરીયાદી પાસેથી રકમની માંગણી કરેલ અને તે માંગણી ગેરકાયદેસર માંગણી હતી તે કહી શકાય નહી.

(૨૨) વધુમાં જોઇએ તો, આ કામે આંક–૭૧ વાળા પંચનામામાં જણાવેલ હકીકતો મુજબ આરોપીની કચેરીએ ટ્રેપ પહેલા આરોપી અને ફરિયાદી વચ્ચે થયેલ વાતચીત નીચે મુજબ છે.

'' બાદ ફરીયાદીશ્રી જેઠસુરભાઇએ તેઓ જે ખુરશી ઉપર બેઠા હતા તેની સામેના ટેબલ પાસેની ખુરસી ઉપર બેઠેલા હતા તેની સામેના ટેબલ પાસેની ખુરશી ઉપર બેઠેલા ભાઇને જેમણે ચશ્મા પહેરેલ હતા અને સફેદ લીટીવાળું આખી બાંયનું શર્ટ તથા ડાર્ક બ્લયુ કલરનું પેન્ટ પહેરેલ તેમને પુછેલ કે '' મારા વારસાઇ એન્ટ્રી સબંધેનું કામ થઇ ગયેલ છે કે કેમ? તેમ પુછતાં આ ટેબનલ ખુરશીમાં બેસેલ આ ચશ્માવાળાભાઇએ જણાવેલ કે સહી થઇ ગયેલ છે, તમારું કામ થઇ ગયેલ છે તમે ચોપડી લઇ આવેલ હોય તો એન્ટ્રી પાડી દઉં'' તો ફરીયાદીએ કહેલ કે '' હું ચોપડી લાવેલ નથી.''ત્યારબાદ આ ચશ્માવાળા સાહેબે પુછેલ કે પૈસા લઇ આવેલ છે કે કેમ? તેમ ફરીયાદીને પુછતાં ફરીયાદીએ કહેલ કે, હા હુ પૈસા લઇ આવેલ છું. તેમ કહી ફરીયાદીએ પોતે પહેરેલ શર્ટની ડાબીબાજુના છાતી ઉપરના ખીસ્સામાં રાખેલ ફીનોપ્થેલીન પાવડરવાળી મુદ્રાની ચલણી નોટ જમણા હાથે કાઢીને તેમની સામથે બેસેલ આ ચશ્મા પહેરેલ સાહેબને આપતાં તેમણે પોતાના જમણા હાથે આ મુદ્રાની નોટો લઇ પોતે પહેરેલ શર્ટના ડાબીબાજુના ખીસ્સામાં મુકી દીધેલ.''

આમ, જો પંચનામાની હકીકતો એમનેમ માની લેવામાં આવે તો પણ તેમાં જણાવેલ મુદ્રા/રકમ શેના માટેની હતી એટલે કે, તે ગેરકાયદેસરની માંગણીની હતી તે બાબતે સ્પષ્ટતા પંચનામામાં રેકોર્ડ ઉપર આવતી નથી. ખાસ કરીને કે જયારે ફરીયાદીની જમીનના વેરા તે અરસામાં રૂા.૨૩૦/– બાકી નીકળતા હતા.

આમ, આ કામે તપાસવામાં આવેલ પંચ નં.૧ ની જુબાની તથા આંક–૭૧ નું પંચનામું વંચાણે લેતા એ સ્પષ્ટ છે કે, આરોપીએ ફરિયાદી પાસે પૈસા લાવ્યાની હકીકત પુછે છે પરંતુ તે રકમ શેના માટે છે તે બાબત કોઇ શબ્દો આ પુરાવાઓમાં રેકોર્ડ ઉપર આવેલ નથી. એટલે કે, પંચ નં.૧ ની જુબાની તથા પંચનામા ઉપરથી આરોપીએ ફરિયાદીને પુછેલ પૈસા લાંચની જ રકમ હોય તેવું તારણ કાઢી શકાય નહિ.

વધુમાં જોઇએ તો, તેજ રીતે આ કામે આંક–૮૩ થી ટ્રેપલેઇંગ ઓફીસરશ્રી કિરીટકુમાર કરશનભાઇ ભુતૈયાને ફરિયાદ પક્ષે તપાસેલ છે. પરંતુ તેઓ પણ રકમની

લેતીદેતીના સમયે આરોપીની કચેરીની બહાર ઉભેલ હતા અને તેઓની સામે આરોપીએ કોઇ કથન કરેલ હોય કે એવા કોઇ કથન કરેલ હોય જેનાથી આરોપીએ માંગેલ રકમ લાંચની રકમ હોવાનું તારણ કાઢી શકાય તેવી કોઇ હકીકત રેકોર્ડ ઉપર આવતી નથી.

વધુમાં હાલના કામના અન્ય સાહેદોમાં આંક-૯૮ થી તપાસેલ તપાસ કરનાર અમદાર કાળુભાઇ ટપુભાઇ માંજરીયા કે જેઓ તપાસ કરનાર અમલદાર તરીકે ફરજ બજાવતા હતા જેમણે કેસની પ્રાથમિક તપાસ સંભાળી હતી. તેમની કામગીરીમાં તેમણે કેસ ડાયરી રાખવા અને વિવિધ પંચનામા તૈયાર કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. તેમની જુબાની તપાસની કાયદેસરતા સ્થાપિત કરવામાં મદદરૂપ છે. જોકે, તપાસ દરમિયાન મળેલી વિગતો મુજબ, વારસાઈ એન્ટ્રી પહેલેથી જ મંજૂર થઈ ગઈ હોવાનું રેકોર્ડ પર છે. આ હકીકત તપાસ અધિકારીની તપાસ કે 'કામ પેટે લાંચ લેવામાં આવી હતી' તેને નબળી પાડે છે, કારણ કે કામ પૂર્ણ થયા પછી માગણીનું કોઈ તાર્કિક કારણ જણાતું નથી.

વધુમાં ફરિયાદ પક્ષ દ્વારા આંક-૧૧૧ થી તપાસવામાં આવેલ સાહેદ દિનેશચંદ્ર નટવરલાલ મોદી કે જેઓ મહેસૂલ વિભાગના રેકોર્ડ અથવા વહીવટી પ્રક્રિયા સાથે સંકળાયેલા છે. તેમની જુબાની દ્વારા એ સાબિંત કરવાનો પ્રયાસ કરવામા આવ્યો છે કે આરોપી સરકારી કર્મચારી હતા અને તે સમયે તેમની સત્તાવાર ફરજો શું હતી. સદર સાહેદની ઉલટતપાસમાં બહાર આવ્યું છે કે વારસાઈ એન્ટ્રીની પ્રક્રિયામાં વિલંબ થયો ન હતો. આ સાહેદના પુરાવા પરથી એ સ્પષ્ટ થાય છે કે આરોપી પાસે ફરિયાદીનું કોઈ કામ પેન્ડિંગ નહોતું, જે બચાવ પક્ષની એ દલીલને સમર્થન આપે છે કે પકડાયેલી રકમ લાંચ નહીં પણ મહેસૂલી બાકી લેણાં હોઈ શકે છે.

વધુમાં ફરિયાદ પક્ષે દ્વારા આંક-૧૧૬ થી તપાસેલ તપાસ કરનાર અમલદાર દશરથસિંહ બહાદુરસિંહ ઝાલા કે જેઓએ તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરાવો જણાતા ચાર્જશીટ કરેલ છે. તેમણે તેમની કામગીરીમાં મુખ્યત્વે એસીબીના ઉચ્ચ અધિકારીઓ પાસેથી મંજૂરી મેળવવાની પ્રક્રિયાનીને સમર્થન કરેલ છે. જ્યારે તેમની ઉલટ તપાસ દરમિયાન ફરિયાદી જેઠસુરભાઈની જમીન પર લેણાં બાકી હોવાની વિગતો પંચનામામાં અને અન્ય દસ્તાવેજોમાં હોવાનું જણાય આવે છે. તપાસ કરનાર અમલદાર તરીકે તેમણે આ 'બાકી લેણાં'ના મુદ્દાનું યોગ્ય નિરાકરણ

કરેલ હોવાનું ફલીત થતું નથી. જે તપાસમાં રહી ગયેલી ક્ષતિ દર્શાવે છે.

આમ, ફરીયાદી જે રકમને લાંચની રકમ હોવાનું જણાવે છે, તે રકમ લાંચની રકમ હોવા બાબત ફરીયાદીના પુરાવાને કોઇ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળી આવતા નથી. આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ માત્ર ફરિયાદી એકલા જ આરોપી વિરુદ્ધ લાંચની રકમની માંગણીના આક્ષેપ કરેલ છે અને તેઓના રકમ બાબતે જણાવેલ હકીકત કે તે રકમ લાંચની રકમ હતી તેના સમર્થનમાં ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ કોઇ સમર્થનકારી પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં જો ફરિયાદીના પુરાવા ઉપર વિશ્વસનિયતા ધ્યાને લઇએ તો, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ અલગ અલગ સમયે ફરિયાદી અલગ અલગ કથન કરે છે. જેમ કે, ફરિયાદમાં ફરિયાદી વારસાઇ એન્ટ્રીની અરજી સબંધે માળીયા હાટીના તલાટી મંત્રી કલોલાભાઇને મળતા તેમણે તેને કહેલ કે તેમનું કામ પુરૂ થઇ ગયેલ છે. તેમની એક સહી લેવાની છે. તેમ કહીને તેમની એટલે કે કલોલાભાઇની સાથે બેસેલા બીજા ભાઇ જોષી ભાઇને કલોલાભાઇ તલાટી મંત્રીએ પુછલે કે તેમને વહીવટની વાત કરી દીધેલ છે ને? તેથી જોશીભાઇએ કહેલ કે હા રૂા.૨૫૦/– ના વહીવટની વાત તેમને કરી દીધેલ છે. તેમજ આ માળીયા હાટીના ગામના તલાટી મંત્રી શ્રી કલોલાભાઇ જાનડી ગામના પબ્લીકના માણસ જોશીભાઇને કામકાજ માટે સતત તેમની સાથે રાખે છે. આ જોશીભાઇ ઓફિસનું ઘણુ કામકાજ કરે છે. આ તલાટી મંત્રી કલોલભાઇ આ જોશીભાઇ દ્વારા દરેક પાસેથી લાંચના નાણા સ્વિકારે છે. તેઓની ફરિયાદમાં કોણે, ક્યારે, કેવી રીતે, ક્યાં લાંચની માંગણી કરેલ તેમજ આરોપીએ કે આરોપી વતી તેઓની કચેરીના જોષીભાઇએ આ ફરિયાદી પાસેથી સીધી કોઇ રકમની માંગણી કરેલ હોય તેવી કોઇ હકિકત પોતાની ફરિયાદમાં જણાવતા નથી અને તે ફરિયાદ ફરિયાદીના સૌપ્રથમ કથન કહી શકાય. પરંતુ તેનાથી વિરુદ્ધ ફરિયાદીએ પોતાની જુબાનીમાં આરોપીએ જેમ તેઓની પાસેથી સીધે પૈસાની માંગણી કરે હોય તેવી હકીકત જણાવે છે. પરંતુ આ હકીકત તેઓએ ફરિયાદમાં કેમ જણાવેલ નહિ તેની સ્પષ્ટતા કરતા નથી તેમજ પોતાની જુબાનીમાંની આ હકીકતમાં તેઓ તારીખ, સમય, સ્થળ વિગેરે કોઇ હકીકત જણાવતા નથી. આથી, ફરિયાદીએ જુબાનીમાં જણાવેલ આ હકીકતો તેઓના આફટર થોટ ગણાય એટલે કે, પાછળથી વિચારીને લખાવેલ હકીકત ગણાય અને તેવી આફટર થોટની હકીકતોના આધારે આરોપીને દોષીત ઠરાવી શકાય નહિ.

આ કામે બચાવ પક્ષનો બચાવ એવો છે કે, તે સમયે આશરે રૂા.૨૩૦/– થી રૂા.૨૫૦/– ફરિયાદીની મિલકતના વેરાના ભરવાના બાકી નિકળતા હતા અને જે સંદર્ભે આંક–૧૪૩ થી ચલણ તથા આંક–૧૪૪ થી વેરાની પહોચના પુરાવા રેકોર્ડ ઉપર આવેલ છે. જે વંચાણે લેતા, તે અરસામાં ફરિયાદીની મીલકતના વેરાના રૂા.૨૩૦/– ભરવાના બાકી નિકળતા હતા અને તે હકીકત ફરિયાદીએ જણાવેલ હકીકતો ઉપર વ્યાજબી શંકા ઉપજાવે છે.

સદર અન્ય સાહેદોના સમગ્ર પુરાવાથી તપાસમાં 'કામ પેટે લાંચ'ની માગણી સાબિત કરવા માટે જરૂરી એવો 'ઈરાદો' સ્પષ્ટ થતો નથી. ખાસ કરીને જ્યારે સરકારી રેકોર્ડ મુજબ વારસાઈની નોંધ ફરીયાદી આપ્યાના ઘણા મહીના પહેલા જ પડી ગયેલ હતી તથા આશરે એક મહિના પહેલા પ્રમાણિત પણ થઈ ગયેલ હતી અને મહેસૂલી બાકી લેણાંની વિગત રેકોર્ડ પર આવેલ હોય, ત્યારે આ સાહેદોના પુરાવા તથા દસ્તાવેજી પુરાવા ઉપરથી આરોપીને શંકાનો લાભ મળે તેમ છે.

વધુમાં જોઈએ તો આ કામે ફરીયાદ પક્ષે આંક– ૫૧ થી ૫૬ તથા આંક–૫૯ થી ૬૧ તથા આંક–૭૪ થી ૭૭ તથા આંક–૮૪ થી ૯૧ તથા આંક–૯૯ થી ૧૦૯ તથા આંક–૧૧૨ તથા આંક–૧૧૪, ૧૧૫ તથા ૧૧૭ થી ૧૨૪ તથા આંક–૧૨૮ થી ૧૪૪ થી રજુ કરેલ છે.

ઉપરોકત દસ્તાવેજો રેકર્ડ ઉપરના દસ્તાવેજો છે અથવા તો તપાસની કાર્યવાહીને લગત દસ્તાવેજો છે જે બાબતે પક્ષકારો વચ્ચે કોઈ તકરાર નથી જેથી તેની વધુ ચર્ચા કરતો નથી.

વધુમા જોઈએ તો ફરીયાદપક્ષે આંક–૯૨, ૯૩ તથા ૯૪ થી એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરેલ છે જે વંચાણે લેતા આરોપી પાસેથી રકમની રીકવરી થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

વધુમા જોઈએ તો ફરીયાદપક્ષે આંક–૧૧૩ થી પ્રોસીકયુશનની મંજુરીનો હુકમ રજુ છે જે મંજુરી બાબતે કોઈ વિશેષ તકરાર ન હોય તેની વધુ ચચા કરતો નથી.

(૨૩) બચાવ પક્ષ તરફે ગુજરાત રાજય વિ. રામજીભાઈ વાલજીભાઈ ગોહીલ, ૨૦૨૫ (૪) જી.એલ.આર.૩૦૫૭ ઉપર આધાર રાખવામાં આવે છે. અને તે કીસ્સામાં પણ સબસીડી અને ધિરાણને લગત લાંચની માંગણીની હકકતો હતી અને તેમાં જો એક જ

હકીકતનો બે અર્થઘટન થાય તો જે અર્થઘટન આરોપીની તરફેણમાં હોય તે જ માનવાનુ રહે છે તેવા સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે. વધુમાં બચાવ પક્ષે સુખરામ એસ.પાલ વિ. ગુજરાત રાજય, ૨૦૨૫ (૪) ૨૮૫૭ ઉપર આધાર રાખેલ છે અને તે કિસ્સામાં શેડો વિટનેસ ફરીયાદી અને આરોપી વચ્ચેની વાતચીત સાંભળી શકેલ ન હતા અને તેવા સંજોગોમાં ગુજરાત હાઈકોર્ટે ડીમાન્ડની હકીકતો પુરવાર થયેલ નથી તેમ માનેલ છે. વધુમાં બચાવ પક્ષે મહારાષ્ટ્ર રાજય વિ. રવિન્દ્ર જયરામ રનદીવ ૨૦૨૪ સીઆર એલ જે. ૩૬૦૯ ઉપર આધાર રાખેલ છે જેમા પણ ફરીયાદી અને શેડો પંચના પુરાવામાં એકરૂપતા ન હતી. જેનો લાભ બોમ્બે હાઇકોર્ટે આરોપીને આપેલ. વધુમાં બચાવ પક્ષે વેંકટ બાબુરાવ કેલવડ વિ. મહારાષ્ટ્રરાજય ૨૦૧૬ ઓલ એમ.આર. (ક્રિ) ૧૬૬૩ ઉપર આધાર રાખેલ છે. અને તે કીસ્સામાં પણ મ્યુનિસીપલના વેરાઓ બાકી હતા તેમજ પંચ સાહેદ સમક્ષ સ્પષ્ટ વાતાલાપ થયેલ ન હતો. જેથી આરોપીને શંકાનો લાભ નામ. બોમ્બે હાઈકોર્ટે આપેલો. વધુમાં આરોપી તરફે ગુજરાત રાજય વિ. ગોપાલભાઇ દેવજીભાઇ ગજેરા, ૨૦૧૪ (૧) જી.એલ.આર.૪૪૦ ઉપર આધાર રાખેલ છે અને તે કામે પણ વેરાની રકમ ભરવાના બાકી હોય અને તેની રીસીપ્ટ અને કાર્બન કોપી રેકડ પર આવેલ હોય તે સંજોગો ધ્યાને લઈ આરોપીને શંકાનો લાભ નામ. ગુજરાત હાઈકોર્ટે આપેલો. વધુમાં બચાવ પક્ષ તરફે ગુજરાત રાજય વિ. રઘુનાથ સિંહ નરપતસિંહ સોલંકી ક્રિ. અપીલ નં. ૮૭૧/૨૦૦૫ ઉપર આધાર રાખે છે જે કિસ્સામાં અગાઉ ફરીયાદીએ નકલ મેળવેલ હતા પરંતુ તે બાબત કોઈ હકીકત પોતાની ફરીયાદમાં જણાવેલ ન હતી.તેમજ પંચ સાહેદે પણ માંગણી અંગે કોઈ હકીકત જણાવેલ ન હતા અને તે કારણે નામ. હાઈકોર્ટે માંગણી પુરવાર થયેલ હોવાનુ માનેલ નહી. વધુમાં બચાવ પક્ષે બાબુલાલ હીરાલાલ ઉપાધ્યાય વિ. ગુજરાત રાજય, ક્રિ. અપીલ નં.૧૦૩૭/૨૦૦૪ ઉપર આધાર રાખે છે જેમાં રેવન્યુ રેકર્ડમાં નામની નોંધ અગાઉ પડી ગયેલ હોય જેથી ફરીયાદની હકીકત ખોટી પુરવાર થાય છે તે હકીકતો ધ્યાને લઈ આરોપીને નિર્દોષ ઠરાવવા હુકમ કરેલ છે. આ તમામ સિધ્ધાંતો હાલના કેસની હકીકતોમાં પુરેપુરી લાગુ પડે છે અને તે મુજબ આ કામે પણ લાંચની રકમની માંગણીની હકીકતો પુરવાર થયેલ નથી.

(૨૪) આમ, ઉપરોક્ત સમગ્ર પુરાવો જોતાં તથા કરેલ ચર્ચા ધ્યાને લેતાં, આ કામના આરોપી તા.૧૦/૧/૨૦૦૬ ના અરસામાં માળીયા હાટીના ગામના તલાટી ક્રમ

મંત્રી તરીકે વર્ગ–૩ તરીકે રાજય સેવકનો હોદ્દો ધરાવતા હોય, અને ફરજ બજાવતા હોય તે દિવસે તેઓએ ફરીયાદી પાસેથી રૂા. ૨૫૦ સ્વીકારેલ હોવાની તથા તે રકમ તેઓની પાસેથી રીકવર થયાની હકીકત પુરવાર થાય છે. પરંતુ તે રકમ ગેરકાયદેસરની માંગણી પેટેની હતી તે હકીકત ઉપર શંકા ઉપજે છે. કારણ કે આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદી અલગ અલગ તબકકે ગેરકાયદેસરની માંગણી બાબતે અલગ અલગ કથન કરે છે તથા તેઓના ગેરકાયદેસરની માંગણી બાબતેના પુરાવાને સમર્થનકારી પુરાવાથી સમર્થન મળતુ નથી. તેમજ તે અરસામાં ફરિયાદીની મીલકતના વેરાના રૂા.૨૩૦/– ભરવાના બાકી નિકળતા હતા તથા જે નોંધ માટે રકમની માંગણી અંગે તેઓ જણાવે છે તે ફરીયાદ આપ્યાના ઘણા સમય પહેલા જ તે નોંધ પડી ગયેલ હતી તથા પ્રમાણિત પણ થઇ ગયેલ હતી.

આમ, ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આ કામના ફરિયાદી જેઠસુરભાઈ લાખાભાઈ સીસોદીયા પાસેથી તેમની વારસાઈ એન્ટ્રીની અરજીના કામ સબંધે આરોપીએ રૂપીયા ૨૫૦ ની લાંચની માગણી કરેલ અને તેવી કોઇ લાંચની રકમ આરોપીએ સ્વીકારેલ હોય, તથા તેવી કોઇ લાંચની રકમની રીકવરી આરોપી પાસેથી થયેલ હોય અને તેમ કરી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ–૭, ૧૩, (૧)(૩) તથા ૧૩(૨) મુજબનો ગુનો કરેલ છે. આમ, આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો નિશંકપણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** આપી, **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

– આખરી હુકમ –

(૧) આ કામના આરોપી રમણીકભાઈ અરજણભાઈ કલોકા, રહે. માળીયા હાટીના, ઠે. રેલ્વે સ્ટેશનની પાસે, માધવનગર, તા.માળીયા હાટીના, જિ. જૂનાગઢનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮ (૧) અન્વયે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ–૭, ૧૩, (૧)(૩) તથા ૧૩(૨) મુજબના

શિક્ષાપાત્ર ગુનામાં પુરાવાઓના અભાવે શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ હુકમ સામે નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ અપીલ થવાના કિસ્સામાં તેની નોટિસ બજતાં, નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭ (એ) મુજબ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી રકમના જાત મુચરકા આ કોર્ટ સમક્ષ આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ સાતમી, માહે-મે, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મુ. કેશોદ
તા.૦૭/૦૫/૨૦૨૬
-ADM

(સંજય ધ્રુવકુમાર પાંડેય)
બીજા એડીશનલ સેશન્સ જજ,
કેશોદ.
જીજે૦૦૫૭૯